આવતી કાલનાં નાગરિકોનું માસિક
સંસ્થાપક રવિશંકર રાવળ - તંત્રી બચુભાઈ રાવત

કુમાર



રોમન સંસ્કૃતિનો હજી ઉદય પણ નહોતો થયો ત્યાર પહેલાં એટલે કે ઈ. સ. પૂર્વે ચોથી પાંચમી સદીમાં ઈટાલિની ઉત્તરે ઈટ્રુરિયા નામના પ્રદેશમાં ઈટ્રસ્કન નામે એક સંસ્કૃતિ જાહોજલાલ હતી. (એ કાળનાં કેટલાક પાત્રો સાથે તે સંસ્કૃતિ વિષે થોડો પરિચય અગાઉ ૪૧૮મા અંકમાં આવી ગયો છે.) એ સંસ્કૃતિનો એક ઉત્કૃષ્ટ કલાવશેષ તે આ Chimaera. ઈ. સ. ૧૫૫૩માં કાંસાનું આ શિલ્પ જ્યારે મળ્યું ત્યારે તેના બે પગ ખંડિત હતા. પરંતુ બેન્વેનુટો સેલિની નામના કલાકારે તેની મરામત કરી તેને ફરી ઊભું કરી દીધું. તથાપિ ઈટ્રસ્કન કળાનો આ વિશુદ્ધ નમૂનો ગણાય છે ને હાલ તે ફ્લૉરેન્સના સંગ્રહસ્થાનમાં છે. Chimaera એ હોમરના મત પ્રમાણે જ્વાળાઓ ઓકતો એક દૈવી વંશનો દૈત્ય હતો જે મુખભાગે શાર્દૂલ, પૂછડી તરફ સર્પ અને વચ્ચે અજ–બકરા જેવો હતો. કેટલાક લોકોને સજા કરવા સારુ ઍમિસોડૅરસ નામની દેવીએ તેને ઉછેરેલો. આ દેવી, ઇજિપ્તના પિરામિડ પાસેના સ્ફિંક્સ—નરશાર્દૂલની માતા ગણાય છે. તત્કાલીન ચિત્રો ને શિલ્પો તથા કૉરિન્થ, સિસ્યૉન વગેરે નગરના સિક્કાઓ પર આનું જે આલેખન ઘણીવાર જોવા મળે છે, તેમાં બકરાનું માથું સાપના મોંમાં પણ દર્શાવવામાં આવે છે.

વર્ષ ૩૯મું • અંક ૭મો
જુલાઈ ૧૯૫૯
સળંગ અંક
૪૨૭



કુમાર
જુલાઈ ૧૯૫૯
અંક ૪૨૭

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો


વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

વાચકો લખે છે......

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ જૂન અંકમાં શ્રી નટવરલાલ માલવીએ ગાયના ઘી અંગેના લેખમાં પૂર્વ આફ્રિકાની મસાઈ ટોળી કેવળ ગાયના દૂધ પર જ ગુજારો કરનારી છે એમ જણાવ્યું છે તે બરાબર નથી. ગાયનાં પ્રાણ ઉછેરતી ને લડાયક ગણાતી મસાઇ કોમનો મુખ્ય ખોરાક ગાયના તાજા દૂધ ઉપરાંત ગાયનું તાજું લોહી પણ છે! એ લોકો જીવતી ગાયની ધોરી નસ વીંધીને તાજું લોહી સીધેસીધું વાસણમાં લઈને પીએ છે.



નસનો ઘા રુઝાવવા તેના ઉપર વનસ્પતિ લગાડી દે છે. આ સાથે ફોટોગ્રાફ મોકલું છું.

(રાજકોટ) —કિશોર ગોહિલ

જૂનના કુમારમાં 'મૉડર્ન આર્ટ' ઉપરનો લેખ વાંચી સંતોષ થયો. હું અને મારા સાથી ચિત્રકાર મિત્રો ઘણા સમયથી હિન્દી ચિત્રકલાના ક્ષેત્રમાં થતા આધુનિક મનસ્વી પ્રયોગોની ચર્ચા કરતા હતા, અને કોઈ અધિકારી વિવેચક આ અવિચારી અનુકરણ સામે લાલબત્તી ધરે તો સારું એમ થયા કરતું હતું.

હિન્દી ચિત્રશૈલી તરફ ઉદાસીન બનીને પશ્ચિમની યથાર્થવાદી શૈલીનું અનુકરણ કરવા માટે એક સમયમાં આપણે રાજા રવિવર્માને વખોડતા હતા. જોકે તેમનાં ચિત્રોએ સામાન્ય જનતામાં સારી એવી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી; જ્યારે આજે સામાન્ય જનતાને મૂંઝવીને કલા-વિમુખ બનાવતી પશ્ચિમની ઉટપટાંગ આધુનિક શૈલીનું અનુકરણ કરતા આપણા કેટલાક ચિત્રકારોને આપણે નવીનતાના મોહમાં બિરદાવવા લાગ્યા છીએ; અને આપણે જોઈએ છીએ કે આપણા ઊગતા કલાકારોનો મોટો ભાગ આ વધારેપડતી સરળ અને બિનજવાબદાર આધુનિક શૈલી તરફ ઢળી રહ્યો છે. એમ થવાનું કારણ આધુનિક શૈલીનાં કોઇ પ્રાણવાન કલાતત્ત્વોની તેમને પ્રતીતિ થઇ છે એવું નથી, પરંતુ પ્રાચીન હિન્દી ચિત્રશૈલીઓમાંની એકાદ શૈલીમાં પણ સિદ્ધ થવા માટે રેખાંકન, સંયોજન અને રંગવિધાનનો સારો એવો અભ્યાસ નિષ્ઠાપૂર્વક કરવો પડે છે. એકાએક અવનીન્દ્રનાથ ઠાકુર, જામિની-રૉય કે અમૃતા-શેરગિલ જેવી મૌલિકતા પ્રાપ્ત કરવાનું શક્ય નથી; જ્યારે આધુનિક શૈલીમાં એવી કશી જ માથાકૂટ નથી, અને ચીવટપૂર્વકના અભ્યાસના અભાવે રહેતી બધી જ ત્રુટીઓ આધુનિક શૈલીમાં ખપી જાય છે; એટલું જ નહિ પણ આજકાલ તેવા પ્રયોગોને અપૂર્ણ પ્રયોગો ગણવાને બદલે સંપૂર્ણ કલાકૃતિઓનું સ્થાન મળવા લાગ્યું છે, તેમજ ૨૦૦૦રૂા. જેવી રકમનાં ઇનામ અને સુવર્ણચંદ્રકો પણ મળવા લાગ્યા છે. પરિણામે આપણા ઊગતા કલાકારો સ્વાભાવિકરીતે જ સસ્તી પ્રસિદ્ધિના મોહમાં એ તરફ ઢળવા લાગ્યા છે, અને માણસની સૌંદર્યપિપાસાને તૃપ્ત કરવાને બદલે ક્ષુબ્ધ કરી મૂકે તેવી વિચિત્ર, અગમ્ય ને કદરૂપી કલાકૃતિઓની વણઝાર શરૂ થઈ છે. આપણું આ કલા-પ્રસ્થાન આપણને વિકાસને માર્ગે લઇ જાય છે કે વિનાશને માર્ગે તે વિચારવાનો સમય હવે પાકી ગયો છે.

કલામાં નવીન પ્રયોગોને સ્થાન હોવું જોઇએ, પણ તેવા પ્રયોગોને અપૂર્ણ પ્રયોગો તરીકે જ મહત્ત્વ આપવું જોઈએ.

(રાજકોટ) —હેમતભાઈ મહેતા

કાલેલકરની 'જીવનસંસ્કૃતિ'ના પૃ. ૪૯ પર 'આર્ય સંગીત' નામના લેખમાં નીચે પ્રમાણે લખાણ છે: 'હૃદયના ભાવ વ્યક્ત કરવાની ઇચ્છાથી જ સંગીતની ઉત્પત્તિ થાય છે. તેથી પ્રથમ સંગીત કાવ્ય સાથે જ રહે છે; પણ જ્યારે ભાવના ઉત્કટ થઈ જાય છે ને ભાષાના શબ્દો તેને વ્યક્ત કરવા અસમર્થ નીવડે છે ત્યારે સંગીત સ્વતંત્રરીતે પોતાની શક્તિ અજમાવે છે. ઉપનિષદોમાં શંકાનિવૃત્તિ થયા પછી જ્યારે જ્યારે ઋષિઓને આત્મજ્ઞાન થાય છે ત્યારે હા ઉ ઉ ઉ વુ કરીને તેઓ ગાયછે. એવું વર્ણનછે.'

આધુનિક શૈલીની ચિત્રકળાને આ વક્તવ્ય લાગુ પાડી શકાય. જ્યારે અંતરના ભાવોને રંગ ને રેખામાં વ્યક્ત કરવા અશક્ય થઈ પડે છે ત્યારે કળાને રજૂ કરવાનું જે માધ્યમ રહે એ, ઉપરથી જડ લાગતી આધુનિક અસ્ફુટ કળા છે. જે અસ્ફુટ લાગવા છતાં બધું જ રજૂ કરતી હોય છે. 'લોકભોગ્ય કળા' અને આ 'મૉડર્ન આર્ટ' બંનેને અનુક્રમે 'હળવા સંગીત' અને 'શાસ્ત્રીય સંગીત' સાથે સરખાવી શકાય.

આ તો આદર્શ કળા અને સંગીતની વાત થઈ. બાકી રાગસંગીત કરતાં લોકસંગીત વધુ આવકાર પામે જ. તે પ્રમાણે લોકકળાનું છે. એટલે તો બન્ને આગળ 'લોક' શબ્દો લાગ્યા છે. અંતે એમ જ નક્કી કરી શકાય કે કળા (બધી જ)નાં જેમ બે પાસાં છે (આદર્શ અને લોક) તેમ એના દાતા અને જ્ઞાતાના યે બે વર્ગ હોવા ઘટે. તો જ બન્ને પોતપોતાના સ્થાને આદર પામે. પછી એકબીજાની યોગ્યતાની ટીકા ન થાય—જેમ આજકાલ થાય છે તેમ.

(મુંબાઇ) —રમેશચન્દ્ર શાહ

સામાન્યરીતે આધુનિક ચિત્રકલાને જાણનારાની સંખ્યા ઓછી છે; પણ કલાકાર અને કલાભોક્તા આ કલાને સમજાવવા અને સમજવા પ્રયત્ન કરે તો તે સંખ્યા વધી શકે. દા. ત. કલાકાર તેની કૃતિ સાથે તે ચિત્રની ખૂબી-ખામીનું લખાણ આપે, અને કલાભોક્તા કલાને સમજવા માટે તેનું મૂળભૂત (elementary) જ્ઞાન મેળવે, તો આધુનિક ચિત્રકલા સામેની ફરિયાદ દૂર થઈ થકે.

માનવીમાં નવું કરવાની અને ચાલુ રીતરિવાજ તથા શૈલીથી જુદું જ કરવાની વૃત્તિ છે. માનવીને કોઇ પણ જાતનાં બંધન જોઈતાં નથી. વહેતા ઝરણાનું પાણી શુદ્ધ રહે છે, નહિ કે બંધિયાર પાણી. તેવી જ રીતે બંધનથી મુક્ત અને વહેતી કલા પણ પ્રગતિ કરે છે.


જુદીજુદી કલામાં માનવીએ બંધન તોડવાના પ્રયોગ કર્યા છે. દા.ત. આપણા કવિ નાનાલાલે કવિતામાં છંદના બંધનને તોડીને કરેલો પ્રયોગ. હું આધુનિક ચિત્રકલાને એક આવો પ્રયોગ ગણું છું. આધુનિક ચિત્ર-કલા અને ઍકેડેમિકચિત્રકલા વચ્ચે નરસિંહ મહેતા કહે છે તેવો જ ભેદ છે:

'વેદ તો એમ વદે, શ્રુતિસ્મૃતિ સાખ દે,
કનક કુંડલ વિષે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં;
અંતે તો હેમનું હેમ હોયે.'

(સૂરત) —મધુસૂદન ના. વ્યાસ

(અનુસંધાન પૃષ્ઠ ૨૮૫ ઉપર)







ાળે : 'પંખી'—જલરંગી ચિત્ર, કાન્તિલાલ
ડાડ; ઉપર : 'રેલવે સ્ટેશન'—ત્વરિતાલેખન
ાથોગ્રાફ, શ્રીમતી લેખા (લિન્ડા) રાઠોડ;
મણી બાજુ : 'ખૂણો'—ઈ.૧૯૫૯ના મુંબાઈ
રાજ્ય કલાપ્રદર્શનમાં રૂ. ૧૦૦૦નું ઇનામ જીત-
નારું પ્રદ્યુમ્ન તન્નાનું ચિત્ર



કથકલી નૃત્ય · કલાકાર: શ્રીમતી પ્રભા બડગેલવાર (ભારત સંગીત સભાના સૌજન્યથી)

બપ્પોર

• ગાન •

અધખીડે નેન ન્યાળું!
વૈશાખનાં કોરાં આભ ઝરે કાંઇ ઝળાંઝળાં અંજવાળું!

તપતી વિજન સીમ, નહીં ક્યાંય કશી ય તે હિલચાલ,
ભમતાં કેવળ ઝાંઝવાં છળની ગૂંથતાં ઇન્દરજાળ,
ક્યાંક દીસે અમરાઇ લીલી, ક્યાંક ઝીલ ઝગે રઢિયાળું!—વૈ૦

આંહી ઝળુંબતા નીમ તળે બેઠાં ગાડરાં યે થઇ થીર,
હળવો ના કિલકાર, ઘટા મહીં જંપિયાં કાબર-કીર,
હું યે ખાઇ કરી છાંયમાં આકરી બપ્પોરની વેળ ગાળું!—વૈ૦

જમણે પડખે નાવલિયો પોઢ્યો મીઠડી નીંદરા લેત,
બચકારા દેઇદેઇ ધાવે ડાબે પે'લવે'લું મારું પેટ,
સુખનાં ઘેઘૂર ઘેન છાયે નેન, કેમ કરી હાય ખાળું!—વૈ૦

પ્રદ્યુમ્ન તન્ના

સાંભરે છે એ પલ

• ગાન •

હે પ્રિય, સાંભરે છે એ પલ!
હોઠના ફૂલે મલક્યું'તું જવ છલક્યું'તું તવ સ્મિતનું ઝાકળજલ : સાંભરે૦

પાંદડે પાંદડે ચાંદનીનાં તેજદીવા,
વાયરો સરે સોડ કલીની ગંધનાં રે ઘેન પીવા,
ઝૂમતી જતી રાત વીંટીને ગાન, હવાને નાજુક રે મલમલ : સાંભરે૦

એકબીજાના શ્વાસ પીધા અજીઠા,
સાવ અજાણ્યા વાયરે ડોલે ઉર અજંપા મીઠા,
વેણનો પડી જાય વાયુ તો ફરકે ધીમો અધરનો અંચલ : સાંભરે૦

જલઝરી જેમ વાદળી થાકે
નેણ ઝૂકે—જેમ કોઇ તરુની ડાળ જાણે ફળ પાકે.
પાછલી રાતના અજવાળે થાય જીવતી પાછી જિંદગીની હલચલ.
હે પ્રિય, સાંભરે છે એ પલ!—પ્રિય, સાંભરે છે પલપલ!

કનુ પટેલ

તું

• મિશ્ર •

તું વિરાટ,
તારે ન શું અહીંતહીં પણ ક્ષુદ્ર ઘાટ?
અતાગ તું અર્ણવ શી, ગભીર,
તારા ઉછાળા પણ શા અધીર!
ને છીછરાં જ્યાં તવ નીર...?

તું
હવા સમી ચંચલ, ને અદીઠ,
પલે પલે તો ય રહે સમીપ,
ને સપ્ત રંગો તુજ માંહિ લીન,
તો યે તું તો કેવલ રંગહીન!

તું હિમનો પહાડ,
જ્વાલામુખીનો પણ ભડ્ભડાટ
તારી નીચે! હું તુજમાંહિ લુપ્ત,
કોલાહલે જેમ રહેલ શબ્દ,
ને તો ય કેવો તુજથી અલિપ્ત!

સિંચાતું તું વારિ, વળી તું પૂર,
તું આંધી, ને તું જ સમીરસૂર!
મ્હોરા સમી નાગણના પ્રસારે
લે ઝેર ચૂસી તું ક્વચિત્ ઉગારે!
દિશા બને પ્રેરક તું કદીક,
પ્રેરાઈ જાતી બની દૃષ્ટિ ક્યાંક!
યુગો યુગોથી તુજને પ્રમાણી,
તું કિંતુ કાલાન્તરથી અજાણી!
...તારી નહિ કોઇ ભાત,
હે માનવજાત!...

ભાનુપ્રસાદ ત્રિવેદી

અજાણ્યુ!

એવો અજાણ્યો હું હવે
કે ગામનું યે કૂતરું જોઇ ભસે!

ચિનુ મોદી

સંઘશક્તિ

• પૃથ્વી •

સ્ફુલિંગ બનીને દવાગ્નિ વનનાં વનો બાળતો!
પ્રવાત થઇ લ્હેરખી મૃદુલ શૃંગ ઉચ્ચાલતી!
લવાંબુ વિકસી પુરશ્રી થઇ પ્રાવૃષે ક્ષાલતી
ગિરીન્દ્રતટ ઓઘ લૂણ જયમ ભેખડો ગાળતો!

નિસર્ગ તણી શક્તિઓ પ્રગટગૂઢ કો કીમિયે
સદા બદલતી રહે પૃથિવીપૃષ્ઠ કેરું સ્તર,
તરંગવત ફૂટતા જલધિને જલે ડુંગર,
તટસ્થ ચિરયોગી શૈલ જલમાં સમાધિ લિયે!

વ્યવસ્થિત મહાસમૂહગત વ્યક્તિની શક્તિઓ
નિસર્ગતણું ધારતી અવર રૂપ ઐશ્વર્ય ન?
સમૂહશ્રમથી રુરુ પુલકતું કૃષિથી રણ,
નિબિડવગડે પડે પગથી ને વસે વસ્તીઓ!

સહસ્રશીરષા સહસ્રકર સંઘનો પૂરુષ
સૃજે ય વિસૃજે પીધેલ મધુ જિંદગીનો વૃષ!

ઉશનસ્

નેડો

• ગાન •

કિરણ કિરણમાં લ્હાય, છતાં છૂટે નવ નેડો
થલથલ રે આ ઝળળઝળળ લહેરાય તિહારો અગનપછેડો.

ચરણ પડે ત્યાં દાહ, ચાહની વિકટ કશી પગદંડી!
ક્યાંય વિસામો નહીં, રાહમાં નહિ જંગલ, નહિ મંડી;
તગતગતા આ તેજરણે તરતો નજરૂંનો બેડો—થલથલ૦

ભોંય ઢળ્યાં છે વિહગ, ગગન પર ચડી ગયાં રે ઝરણાં,
મનના પ્યાસી મીનને કાજે મૃગજળ ઢૂંઢે હરણાં;
મળ્યા પછી મેલાય નહીં આ ચિરભ્રમણાનો કેડો—થલથલ૦

હરીન્દ્ર દવે

કોણ

• ગાન •

મધરાતે જાગીને જોઉં છું,
કોણ મારી નીંદરનું ચોર?
અંધારે આંગણિયે મરકે છે, એ જ, એ જ,
લીલૂડા લીમડાનો મ્હોર! કોણ૦

વ્હેલી સવાર ન્હોતા પરખાયા,
કેમ રહ્યા ભર રે બપોર એ અજાણ?
નમતી મેં સાંજ હતી ગાળી રે બ્હાર,
હવે મધરાતે માણું છું લ્હાણ!
થાય રગરગમાં ધીમો કલશોર! કોણ૦

અધબીડી આંખ મહીં અરધેરાં ઘેન,
તો ય અંતરમાં ફરકે છે નૂર;
બારીની બ્હાર જાય તારા-વણઝાર,
બીન બજવે છે કોઇ દૂરદૂર;
મને બાંધે છે શમણાંનો દોર! કોણ૦

હસિત બૂચ

નંબર

• પરંપરિત હરિગીત •

રસ્તે જતાં કો ક્લાસ-મેઇટ મળી ગયો.
ને આપ-લે ત્યાં નંબરોની
મુખ થકી થૈ ગૈ કશી;
ને મન મહીં થ્યું કે 'લખું'.
ખિસ્સા મહીં કાગળ-અછતને ગોપવા
ત્યાં રૂપિયાની નોટ જે
ખિસ્સા બહારે ડોકિયું કરતી હતી.
તે નોટની કોરી જગાએ મેં લખ્યો
નંબર પરીક્ષાનો તહીં.
ને દૂર સીટી વાગતી પોલીસની,
'નંબર લખો છો? નામ શું?'

કંદર્પ ઓઝા

આજે તો દંતકથાના પાત્ર જેવી લોકપ્રિયતા



પ્રસંગ: પ્રથમ અખિલ ભારતીય નૃત્ય-પરિષદ; સ્થળ: વિજ્ઞાન-ભવન નવી દિલ્હી, 'જી' એરકન્ડિશન્ડ કમિશન ખંડ, બીજો મજલો; સમય: તા. ૧લી એપ્રિલ '૫૮, બપોરના ત્રણ. બેઠક બીજી. શ્રોતાઓ, વક્તાઓ, દર્શકો, તજ્જ્ઞો અને વિવેચકો આદિથી સભાખંડ ચિક્કાર છે. વ્યાસપીઠ પાસે બાંધેલા ઊંચા મંચ પર જમણે ખૂણે વાદકો બેઠા છે.

સવારની પહેલી બેઠક લગભગ દોઢ-બે વાગ્યે પૂરી થઈ ત્યારે જાણેલું કે બપોરે શ્રીમતી બાલાસરસ્વતી પ્રવચનને અંતે 'અભિનય-પદ' રજૂ કરવાનાં છે. છેક નાનપણથી આ ખ્યાતનામ કલાકાર વિષે કેટલું યે સાંભળેલું; એટલે પ્રથમ વાર જ,—આજે તો દંતકથાના પાત્ર જેવી (લીજેન્ડરી) લોકપ્રિયતા પ્રાપ્ત કરી ચૂકેલાં—આ નૃત્યાંગનાનાં નૃત્યો જોવા મળશે તેવું જાણ્યું ત્યારથી મારી ઉત્કંઠાનો પાર ન રહ્યો. ડૉ. રાઘવન્‌નું 'ઉપરૂપક' વિષય પરનું વ્યાખ્યાન પૂરું થયું અને જમણે ખૂણે સ્ટેજ પર વાદકો સાથે બેઠેલાં શ્રીમતી બાલાસરસ્વતી, ભરતનાટ્ય નૃત્યની પ્રાથમિક ભૂમિકામાં, સ્વસ્થરીતે કમ્મરે હાથ ટેકવી સ્ટેજ વચ્ચે આવીને ઊભાં રહ્યાં. કાળી ચોળી, કેસરી રંગની સાડી અને હાથે કંકણ, એટલી જ વેશભૂષા. મંજીરાંની જોડ રણકી ઊઠી, મૃદંગ પર થાપ પડી ને હલકભર્યા સ્વરે એમણે ગીત ઉપાડ્યું: 'કૃષ્ણાને બેગને બારો!...'

સભાખંડમાં જાણે આનંદ અને આશ્ચર્યની લહર ફરી વળી. સાધારણતઃ નૃત્ય દરમ્યાન પોતે પદ ગાતાં નથી, એટલે આજે તો માત્ર નૃત્ય જ નહિ, એમના સૂરીલા કંઠનો પણ પરિચય પામતાં પ્રેક્ષકોનાં હૈયાં આંખમાં આવીને બેઠાં!

'...બેગને બારો! કિન્ મુખવન તોરો
કૃષ્ણાને બેગને બારો!'

"હે કૃષ્ણ! આવ! વેગે આવ! તારા નૂપુરના ઝંકાર હું સર્વત્ર સાંભળું છું! હે ઘનશ્યામ! મારાં આ મુગ્ધ નેત્રદ્વય સન્મુખ નર્તતો તું આવ! તારાં કર્ણકુંડળ તેજકિરણો વડે ઝળકી રહ્યાં છે. તારી કોમળ કરાંગુલિઓ પર ઝળહળતી મુદ્રિકાઓ, ગળે શોભતી વૈજયંતીમાલા, કેડે કંદોરો, ચંદનઅર્ચિત તારું અંગ અને સ્વર્ગીય સૂરોની ધારા વહાવતી તારી મોરલી—એ તારું રૂપ હું નીરખ્યા જ કરું... ઓ કાન! હવે વાર ન કર!

યાદ છે? એક વાર યશોદાએ તને માટી ખાતાં પકડેલો? અને રોષે ભરાઈ તને શિક્ષા કરી કહેલું: 'દુત્તા! ઊઘાડ તારું મોં! મારે જોવું છે કે તેં માટી ખાધી છે કે નહિ?' અને ભલા, તેં મોં ખોલ્યું ત્યારે એણે શું દીઠું? ત્રણેય ભુવનોનાં રહસ્ય એણે એમાં જોયાં! ઓ જગદોદ્ધારક! આવ! રે કૃષ્ણ!... કૃષ્ણાને બેગને બારો!"

આ ગાનના આધારે અભિનયની મોહન-સૃષ્ટિ આકાર લેવા લાગી: પીત વસનધારી, ગળે વૈજયંતીમાલા, કર્ણે કુંડળ, હાથે કંકણ, કેડે કંદોરો ને પગમાં નૂપુર વગેરેથી શોભતા, નર્તતા, ખેલતા કાનનાં તોફાન શરૂ થયાં! ભૂમિ પર ઘૂંટણિયા ભરતા, ચારે બાજુ ચોરીછૂપીથી જોઈ સાવધાનીપૂર્વક, કોઈ જોતું તો નથી એવું ખાત્રીપૂર્વક માની, નટખટે માટીની મુઠ્ઠી ભરીને મોંમાં ઓરી. અને યશોદાએ પડકાર્યો એટલે ભોળું મોં કરી, હોઠ ચીપી, હાથ કમર પાછળ ભેરવી, નેત્ર દ્વારા કહેવા લાગ્યો: 'મા! મેં તો માટી નથી ખાધી!' પણ યશોદાએ ન માન્યું. ને જ્યારે મોં ખોલી કૃષ્ણે એને ત્રણે ભુવનો દર્શાવ્યાં ત્યારે આ જગદોદ્ધારક પુત્રને પામી માનું હૃદય કૃતજ્ઞભાવે ગદ્‌ગદ બન્યું!

—અને પછી આ પ્રખ્યાત કન્નડ પદનાં 'જગદોદ્ધારક' ચરણનાં વિવિધ અભિનય-ભાવાંતરોની મોહક લીલા શરૂ થઇ. કેવા એ જગદોદ્ધારક? ભર દરબારે કૌરવોએ, પાંચાલીનાં ચીર હરીને દ્યુતમાં સર્વસ્વ હારી બેઠેલા પાંડવોની ક્રૂર વિટંબના કરવાનું ધાર્યું ત્યારે દ્રૌપદીએ આર્તનાદે ધા નાખી 'હે જગદોદ્ધારક!'; અને કૃષ્ણે ચીર પૂરાં પાડી લાજ રાખી ત્યારે કૃતજ્ઞતાથી ગદ્‌ગદ્ થઈ દ્રુપદતનયાએ અશ્રુપૂર્ણ ઉદ્‌ગાર કર્યો: 'હે જગદોદ્ધારક!' બન્ને પરિસ્થિતિમાં ઉચ્ચારાએલી નૃત્યકુશળ આ કલાધાત્રીની વાણીએ દર્શકોનાં હૃદય ભેદ્યાં! મારી આંખમાં તો પાણી ભરાઈ આવ્યાં. જોઉં છું તો મારી બાજુમાં બેઠેલાં મિનિસ્ટ્રી ઑવ એડ્યુકેશનના કલ્ચરલ ડિવિઝનનાં સદસ્ય શ્રીમતી કપિલા વાત્સ્યાયનની આંખમાંથી પણ ખળખળ આંસુ વહી રહ્યાં હતાં! દર્શકો જાણે આવા અદ્‌ભુત પ્રયોગના દર્શનથી ઉપજેલા આનંદને હૃદયમાં સમાવી શકતાં નહોતાં. જાણે સૌ સ્તબ્ધ બની ગયાં હતાં. આવા ઉત્કૃષ્ટ પ્રયોગને કઇ રીતે વધાવી લેવો તે ય તે સમજી શક્યા નહિ. થોડે દૂર 'કથક' નૃત્યના પુરસ્કર્તા અને ગુરુ શંભુ મહારાજ બેઠા હતા. ભાવાવેશમાં તેઓ પણ 'વાહ વાહ' બોલી ઊઠયા ને બીજા પ્રયોગ માટે ફરમાયશ કરવા લાગ્યા: 'મા! બહોત ખૂબ! બહોત ખૂબ!'—ને પછી ગદ્‌ગદ્ થઈ ગયા! પોતે પણ કથકના 'ગત' ભાવઅભિનયના ઉચ્ચકક્ષાના પ્રદર્શક છે, એટલે આ બે મહાન કલાકારોના એકબીજા પ્રત્યેના આદરને અમે સૌ સાનંદાશ્ચર્ય આમ વ્યક્ત થતો જોઇ રહ્યા! સૌની પ્રશંસા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી, મસ્તક નમાવી નમસ્કાર કરી, શ્રીમતી બાલાસરસ્વતી પાછાં વાદકો વચ્ચે જઇને બેઠાં!

ભાવસૃષ્ટિનાં શ્રેષ્ઠ પ્રદર્શક નૃત્યરાજ્ઞી બાલાસરસ્વતીનું કૌશલ આવાં પદનાં અભિનય-ભાવાંતરમાં ઊંચી કોટિની પ્રતિભાની ઝાંખી કરાવે છે. ભરતનાટ્ય-નૃત્ય-કાર્યક્રમના ઉત્તરાર્ધમાં આવતા 'પદમ્' વિભાગમાં અભિનયનું વિશેષ પ્રાધાન્ય હોય છે. અને ત્યારે કલાકારને પોતાનાં આગવાં અને સ્વયંસ્ફૂર્ત ભાવાંતરો (spontaneous improvisation) રજૂ કરવાની ઉત્તમ તક સાંપડે છે. અભિનયકૌશલને સોળે કલાએ ખીલવવાનું ઉત્તમ વાહન એ 'પદ' બની રહે છે. દર્શકોનાં ચિત્તમાં ઉચ્ચ

બાલાસરસ્વતી

પ્રાપ્ત કરી ચૂકેલાં ભાવસૃષ્ટિનાં શ્રેષ્ઠ પ્રદર્શક નૃત્યરાજ્ઞી

લેખક
સુનીલ કોઠારી

પ્રકારના આંતરિક સંવેદનનું અને સંક્ષોભના પ્રત્યાઘાતોનું પ્રગટીકરણ સંક્રાન્ત કરવાનું અભિનય-પદ માટે અત્યંત આવશ્યક હોય છે. અને એ ક્ષેત્રે બાલાસરસ્વતીનું સ્થાન નિઃશંક 'અજોડ' છે.

પણ આ સિદ્ધિ એમને આકસ્મિક રીતે સાંપડી નથી. એ માટે એમણે કરેલી સાધનાનો ઇતિહાસ એટલો જ પ્રેરક અને સ્તુત્ય છે.

દક્ષિણ ભારતમાં કર્ણાટકી સંગીતનાં પુરસ્કર્તા અને સંરક્ષક કુટુંબોમાં બાલા સરસ્વતીના કુટુંબનું આગળપડતું સ્થાન છે. મૂળે માતા-પિતા તો તાંજોરનાં, પણ પાછળથી મદ્રાસ ખાતે જઈ વસેલાં. ભરતનાટ્ય નૃત્યપ્રકારની જાળવણીમાં દેવદાસી વર્ગે જે અત્યંત મહત્ત્વનો ફાળો આપ્યો છે તે વર્ગના સંસ્કારી કુટુંબમાં, મદ્રાસમાં ઈ. ૧૯૧૮માં બાલા સરસ્વતીનો જન્મ થયો, એ નૃત્યજગત માટે આશીર્વાદ સમી ઘટના ગણાવી શકાય. કલાની ઉપાસના જ જ્યાં જીવનધર્મ ગણાયો છે એ કુટુંબમાં જન્મી, દેવદાસી વર્ગની બેનમૂન નૃત્યકલાના પેઢીધર વારસાનાં બાલાસરસ્વતી ઉત્તરાધિકારી બન્યાં. માતા જયમ્મા દક્ષિણ ભારતનાં શ્રેષ્ઠ ગાયિકા, અને માતામહી વીણા-ધનમ્માલ તો શ્રેષ્ઠ વીણાવાદક! માત્ર વીણાવાદનમાં જ એમણે અદ્વિતીય કીર્તિ પ્રાપ્ત નહોતી કરી, એવી જ ખ્યાતિ વિદ્વાન સંગીતજ્ઞ તરીકે પણ વીણા ધનમ્માલે સંપાદિત કરી હતી. માતા જયમ્માની ગણના આજે પણ ઉચ્ચ કોટિની ગાયિકા તરીકે અને સંગીતનું ઊંડું જ્ઞાન ધરાવનાર આદરણીય વ્યક્તિ તરીકે થાય છે. અન્ય સંગીતશાસ્ત્રીઓ પણ નથી જાણતા તેવાં પદ, જાવલી અને કીર્તનોની કેટલીક જૂજ ચીજો જયમ્મા જાણે છે. આ બધું વીણાધનમ્ પાસેથી જયમ્માને વારસામાં મળેલું. અને એ જયમ્માની માતામહી પણ સંગીતનાં સારાં જાણકાર હતાં. આમ એ કુટુંબમાં પેઢી દર પેઢી સંગીતનું ઉચ્ચ કક્ષાનું જ્ઞાન વારસામાં સૌને મળ્યા કર્યું છે. એમનું ઘર એકકાળે કર્ણાટકી સંગીતના ધુરંધરો અને વિદ્વદ્વરો, પંડિતો અને શાસ્ત્રીઓનું જાણે મિલનસ્થાન હતું. નાતજાત કે વર્ગનાં કશાં બંધનો આ જ્ઞાનપિપાસુઓને નડતાં નહિ. ભલભલા પંડિતો માન મૂકી વીણા-ધનમ્ સાથે સંગીતની ખૂબીઓની ચર્ચા કરતા ને પોતાની ગૂંચોના ઉકેલ મેળવતા. કડક શિસ્ત અને પરંપરાગત શૈલીની સંગીતશિક્ષા એ આ કુટુંબની વિશિષ્ટ કીર્તિનાં દ્યોતક છે.

તે કાળે પણ ભરતનાટ્ય નૃત્યની બૂરી દશા હતી. લોકો એને દેવદાસી વર્ગનું હીન કોટિનું નૃત્ય ગણતા; કારણ જે નૃત્ય-સાધના પ્રભુ-ભક્તિ અર્થે હતી તેનો લોકોના મનોરંજન માટે ઉપયોગ કરી ગણિકા-ધર્મ અપનાવીને દેવદાસીઓએ આ કલાની ભારે વિડંબના પણ કરી હતી. વળી ગણિકા-ધર્મ આચરતા વર્ગ પ્રત્યે ભદ્ર સમાજમાં કોઈ પ્રકારની સહાનુભૂતિ સંભવી શકે નહિ; અને કાળે કરીને ભરતનાટ્ય નૃત્ય માત્ર આ વર્ગની સ્ત્રીઓ જ શીખતી રહી, એથી સમાજમાં એ નૃત્ય પરત્વે લોકો સૂગથી જોતા. બાલાસરસ્વતીનું કુટુંબ તો ઉચ્ચ સંસ્કારવાળું ને કલા-સાધના કરનાર કુટુંબોમાંનું હતું, છતાં ખુદ એ જ કુટુંબનાં સૌએ બાલા નૃત્ય શીખે એ સામે ભારે વિરોધ પ્રગટ કરેલો! પણ માતા જયમ્માએ દૃઢ નિર્ધાર કર્યો હતો, એ કલા પારખુ જનેતાએ પુત્રીની શક્તિઓ પીછી હતી; એટલે માત્ર ચાર વર્ષની વયથી જ બાલાસરસ્વતીની ભરતનાટ્ય નૃત્યની શિક્ષાનો પ્રારંભ થયો.

તાંજોરના રાજા સરફોજીના સમયમાં (ઈ.સ. ૧૭૯૮–૧૮૨૪) ચાર પ્રખ્યાત ભાઇઓ થઇ ગયા. આજના વર્તમાન ભરતનાટ્ય સ્વરૂપનું શ્રેય એઓને ઘટે છે. તે ચાર ભાઇઓ ચિન્નયા, પોન્નયા, શિવનન્દમ્ અને વાડીવેળુ. ચારે ભાઈઓ સંગીતજ્ઞ અને નૃત્યના ઊંડા જાણકાર. એમના વંશજ શ્રી કંડપ્પા પિલ્લૈ એ બાલાસરસ્વતીના પ્રથમ ગુરુ. સદ્ગત શ્રી કંડપ્પા છેલ્લેછેલ્લે શ્રી ઉદયશંકરે આલમોડામાં શરૂ કરેલા 'કલાકેન્દ્ર'માં હતા. ત્યાંથી ૧૯૪૧માં પાછા ફરતાં બીમાર પડ્યા અને ઝાઝું જીવી શક્યા નહિ. ભરતનાટ્યના નૃત્યાચાર્યોમાં એમનું સ્થાન ઘણું આદરણીય હતું. પન્ડનલ્લુરના સ્વ. વિદ્વાન મિનાક્ષીસુંદર પિલ્લૈના એ સંબંધી થાય. આજે તો ભરતનાટ્ય-નૃત્યપ્રકાર એના મૂળ-સ્વરૂપમાં-અવિશૃંખલ અનવદ્ય સ્વરૂપમાં જળવાયો નથી. કોઈ ગુરુ-ઓએ એ પ્રકારના 'અભિનય' અંગને પ્રાધાન્ય આપ્યું, તો કોઇ ગુરુ-ઓએ 'નૃત્ત' વિભાગને. અને આમ, જુદીજુદી શાખાઓ અસ્તિત્વમાં આવી. સમય જતાં, ને આજે તો એ ગુરુઓનાં નામો સાથે એ શાખાઓ સંકળાઇ છે. જેમકે શ્રીમતી રુકિમણીદેવી એરુંડેલ તેમજ શ્રીમતી મૃણાલિની સારાભાઇ વગેરે કલાકારોએ પન્ડનલ્લુરના સ્વ. વિદ્વાન મિનાક્ષીસુંદર પીલ્લૈ પાસે નૃત્ય-શિક્ષણ લીધેલું એથી એઓનાં નૃત્યો પન્ડનલ્લુર શાખાનાં નૃત્યો ગણાય. તેવી રીતે બાલાસરસ્વતી-નાં નૃત્યો કડપ્પા શાખાનાં ગણાવી શકાય.

શુદ્ધ 'નૃત્ય' તેમજ 'નૃત્ત'ના આગ્રહીએ નૃત્યાચાર્ય કંડપ્પા પિલ્લૈની રાહબરી હેઠળ બાલાના નૃત્યશિક્ષણનાં મંગળાચરણ થયાં. આવા આગ્રહી ગુરુ કરતાં વિશેષ તો મા જયમ્માની ધગશનો પાર નહોતો. ચાર વર્ષની વયે બાલાએ નૃત્યની આકરી સાધના શરૂ કરી ત્યારે એની વયનાં અન્ય બાળકો મુક્ત રીતે હરતાંફરતાં ને રમતાં; પણ બાલા

↑ ભરતનાટ્યના એક નૃત્યાભિનયમાં બાલા-સરસ્વતી (રેખા: મધુરંગ તવા); નીચે ↓ બાલાસરસ્વતી તરુણ વયે







ડાબી બાજુથી : ખ્યાતનામ ગાયિકા અને બાલાસરસ્વતીનાં માતા જયમ્મા; બાલાના સદ્દ્ગત ગુરુ શ્રી કંડપ્પા પિલ્લૈ અને બાલાસરસ્વતી (શ્રી જગન્નાથ અહિવાસીના સંગ્રહમાંથી)

★

જયમ્માનો કડક ચોકી પહેરો વટાવી શકતી નહિ. વળી નૃત્ય-શિક્ષાનો સમય કાંઈ એક બે કલાકનો ન રહેતો. ગુરુ કંડપ્પાને ત્યાં તો આઠઆઠ કલાકની કઠોર સાધના એ કુમળી બાલાને કરવી પડતી. ત્યાર પછી ગુરુ પાછા ફરતાં બાલાને ઘેર મૂકવા આવે, ત્યારે પણ ફરી નૃત્યપ્રકારની શાસ્ત્રીય ભૂમિકા સમજાવે. અને માત્ર આ નૃત્ય-પ્રયોગનું જ્ઞાન જ પર્યાપ્ત ગણાતું નહિ. રાતે પાછાં વધારામાં માતા જયમ્મા સંગીત શીખવતાં ને ઠીકઠીક વખત લગી એ પાઠો બાલાને શીખવા પડતા!

આ કઠોર સાધનાને અંતે ત્રણ વર્ષ પછી બાલાનો જાહેરમાં પ્રથમ નૃત્ય-કાર્યક્રમ યોજાયો. ભરતનાટ્ય-નૃત્ય શીખી લીધા પછી નર્તકી પ્રથમ વાર જાહેરમાં જે પ્રયોગો રજૂ કરે છે તે કાર્યક્રમને 'અરંગેત્રમ્' કહે છે. ત્યારે નૃત્ય-વિવેચકો, સંગીતજ્ઞો અને દર્શકોની પરીક્ષામાં નર્તકીને સફળ થવાનું રહે છે. તે પછી તમીળ સમાજ એને 'નર્તકી' તરીકે સ્વીકારી આશીર્વાદ આપે છે. એની જ્ઞાન-સાધનાનો આંક આ અરંગેત્રમ્ દ્વારા આવે છે. સાત વર્ષની બાલાનું અરંગેત્રમ્ અસાધારણ પ્રકારનું હતું. દર્શકોમાં સામાન્ય નૃત્યરસિકો જ નહિ પરંતુ નૃત્યના ઊંડા જાણકારો ને વિવેચકો હતા. આજે મોટાં શહેરોમાં પ્રતિમાસ થતાં અરંગેત્રમ્ કરતાં એ અત્યંત દુર્ગમ પરીક્ષા સમું અરંગેત્રમ્ હતુ. દિવસભર એ ચાલતું અને બે વિભાગોમાં વહેંચાતું: પ્રાતઃકાળના પ્રયોગો અને સંધ્યાકાળે રજૂ કરવાના નૃત્ય-પ્રયોગો, એમ ગોઠવણ થતી. વળી જરૂરી એવા ભરતનાટ્યના પ્રયોગો નર્તકી શીખી હોય ત્યારે જ અરંગેત્રમ્ યોજી શકાતું. ઉદાહરણ તરીકે ભરતનાટ્ય-કાર્યક્રમના વિભાગો સમાં 'જતીસ્વરમ્', 'વર્ણમ્', 'પદમ્' વગેરે એને આવડવાં જ જોઇએ. એ કાળે ત્રણ 'જતીસ્વર', ત્રણ 'વર્ણ' ને બારથી યે વધારે 'પદ' આવડવાં જરૂરી ગણાતાં. આ પ્રયોગો સારી એવી તાલીમ માગી લે છે. આ બધામાંથી બાલાના અરંગેત્રમને અસાધારણ સફળતા મળી અને ભારતવર્ષની સર્વશ્રેષ્ઠ નૃત્યાંગનાની વ્યવસાયી કારકિર્દીનો આમ પ્રારંભ થયો.

બાલાના નૃત્ય-શિક્ષણમાં માતા ઉપરાંત ચાર ગુરુઓનો અત્યંત મહત્ત્વનો ફાળો છે: સદ્દ્ગત શ્રી કંડપ્પા, મયલાપોરનાં ગૌરી, શ્રી ચિન્નયા નાયડુ અને સદ્દ્ગત વેદાન્તશ્રી લક્ષ્મીનારાયણ શાસ્ત્રી. મયલાપોરનાં ગૌરી એ સ્વ. વડોદરા નરેશ ગાયકવાડે વડોદરા આમંત્રેલાં અભિનયપટુ નર્તકી હતાં. ભાવ-અભિનયના સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રદર્શનમાં તે વખતે એમનો જોટો જડતો નહિ. જાણીતાં ટેનીસ-ખેલાડી શ્રીમતી લીલા રાવને એમણે જ ભરતનાટ્યની દીક્ષા આપેલી. આજે ય એ ગૌરી 'મયલાપોર-ગોરી' નામે નૃત્યક્ષેત્રે સુવિખ્યાત છે. આવાં ઊંચી કક્ષાનાં અભિનયપ્રવીણ ગુરુ પાસે બાલાને ભરતનાટ્ય-નૃત્યનાં પદ વગેરેનો અભિનય શીખવાનું સૌભાગ્ય સાંપડ્યું, અને એમાં એણે પોતે પણ અદ્ભુત સિદ્ધિ દાખવી.

જાણીતા તેલુગુ નાટ્યકાર, શ્રી ચિન્નયા નાયડુ સંસ્કૃતના પણ પ્રખર પંડિત હોવાથી એમના જ્ઞાનનો લાભ બાલાને નૃત્ય-સાધનામાં ખૂબ ઉપકારક નીવડ્યો. એ શ્રી ચિન્નયા નાયડુ અને જયમ્માની સંયુક્ત દેખરેખ હેઠળ બાલા 'પદ'ના અર્થો હૃદ્ગત કરવા લાગ્યાં. પદની નૃત્ય-રજૂઆતમાં જે સહજ-સ્ફૂર્ત ભાવાંતરો બાલાસરસ્વતી રજૂ કરે છે તેનાં મૂળ આ જ્ઞાનોપાસનામાં રહેલાં છે. ભરતનાટ્ય કાર્યક્રમના આ પદવિભાગનું બાલાનું જ્ઞાન એટલું વિપુલ ને વૈવિધ્યભરપૂર છે કે લગભગ દોઢસો તેલુગુ અને તમીળ પદો એ જાણે છે!

બાલાના ચોથા ગુરુ સદ્દ્ગત વેદાન્ત શ્રી લક્ષ્મીનારાયણ શાસ્ત્રી 'કુચીપુડી' નૃત્યશાખાના શ્રેષ્ઠ તજ્જ્ઞ હતા. 'કુચીપુડી', એ આમ તો ભરતનાટ્ય-નૃત્યપ્રકારને બહુશઃ મળતો જ નૃત્યપ્રકાર છે અને આંધ્ર પ્રદેશનો એ વિશિષ્ટ કલાવારસો છે. (એ વિષે સ્વતંત્ર લેખ હવે પછી આવશે.) એ કુચીપુડીના સમર્થ પુનરુદ્ધારક અને પુરસ્કર્તા આ કલા-પંડિત જીવનસંધ્યાને આરે આવી રહ્યા હતા અને પોતાના જ્ઞાનના સાચા વારસની ચિંતામાં મૂંઝાતા હતા, એટલે એ તો પોતે જાતે થઇને બાલાસરસ્વતીને મળ્યા અને જેટલું પણ એમને થોડા ગાળામાં શીખવી શકાય તેટલું શીખવતા રહ્યા. દુર્ભાગ્યે વૃદ્ધાવસ્થાને લઈને એમનું અવસાન થતાં 'કુચીપુડી' નૃત્યપ્રકારના કેટલાયે અમૂલ્ય ને રમણીય પ્રયોગો સારા શિષ્યોની પરંપરાને અભાવે અને અવગણનાને પરિણામે કાયમને માટે આપણે ગુમાવી બેઠા! આમ, આવા સમર્થ ગુરુઓ પાસેથી બાલાએ નૃત્ય શિક્ષા લીધી છે. મૂળે લોહીમાં જ ઉચ્ચ કલાના સંસ્કાર, અને એને પોષક વાતાવરણ મળ્યું, આવા ગુરુઓ મળ્યા, એટલે નિજની પ્રતિભા સોળે કળાએ ખીલી ઊઠી!

બાલાના જીવનનો ઇતિહાસ એકરીતે ભરતનાટ્ય-નૃત્યના પુનરુત્થાન જોડે પણ સંકળાએલો છે. મદ્રાસના શ્રી ઈ. કૃષ્ણ આયર (એમના ચરિત્ર માટે જુઓ 'કુમાર' અંક ૪૨૧) તે કાળે ચાલતી નૃત્ય-વિરોધી ચળવળના જબરા પ્રતિદ્વંદ્વી હતા. ભારતનાટ્ય-નૃત્યપ્રકાર પરત્વે ભદ્ર સમાજને સુગાળવો કરી મૂકનાર એક વિદેશી બાઈ મિસ ટેનન્ટ મોટામોટા હોદ્દા ધરાવતા ભારતીય નાગરિકો અને વગવાળા સજ્જનોની સહીઓ એ નૃત્યવિરોધી પરિપત્રો પર લેતી અને તત્કાલીન બ્રિટિશ સરકારને આવા હીન પ્રકારને નામશેષ કરવા પ્રેરતી. આ ચળવળનો શ્રી ઈ. કૃષ્ણ આયરે જબરો સામનો કર્યો. પોતે ખુદ સ્ત્રીનાં કપડાં પહેરી આ નૃત્યો રજૂ કરતા ને લોકોને એનાં રહસ્ય ને મૂલ્ય સમજાવતા, ખૂબીઓ દર્શાવતા ને આ અમૂલ્ય કલાધનનું ગૌરવ પ્રસ્થાપિત કરવા તનતોડ પ્રયાસો કરતા. આ ઉપરાંત પ્રવચનો, લેખો ને પ્રયોગો દ્વારા જન-સમાજના પૂર્વગ્રહની દીવાલ એમણે તોડી. ઠેરઠેર ભરાતી સંગીત પરિષદોમાં એમણે કલાનિધિ, કલ્યાણી–ભગિનીઓ, વારાલક્ષ્મી વગેરે નર્તકીઓને રંગમંચ પર રજૂ કરી લોકોને આ નૃત્યકલા પ્રત્યે અભિમુખ કર્યા અને અંતે ૧૯૩૪માં બનારસ ખાતે ભરાએલી અખિલ ભારતીય સંગીત






પ્રખ્યાત તમીળ પદ 'વાગ્રે યશોદા'ના અભિનયનાં જે ચિત્રો અહીં આપ્યાં છે તે શ્રીમતી બાલાસરસ્વતીના અભિનય-કૌશલની ઝાંખી કરાવવા સમર્થ તો નથી; છતાં ભાવ-અભિનયની રમ્ય છટા એમાં છતી થયા વિના રહેતી નથી. કૃષ્ણના તોફાનથી અકળાઈને ગોપીઓ યશોદાને ફરિયાદ કરે છે. એક ગોપી એ નટખટની અકળાવી મૂકે તેવી મસ્તી વિશે સલજ્જ કહે છે: 'મેં તો એને નાનો બાળક માની ઝૂકીને તેડચો અને કોટે વળગાડવા ગઈ, પણ મારી અકળામણનો પાર રહ્યો નહિ! જાણે મારો પરણ્યો જ ન હોય એમ એણે મને મોં પર ચુંબન કર્યું! એ બાળક નથી, રે! એ કાંઈ નાનો બાળક નથી!' પ્રથમ ચિત્રમાંની ઉત્સાહભરી દૃષ્ટિનું પરિવર્તન બીજા ચિત્રમાં જુઓ, અને કૃષ્ણ મોં પર ચુંબન કરવા જાય છે તે પૂર્વેની ઉત્કટ ભાવમયતા નોંધો. આંખ ને મુખના ભાવના ફેરફારની પ્રત્યેક પળે ભાવની વાદળીઓ ચહેરા પર કેટલી કુશળતાથી આ કલાયાત્રી દોડાવી શકે છે! ત્રીજા ચિત્રમાંનો 'તાલી' અભિનય સૂચવે છે કે 'જાણે લગ્ન થઇ ચૂકયાં હોય અને એની હું પરણેતર હોઉં તેવી રીતે મારા પતિ તરીકે!' ડાબા હાથની મુઠ્ઠી વાળીને અંગૂઠો આપણા તરફ દેખાય છે તે મુદ્રા પતિનું સૂચન કરે છે, જ્યારે ગળા પાસે ધરેલા જમણા હાથના અંગૂઠા અને આંગળીની મુદ્રા, લગ્ન-ચિહ્ન—મંગળસૂત્ર વડે પતિ સાથે બંધાઈ હોવાનું સૂચન કરે છે. ચોથા ચિત્રમાં 'હાય! માડી એણે શું કર્યું?'નો ભાવ છે. (**નીચે**) પાંચમા ચિત્રમાંનો ડાબા હાથ પાસે મોં લાવવાનો અભિનય તથા જમણા હાથની મુદ્રા ચુંબન દર્શાવે છે. છઠ્ઠા ચિત્રમાં સમગ્ર દેહ, આ પ્રમાણે સૌના દેખતાં કૃષ્ણે ચુંબન કર્યું તેથી લજ્જાભારે સંક્ષોભ અનુભવે છે. ચિત્ર સાતમું કહે છે: 'એ કાંઈ નાનો કીકો નથી!' અને આઠમા ચિત્રમાં ભારપૂર્વક 'ના રે ના! એ બાળક નથીસ્તો!'નો અભિનય છે. ડાબા હાથ વડે હજી ભેટવાની અવસ્થા દર્શાવી છે અને જમણા હાથ વડે 'ના રે ના!'નો ભાવ દર્શાવ્યો છે. નૃત્યાંગનાઓનું અત્યંત માનીતું આ પદ બહુ ઓછા કલાકારો ભાવસમૃદ્ધિ ને સ્વાભાવિક છટાથી રજૂ કરી શકે છે. શ્રી બાલાસરસ્વતીએ આ પદ અનેક વેળા સુંદર રીતે 'સંચારી' ભાવની રમણા મચાવી રજૂ કર્યું છે. (World Theatre Vol. 5 No. 2માંનાં પૃષ્ઠ ૧૫૨—૫૩ પરનાં ચિત્રો: ડૉ. વી. રાઘવનના સૌજન્યથી)








મથાળે ડાબી બાજુથી: પહેલું ચિત્ર: ધનુષભંગ કરતા શ્રી રામનો અભિનય; બીજા ચિત્રમાં 'ધનુષભંગ કરી રામે જે વીરતા દાખવી' એ ભાવનું નિરૂપણ; ત્રીજા ચિત્રમાં 'આ ભૂમિ ભારતનું જોડાણ લંકા સાથે વાનરોએ સેતુ બાંધી કર્યું' એ પંક્તિમાં 'આ ભૂમિ ભારતનું' સ્થળ-નિદર્શન કરતી મુદ્રા. (શ્રી જગન્નાથ અહિવાસીના સંગ્રહમાંથી તેમના સૌજન્યથી)

પરિષદમાં બાલાને રજૂ કરીને એમણે ભરતનાટ્ય નૃત્યની પુનઃસ્થાપનામાં મહત્ત્વનું પગલું ભર્યું. ત્યાર પછી તો બાલાએ ઉત્તર ભારતમાં યોજાએલી અનેક સંગીત પરિષદોમાં ભરતનાટ્ય નૃત્યો રજૂ કર્યાં. આવી ઐતિહાસિક ઘટનાઓને લઈને અને આવાં ઉત્તમ કલાકારોનાં નૃત્યો જોઈ લોકો એ નૃત્યપ્રકારના સાચા અંતરંગ પ્રતિ આકર્ષાયા. બાલાસરસ્વતી અને શ્રી ઈ. કૃષ્ણ આયરના આ ભગીરથ પ્રયત્નોથી પેલી નૃત્યવિરોધી ચળવળને સરિયામ નિષ્ફળતા સાંપડી. બાલાની આ સેવાઓની નોંધ નૃત્યક્ષેત્રે સદાસર્વદા સગર્વ લેવાશે.

આ બધી પ્રવૃત્તિઓ દરમિયાન–અને પછી પણ, બાલાસરસ્વતીને શારીરિક માંદગીઓનો પણ સામનો કરવો પડેલો. વચ્ચે સંધીવાના દર્દને લઈને એમણે નૃત્ય કરવું મૂકી દીધું. વય વધવાની સાથે સપ્રમાણ શરીરની જાળવણી પણ ન થઈ. પરિણામે એ લોકોની ચાહના ગુમાવવા લાગ્યાં. એમનાં નૃત્યોનો ઉત્તમાંગ અભિનય પણ લોકોને ઝાઝો વખત આકર્ષી શક્યો નહિ. પૂનમને જાણે ગ્રહણ લાગ્યું. હૉસ્પિટલમાં સારવાર કરાવવા છતાં દરદમાં વિશેષ ફરક પડ્યો નહિ. સંવેદનશીલ કલાકાર માટે આથી મોટો આઘાત બીજો કયો હોઈ શકે? જોકે સમય વીતતાં ફરી સ્થૂળતામાં ઘટાડો થયો, છતાં યે યૌવનકાળની તકતકિત કાંતિ, લાવણ્ય, સ્ફૂર્તિ અને જોમ બાલાસરસ્વતી પાછાં સંપાદિત ન કરી શક્યાં. થોડી ઝાંખપ તો રહી જ.

એમના જીવનના એ હતાશાના ગાળા દરમિયાન પ્રખ્યાત નૃત્યકાર રામગોપાલ પન્ડનલ્લુરના સ્વ. વિદ્વાન મીનાક્ષીસુંદર પીલ્લે પાસે ભરતનાટ્ય-નૃત્ય શીખી રહ્યા હતા. 'ધી અધર માઈન્ડ' નામે ભારતીય નૃત્યવિષયક સુંદર પુસ્તકનાં લેખિકા શ્રીમતી બેરિલ ડીઝોટ પણ એ જ કાળે ભારતમાં રહીને આપણાં નૃત્યોનો અભ્યાસ કરી રહ્યાં હતાં. એમને સહાય કરવાના હેતુથી ને એમની ધગશ જોઇ શ્રી રામગોપાલે એમને બાલાસરસ્વતીનાં નૃત્યો જોવાની ખાસ ભલામણ કરી. પરંતુ બાલાએ તો ઘણો સમય થયાં જાહેરમાં નૃત્યો રજૂ કરવાનું મૂકી દીધું હતું. બાલાના એ નૃત્ય-ગ્રહણના સમયની ટચુકડીશી નોંધ શ્રીમતી બેરિલે સુંદર રીતે કરી છે:

"બાલા 'નરી હાથી જેવી' સ્થૂળકાય હોવા વિષે મને ઘણાએ કહેલું; અને મને ભલામણ પણ કરતા હતાં કે મારે એનાં નૃત્યો જોવાની જરાય તસ્દી લેવી નહિ. પણ મેં એની પ્રતિભા અને ઉચ્ચ કળા વિષે એટલું બધું સાંભળ્યું હતું કે જ્યારે મદ્રાસ યુનિવર્સિટીના સંસ્કૃતના વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. રાઘવન્‌નું મને નિમંત્રણ મળ્યું ત્યારે મેં જાતે એને ઘેર જ જવાનું નક્કી કર્યું. એગ્મોરના એના નાના એવા ઘરે હું ગઇ. મને એણે સસ્નેહ આવકાર આપ્યો. અલબત્ત, એ ભારે કદની સ્ત્રી જણાઇ, છતાં એ કાંઇ 'હાથી' જેવી સ્થૂળ કાય તો નહોતી જ! ઉલ્ટાની ગૌરવાન્વિત અને ઉચ્ચ સંસ્કારવાળી સર્જન નારી જણાઈ. એ હતાશ જરૂર હતી, કારણ લોકો એનાં નૃત્યો જોવાનું પસંદ કરતા નહોતા. મને એણે સંધીવાના દર્દની અને સારવારની વાત કહી. તેના આઘાતનું હાર્દ હું સમજી શકી. મારી જિજ્ઞાસા સંતોષવા એણે અભિનય બતાવવા કબૂલ્યું અને મને ઉપલી મેડીએ લઈ ગઇ.

મેડીની દીવાલ પર મેં મેડોનાની સુંદર છબિ જોઇ. બીજી છબિ એની માતામહી વીણા ધનમ્માલની હતી. એની વૃદ્ધ મા ઊંબરા આગળ ગાઇ રહી હતી, ને એક નાની બાલિકા–કોઈ નાની વિદ્યાર્થિની–ને નૃત્ય-પાઠ શીખવાતો હતો એમાં પૂર્ણ ગાંભીર્ય સાથે સંગત કરી રહી હતી. એ ગાયક બાલિકા હતી દાનલક્ષ્મી, બાલાની નાની બેન. એ ચંચલ બાલિકાના રક્તના કણેકણમાં નૃત્ય સળવળતું લાગ્યું. જોકે જયમ્મા એને નૃત્ય શીખવવા ઉત્સાહી જણાયાં નહિ. પ્રથમ એ બાલિકાએ મહાભારતના એકાદેક પ્રસંગનું નૃત્ય-રૂપાંતર રજૂ કર્યું. ને પછી બાલાએ મને અભિનયના કેટલાક પ્રયોગો દર્શાવ્યા...

લગભગ મહિના પછી રામગોપાલે અત્યંત આગ્રહભરી વિનતિઓ કરીકરીને જાહેરમાં નૃત્ય-પ્રયોગ રજૂ કરવા માટે એને તૈયાર કરી. મયલાપોરમાં, જ્યાં રામગોપાલ પોતાના પ્રયોગો રજૂ કરતા હતા ત્યાં, એક સવારે નાનાશા રંગભવનમાં નૃત્ય કરવા બાલા સંમત થઈ. સવારનો સમય હતો. એ નાના રંગભવનમાં અંધારું કરી રંગમંચને પ્રકાશ વડે ઝળાંઝળાં કરવાનો કશો પ્રયત્ન કરવામાં આવ્યો નહોતો. સૂરજનો પ્રકાશ ખંડમાં આવતો હતો. બાલાએ કશાય મુખસુશોભનની ધાંધલ કરી નહોતી. કશો ઠઠારો નહોતો. પુષ્પખચિત વેણી પણ નહોતી. માત્ર નાકે નકવેસર અને કાને લટકણિયાં હતાં. સાદી સાડી પહેરી હતી. કમ્મરે હાથ ટેકવી, ભરતનાટ્ય-નૃત્યની શરૂઆતની ભૂમિકામાં એ ઊભી રહી. આ ગરિમાભરી સાદગીથી બાલાનું સૌંદર્ય નવા જ (અનુ.પૃ.૨૯૩)

આદમખોરનું અજ્ઞાન

જેનું જ્ઞાન એને બહુ મોડું થયું તે

લેખક • વિજયગુપ્ત મૌર્ય

મૈસૂરનું ગામડું છે. શિશિર ઋતુની ખુશનુમા સવાર છે. જંગલ બહુ છેટે નથી. વનશ્રી હરિયાળી છે. માત્ર પાનખર વર્ગનાં વૃક્ષો પાંદડાં ખેરવી રહ્યાં છે. શીતળ પવનના એક ઝપાટામાં જાણે સુક્કાં અને પીળાં પાંદડાંની ઝડી વરસે છે. રંગા અને શુભશેટ્ટી નામના બે ગામડિયા ખોરાક માટે કંદમૂળ મેળવવા જંગલમાં જઈ રહ્યા છે. તેમને શી ખબર કે તેઓમાંથી એક પોતે જ કોઇનો ખોરાક બની જનાર છે!

શુભશેટ્ટી દાતરડું લઇને, કંદવાળી જમીન ખુલ્લી કરવા વેલા કાપવા બેઠો, અને રંગા તમાકુ તથા ચૂનો હથેળીમાં મસળતો હજી ઊભો જ હતો ત્યાં તેની નજર તેના તરફ સરકી રહેલા એક લોહીતરસ્યા વાઘ ઉપર પડી! શી એ શયતાનની હિંમત! ધોળે દિવસે બે માણસો વાતો કરે છે અને કામ કરે છે ત્યાં, એક માણસની નજર તેની ઉપર પડે છે છતાં, એ આદમખોર ધસ્યો! રંગા ભાગ્યો,—અને કદાચ તેથી જ તેનું મોત નિશ્ચિત બન્યું. કૂતરો હોય, બિલાડી હોય કે વાઘ, દીપડો હોય કે સિંહ, તેઓ ભાગનારની તો પૂંઠ જ પકડે છે; પછી ભાગનાર માણસ હોય કે બીજો શિકાર હોય. (બિલાડી ભાગતા માણસની પાછળ નહિ પણ ભાગતા શિકારની પાછળજ દોડે છે એટલા આપણે નસીબદાર છીએ!)

વાઘની દોડ આગળ માણસ ક્યાં સુધી ભાગી શકે? ક્ષણભરમાં વાઘ તેને ધૂળ ચાટતો કરી ઝાડીમાં ઉઠાવી ગયો. શુભશેટ્ટી બચી તો ગયો, પણ ભય અને ત્રાસથી તેનાં ગાત્ર ગળી ગયાં અને ધ્રૂજતો ધ્રૂજતો તે માંડ ગામમાં પહોંચ્યો. પોલીસે તપાસ કરી ત્યારે ઝાડીમાંથી થોડાં હાડકાં અને રંગાનાં ફાટેલાં, લોહીવાળાં કપડાં મળી આવ્યાં.

માત્ર છ જ દિવસ પછી એ નરભક્ષી વાઘે એક વધુ ભોગ લીધો. ગામ નજીક જંગલ છે અને તેમાં તળાવ છે. કરેગૌડા નામનો યુવાન ખેડૂત પોતાના બળદને પાણી પાવા એક સવારે એ તળાવ ઉપર આવ્યો. બળદ પાણી પીતા હતા ત્યાં જ વાઘે એ જવાન પર તરાપ મારી. એની દુષ્ટતા તો જુઓ! બે બળદ જેવો નૈસર્ગિક શિકાર સુલભ હોવા છતાં તેને મૂકીને એ વાઘ માનવીનું જ માંસ ખાવા માગતો હતો! બળદ ભડકીને ભાગ્યા અને ભયથી પૂછડાં ઊંચાં કરી દોડતા ઘેર આવ્યા. બળદોનું આ સ્વરૂપ જોતાં જ કરેગૌડાના સસરાને મનમાં ધ્રાસ્કો પડ્યો. તે દોડતો તળાવે ગયો, પણ ત્યાં જમાઇને ક્યાંય જોયો નહિ એટલે તે હાંફળોફાંફળો ગામમાં આવ્યો અને થોડા માણસોને એકઠા કરીને શોધ કરવા નીકળ્યો. તળાવને કાંઠે વાઘનાં પગલાં હતાં. એક ઠેકાણે લોહી હતું, લુગડાંના ચીરા હતા, અને ધૂળમાં જે નિશાન હતાં તે ઉપરથી જણાતું હતું કે જવાને વાઘનો નિષ્ફળ સામનો કર્યો હતો. પણ એથી વધુ કંઈ મળ્યું નહિ. પોલીસને ખબર આપવામાં આવી. વધુ શોધખોળ કરતા દૂર જંગલમાં એક ઠેકાણેથી થોડાં હાડકાં મળ્યાં!

આવાં તો ઘણાં દુષ્કૃત્યોનું આળ આ આદમખોર ઉપર ચડી ચૂક્યું હતું ને વાઘ કોઈ પણ શિકારીના સપાટામાં આવતો ન હતો. નરભક્ષી વાઘ માણસની શક્તિ અને નબળાઈ બંનેને પિછાનતો થઈ જાય છે અને તેથી તેનો શિકાર કરવો એ સહેલી વાત નથી. આથી એક અંગ્રેજ અફસરે વિચાર કર્યો કે વાઘની ખૂની કારકિર્દીનો અંત આણવા જુદી જ યુક્તિ અજમાવવી જોઇએ.

જંગલમાં રહેતા આદિવાસીઓ અજ્ઞાન અને અભણ હોય છે, પરંતુ જંગલમાં જીવવા માટેના સંગ્રામમાં તેઓ જંગલી પ્રાણીઓ સામે એવી યુક્તિઓ શોધી કાઢે છે કે તેમની સૂઝ ઉપર બુદ્ધિશાળી માણસો પણ આશ્ચર્ય પામે. મૈસૂરના ગ્રામીણોએ એવી એક યુક્તિ શોધી કાઢી હતી. આજે તો તે ભુલાઈ જવા આવી છે. એમાં વાઘને જાળ વડે સપડાવવામાં આવે છે,—તમે માનતા હો એવી રીતે નહિ, પણ વિચક્ષણ રીતે. આ આદમખોરને જાળ વડે સપડાવવાનું નક્કી કરવામાં આવ્યું.

વાઘને કંઈ રોજરોજ નરબલિ મળતો ન હતો, આથી વચ્ચેવચ્ચે તેને બીજો શિકાર પણ કરવો જ પડતો. માણસો નિર્ભય રીતે જાળ બાંધી શકે તે માટે વાઘ આહાર કરીને સૂતો હોય તે ખાસ જરૂરી છે. આથી જંગલમાં એક પાડરડું બાંધવામાં આવ્યું. રાતમાં વાઘે તેનો શિકાર કર્યો અને પેટ ભરીને ખાધું. સવારે તે ઝાડના શીતળ છાંયડા નીચે એક ઝાડીના રક્ષણમાં સૂઈ રહ્યો.

પગીઓ આ બાતમી લઈ આવ્યા એટલે ગામનાં બધાં માણસોને તેમની સૌ સૌની જાળ સાથે એકઠા કરવામાં આવ્યા. બાર ફીટ પહોળી અને ૩૦-૪૦ ફીટ લાંબી આ જાળ મજબૂત દોરડાંની હોય છે અને તેની જાળી મોટી, પણ તેમાંથી વાઘ ન નીકળી શકે એવી હોય છે. દરેક ઘરમાં આવી એક જાળ હોય જ. તે ભેગી કરવામાં આવે એટલે તેની લંબાઈ પા માઇલ કે તેથી પણ વધુ થાય!

જે ઝાડી અને ઝુંડમાં વાઘ નિરાંતે સૂતો હતો તેમને આ જાળ વડે ઘેરી લેવાનો હતો. ઘેરો ઘાલવાનું કામ શરૂ થયું. ફરતી દીવાલની જેમ, લાકડાં વડે જાળ ઊભી કરવામાં આવી. લાકડાં મજબૂત હતાં. જાળની નીચલી કોર ધરતી સાથે જડી લેવામાં આવી, જેથી ત્યાંથી વાઘ સરકી ન જાય. જાળને ઉપરથી જરાક અંદર નમતી રાખવામાં આવી; અને ઉપર અણીદાર પાંખિયાંવાળી લાકડીઓ, ડાળીઓ, કાંટા વગેરેથી કિલ્લેબંધી મજબૂત કરવામાં આવી. વાઘ દસ-બાર ફીટની ઊંચાઈ ઠેકી શકતો નથી અને જાળીમાં પગ ભરાવીને ઉપર ચડી જતાં તેને આવડતું નથી. એ કામ ખંધા દીપડાનું છે. આમ આ કિલ્લેબંધી મજબૂત પણ હોય છે અને સ્થિતિસ્થાપક પણ હોય છે. તેની સ્થિતિસ્થાપકતા તેને વધુ મજબૂત બનાવે છે.

ઘણીવાર વાઘને જાળ વડે ઘેરી લેવા માટે હાંકો કરવો પડે છે. જે ઝાડીમાં વાઘ હોય તેનો વિસ્તાર મોટો હોય ત્યારે તેની પાછળની બાજુ જાળ રાખવામાં આવે, અને આગળથી માણસો મોઢેથી તથા ડબ્બા અને થાળીઓ વગાડીને હાંકો કરે. નહિ ઘવાએલો વાઘ



નરભક્ષી હોય તો પણ આટલા બધા માણસોનો સામનો ન કરે. ઝાડ ઉપર ચડી બેઠેલા માણસો વાઘની હિલચાલ ઉપર નજર રાખી જાણ કરે. વાઘ ભાગીને ઝાડીના ગીચ ભાગમાં ભરાવાનું પસંદ કરે એટલે જાળ એ ગીચ ઝાડીને ઘેરી લે. જેવો વાઘ એમાં ભરાય કે તરત જાળના છેડા ભેગા કરી કેદખાનું સંકોચી લેવામાં આવે. વાઘ જાળમાંથી છટકવાનો પ્રયાસ કરવાને બદલે ગીચ ઝાડીમાં વધુ ઊંડે સંતાવાનું જ પસંદ કરે.

આ નરભક્ષી વાઘને આમ જાળની જેલમાં પૂરી તો દીધો, પણ જોખમી કામ હવે શરૂ થતું હતું. અંદર ઠેકાણે ઠેકાણે ઝાડી હતી. એ કાપ્યા વિના વાઘ નજરે ચડે નહિ, અને બહાર પણ નીકળે નહિ. તેને છુપાવાની સગવડ રહેવી ન જોઇએ. આથી લાંબા હાથાવાળી કુહાડીઓ લઇને ૨૦ માણસો અંદર દાખલ થયા. તેમના રક્ષણ માટે બીજા ૨૦ ચુનંદા માણસો ભાલા લઇને સાથે ગયા, અને બીજા થોડાક માણસો જોરશોરથી હાંકો કરવા માટે ઢોલ-નગારાં લઇને ગયા: જો વાઘ હુમલો કરવા આવે તો તેને મોટા ઘોંઘાટ વડે ભગાડી મુકાય. ન ભાગે તો ભાલાવાળા તેનો સત્કાર કરવા તૈયાર હોય.

આજ સુધી નિઃશસ્ત્ર અને નિરાધાર માણસોનો શિકાર કરનાર આદમખોર વાઘ આજે જૂના કાને નવા અવાજ સાંભળતો હતો અને જૂની આંખે નવાં દૃશ્ય જોતો હતો. કઠિયારા ઝાડી કાપીને વચ્ચેથી પહોળો માર્ગ કરવા લાગ્યા. હવે તો જંગલના ખૂની મહારાજાના ગૌરવનો ભંગ થઈ રહ્યો હતો! આ ખૂની મહારાજાએ તો મૈસૂરના મહારાજાનો મહેલ બંધાતો બંધ કરી દીધો હતો, કારણકે તે માટે જે ખાણમાંથી પથ્થર ખોદી કાઢવામાં આવતા હતા ત્યાં છાપો મારીને એ આદમખોર કૈંક ખાણિયાઓને ધોળે દિવસે ઉઠાવી ગયો હતો! આથી ખાણિયાઓએ ત્યાં કામ કરવાની ના પાડી દીધી હતી. વળી વનમાં આવેલા દેવમંદિરમાં ભરાતો વાર્ષિક મેળો પણ જંગલના આ ખૂની મહારાજાએ ભરાતો બંધ કરી દીધો હતો, કારણ કે લોકોને વન વીંધીને મેળામાં જવાની હિંમત ન હતી. તેણે જંગલમાં કઠિયારાઓને આવતા બંધ કરી દીધા હતા અને ગોવાળો સીમમાં ગાયો ભેંસો તથા ભરવાડો ઘેટાં-બકરાં ચરાવવા લઈ જવાની હિંમત નહોતા કરતા. વસતિમાત્રના મનમાં આવી ધાક બેસાડી દેનાર મહારાજા ખુદ જ્યારે શિકાર કરીને, પેટ ભરીને, દિવસનો આરામ લે છે ત્યારે માણસ જાતની આટલી બધી હિંમત કે તે તેને ખલેલ પહોંચાડે?

કાન સરવા કરીને વાઘે શું થાય છે તે સમજવાનો પ્રયાસ કર્યો. અવાજ પાસે આવી રહ્યા છે અને હવે તો ઝાડીના મૂળમાંથી જ કશી હલચલ દેખાય છે. લાગલી જ તેણે ક્રોધે ભરાઇને ગર્જના કરી. પહેલાં તો માણસો એ ગર્જનાથી ડરી ગયા અને તેમના કામમાં ભંગાણ પડ્યું, પરંતુ પછી તરત તેઓ વાઘનો સામનો કરવા તૈયાર થઈ ગયા; અને જેવી ઝાડીમાંથી વાઘની અરધીપરધી પણ વિકરાળ કાયા દેખાઈ તેવાં જ એક સાથે વીસ ભાલાં તેની દિશામાં તેનો સત્કાર કરવા મંડાયાં; અને બીજી બાજુ હાંકો કરનારાઓએ પણ એવો ઘોંઘાટ કરી મૂક્યો કે ખૂની મહારાજાનું ગુમાન ઊતરી ગયું. તે સમજી ગયો કે આજનો મામલો જુદો છે. આથી તે પીછેહઠ કરી ઝાડીમાંથી ભાગ્યો અને વચ્ચે કાપી કાઢેલા માર્ગને ઓળંગીને જેવો તે બીજી ઝાડીમાં ભરાઈ જવા માટે બાઘોળ ભાગતો હતો તેવો જ એક ધડાકો થયો. પણ ગોળી તેના પેટ નીચેથી પસાર થઇને જમીન ઉપર પછડાઇને ધૂળ ઉડાડતી નીકળી ગઈ. આથી તે વધુ ઊછળ્યો અને સામેની ઝાડીમાં ઘૂસી ગયો. આ એક વિરલ દૃશ્ય હતું. વાઘ આવી ઝડપથી ઊભી પૂંછડીએ ભાગતો હોય એવું દૃશ્ય બીજે ક્યાંય જોવા ન મળે!

હવે કઠિયારાઓએ અને હાંકો કરનારાઓએ એ બીજી ઝાડી પર આક્રમણ કર્યું. જેવી એ ઝાડીની છટણી થવા લાગી કે તરત ચેતી ગએલો વાઘ આ વખતે તેની પાછળથી નીકળીને ભાગ્યો. આ વખતે પણ ધડાકો થયો, અને વાઘ રબ્બરના દડાની જેમ આ વખતે વધુ ઊછળ્યો. પણ આ વખતે ધૂળ ઊડી નહિ. તરત કઠિયારા ને હાંકો કરનારાઓ ભાલાધારી માણસોના રક્ષણ નીચે ઝાડી પાસે દોડી આવ્યા...

પણ સાવધાન! લોહીનાં ટીપાં પડ્યાં છે. વાઘ ઘવાયો છે અને તેથી હવે તે વધુ ભયંકર છે. આ વખતે ઝાડી કાપવાનું સાહસ કરવાને બદલે બધા માણસોએ એટલો બધો ઘોંઘાટ કર્યો કે ગમે એવો ક્રોધે ભરાએલો કે બહાદુર વાઘ પણ મૂંઝાઈ જાય. થોડી જ મિનિટોમાં આ કેદખાનાને છેડે જાળની બહારથી હોંકારા–પડકારા સંભળાયા: 'દોડો! મારો! જુઓ, છટકી ન જાય! અટકાવો!'

સપડાએલા અને ઘેરાયેલા વાઘે જ્યારે આ ઝાડીમાંથી ભાગીને ત્રીજી ઝાડીમાં ભરાવા માટે દોટ મૂકી ત્યારે વચ્ચે જાળની દીવાલ આવી અને તેમાંથી નીકળવાનાં ફાંફાં મારે ત્યાં તો બહાર ઊભેલા માણસો ભાલા લઇને દોડી આવ્યા. હવે વાઘ મરણિયો બન્યો. પોતાના નાસવાના માર્ગ આડે આવનારાઓને ધૂળ ચાટતા કરવા માટે તેણે તરાપ મારી, પરંતુ વચ્ચે મજબૂત દોરડાની જાળ આવી. ભારેખમ વાઘની વેગવંતી તરાપના આઘાતથી જાળની દીવાલ પાયામાંથી હચમચી ગઈ અને હાલકડોલક થઈ ગઈ. એક ક્ષણ તો એમ લાગ્યું કે વાઘની છલાંગના આઘાતથી વાડ તૂટી પડે છે; પરતુ જાળની સ્થિતિસ્થાપકતાએ એ આઘાત ઝીલી લીધો અને બીજી ક્ષણે બેત્રણ ભાલા વાઘના શરીરમાં ખૂંચી ગયા. નિષ્ફળતા ને જખમના વેદનાથી ક્રોધમાં ગાંડા બનેલા વાઘે ભયંકર ગર્જના કરી. જે માણસોને પોતાનું ભક્ષણ સમજતો હતો તેઓ આજે તેની આવી નિર્ભર્ત્સના કરે છે! પણ ન તેનાથી ભાલાં મારનારાઓ પર હુમલો થઈ શક્યો, ન બહાર નાસી શકાયું. આથી લાચારીથી તે પાછો ફરી ઝાડીમાં ઘૂસી જતો હતો, ત્યાં વળી પેલો દુષ્ટ ધડાકો થયો અને સનનન કરતી એક ગોળીએ આવીને તેની કેડને વીંધી નાખી. ખૂની મહારાજાએ એક ગોથું તો ખાધું, પણ તે ઝાડીમાં ઘૂસી ગયો.

જાળની વાડ અને હાંકો કરનારાઓની વચ્ચે હવે આ એક જ ઝાડી છે. વાઘ ઘવાયો છે, પણ કેટલો ઘવાયો છે તેનો કોઈ અંદાજ નથી. ભલે જરાક ઘવાયો હોય તો પણ ઘવાએલો વાઘ અતિ ભયંકર હોય છે, અને આથી આ ઝાડી અત્યંત સાવચેતીથી કાપવી જોઇએ.

ઉપરાઉપર સફળ આક્રમણથી શૂરાતનમાં આવી ગએલા હાંકો કરનારાઓએ હવે તો એવો ઘોંઘાટ કરી મૂક્યો કે બે માઈલ છેટે સંતાએલો વાઘ પણ ભાગી છૂટે! કઠિયારાઓની કુહાડીઓ ઝાડી પર વીંઝાવા લાગી, અને કપાએલાં ઝાંખરાં ઊડવા લાગ્યાં. ભાલાધારી માણસો ભાલા ઉગામીને વાઘના હુમલાને વીસ ભાલાની કતાર પર ઝીલી લેવા સજ્જ થઇને ઊભા; પણ વાઘ નથી ભાગતો કે નથી હુમલો કરતો. તે દેખાતો પણ નથી. આથી શિકારીએ હાંકાનો ઘોંઘાટ બંધ કરાવીને તપાસ કરાવી. બે'ક માણસો જમીન સરસા થઇને ઝાડીમાં ડોકાવા લાગ્યા ત્યારે જંગલના મહારાજાના ઘરમાં ડોકાવાની તેમની આ અશિષ્ટ અને અનધિકૃત ચેષ્ટા પ્રત્યે ગુસ્સો વ્યક્ત કરતો મહારાજાનો ઘુરકાટ સંભળાયો. વાઘને બહાર કાઢવા ઝાડીમાં પથ્થરો ફેંકવામાં આવ્યા ત્યારે ખિજવાટ સિવાય તેનો કોઈ જવાબ મળ્યો નહિ. આથી શિકારી એવા અનુમાન ઉપર આવ્યા કે વાઘ સારીરીતે ઘવાયો લાગે છે.

ફરીથી ઝાડી કાપવાનું કામ શરૂ થયું. હવે હાંકાના ઘોંઘાટનો કશો અર્થ ન હતો. થોડીથોડી વારે મહારાજાનો અણગમો સાંભળી શકાતો હતો. કેટલીક ઝાડી કાપ્યા પછી એક કઠિયારાએ ધ્યાન ખેંચ્યું. વાઘની અસ્પષ્ટ આકૃતિ જમીન સરસી દબાએલી દેખાય છે. (અનુ. પૃ. ૨૯૦)

દેવોનો દ્વીપ બાલી

અગસ્ત્યને પગલે ૨૫

લેખક · નવનીત પારેખ

મધ્યરાત્રી ક્યારની વીતી ચૂકી હતી, પરંતુ બાલી લોકોના જીવન વિષેનું મારું ઔત્સુક્ય હજુ તૃપ્ત થયું નહોતું. વયાન્ રૂમા કે વયાન ભદ્રાનું ધ્યાન ઘડિયાળ તરફ જાય તે પહેલાં જ મેં બાલી લોકોના ધર્મ તથા પૂજાવિધિ વિષે વાત ઉપાડી.

બાલીના હિંદુ ધર્મનો ઉગમ તથા તેનો વિકાસ સમજાવતાં શ્રી વયાન રૂમાએ જણાવ્યું કે પ્રાચીન કાળમાં ભારતના ધર્મદૂતો તથા વસાહતીઓના આગમની સાથોસાથ જ ભારતના હિંદુ તેમજ બૌદ્ધ ધર્મો પૂર્વના દેશો તથા પ્રશાન્ત મહાસાગરના દ્વીપો ઉપર પ્રસર્યા અને આ જાવા-બાલીની સ્થાનિક રૂઢિઓ, રીત-રિવાજો તથા માન્યતાઓ તેમાં સેળભેળ થઇને ઓતપ્રોત થઈ ગઈ. તેથી આજનો બાલી લોકોનો ધર્મ એક વિશિષ્ટ પ્રકારનો હિંદુ ધર્મ જ બની ગયો છે. વિશુદ્ધ ભારતીય હિંદુ ધર્મના ઉદાત્ત તત્ત્વજ્ઞાન, પૂજાવિધિ, દેવ-દેવીઓ તથા પુરાણો સાથે બાલીના આદિ-વાસીઓની ભૂત પ્રેતાદિની માન્યતાઓ, વહેમો તથા કેટલોક કર્મકાંડ તાણાવાણાની પેઠે વણાઈ ગયો છે.

જાવા તેમજ બાલીમાં સાતમી સદીમાં શૈલેન્દ્રોના મહાસામ્રાજ્ય તળે મહાયાની બૌદ્ધ ધર્મ ફેલાયો, અને તે પછી નવમી સદીમાં શૈવ બ્રાહ્મણધર્મ બધે જ પ્રસર્યો. તે પછી વળી અગિયારમા સૈકામાં તાંત્રિક પૂજાવિધિ તથા કર્મકાંડની અસર આ દ્વીપો ઉપર પડી. બાલીના લોકો દૈવી તેમજ આસુરી શક્તિના અસ્તિત્વમાં માને છે અને તેથી તેઓ દેવોની પૂજા કરે છે અને સાથે દાનવોને પણ શાન્ત પાડે છે, અથવા તો કર્મકાંડ વડે હાંકી કાઢે છે. તેઓ માને છે કે દેવો તથા પિતૃઓ આકાશમાં તથા પહાડોની ટોચ ઉપર વસે છે, માનવો પૃથ્વી ઉપર વસે છે, જ્યારે દાનવો તથા દુષ્ટાત્માઓ સમુદ્ર ને પાતાળમાં વસે છે. બાલીના લોકો દાનવોને 'રાક્ષસ', 'કાલ' તથા 'બૂત'(ભૂત)ના નામે ઓળખે છે.

બાલીમાં 'દેવ' શબ્દ બહોળા અર્થમાં વપરાય છે. તેમાં 'સંધ્યાઙ્ગ', 'પિતર' તથા 'કવિતાન્' પ્રકારના દેવો તથા ઉપ-દેવોનો પણ સમાવેશ થઈ જાય છે. ભારતનાં દેવ-દેવીઓ તેમાં અગ્રસ્થાને છે અને તેમનાં નામ સાથે 'બટાર'(ભટ્ટાર)નું ઉપનામ જોડવામાં આવે છે. બાલીનો પૌરાણિક ગ્રંથ 'ચતુર્યોગ' જણાવે છે કે પ્રારંભમાં 'શિવે' જીવ-જંતુઓ ઉત્પન્ન કર્યાં, 'વિષ્ણુ'એ વૃક્ષો, 'ઈશ્વરે' ફળ-ફળાદિ તથા 'શંભુ'એ ફૂલો ઉત્પન્ન કર્યાં. તે પછી 'બટાર-ગુરુ' તથા 'બ્રહ્મા'એ માનવો ઉત્પન્ન કર્યા. બાલીના લોકો પણ રામને વિષ્ણુનો જ અવતાર ગણે છે.

બાલીના દેવતાગણમાં અસંખ્ય દેવદેવીઓ છે. તે બધાંમાં 'ભટ્ટાર શિવ' સર્વોચ્ચ ગણાય છે, જ્યારે 'ભટ્ટાર-બ્રહ્મા' અગ્નિના દેવ, 'સૂર્ય' સૂર્યના, 'ઇંદ્ર' સ્વર્ગના, 'યમ' નર્કના દેવ તથા 'દુર્ગા' મૃત્યુનાં દેવી મનાય છે. વળી 'સેમર' (સ્મર) કામવાસનાના દેવ ગણાય છે. આ બધાં નામ તથા માન્યતાઓ પર ભારતના હિંદુ ધર્મની જ સ્પષ્ટ અસર છે. બાલીના વિદ્વાન બ્રાહ્મણ પુરોહિતો 'શિવ'ને સર્વોચ્ચ દેવ માનવા ઉપરાંત, અખિલ વિશ્વમાં સર્વત્ર,વ્યાપી રહેલ દિવ્ય ચૈતન્ય રૂપે પણ સમજે છે. તેઓ શિવમાં પુરુષ તથા સ્ત્રી બેઉ શક્તિનો સમન્વય જુએ છે ને શિવના અર્ધનારીશ્વર સ્વરૂપને તેઓ 'વિન્દુ' કહે છે. પુરુષ સ્વરૂપે શિવ પર્વત છે, 'લિંગ' છે, 'પશુપતિ' છે તથા પ્રજાપતિ ને વિશ્વકર્મા પણ છે. સ્ત્રી-સ્વરૂપે તે 'ઉમા' છે, જે 'ગિરિપુત્રી' (પર્વતોનાં દેવી), 'દેવી ગંગા' (નદીઓમાં દેવી) તથા 'દેવી દાનુ' (સરોવરનાં દેવી) પણ છે.

બાલીમાં પણ બ્રહ્મા-વિષ્ણુ-મહેશની ત્રિમૂર્તિ ગણાય છે; પરંતુ



વિષ્ણુનાં પત્ની લક્ષ્મી બાલીમાં કૃષિ અને સમૃદ્ધિનાં અધિષ્ઠાત્રી 'દેવી-શ્રી' તરીકે પૂજાય છે. તેમને દર વર્ષે નવધાન્યની મોસમમાં આ 'ચીલી' અર્પણ કરી ખેતરોમાં મૂકવામાં આવે છે, અને ચોખાનો પાક લણાઈ ગયે ધાન્યની સાથે તેને પણ કોઠારમાં સંઘરવામાં આવે છે.


★

આ ત્રણેય દેવો 'ભટ્ટાર શિવ'નાં જ સ્વરૂપો મનાય છે અને અનુક્રમે તે બ્રહ્મા-શિવ (બ્રહ્મા), સદા-શિવ (વિષ્ણુ) તથા પ્રામ (પરમ) શિવ-(ઈશ્વર, મહેશ)ના નામે ઓળખાય છે. આ ત્રણે દેવો સામટા મળીને 'સંધ્યાઙ્ગ–ત્રિમૂર્તિ' અથવા 'સંઘઃ ટીગા શક્તિ' (ત્રણ શક્તિઓનો સમુચ્ચય) એ નામે સંબોધાય છે. આમ અગ્નિ સ્વરૂપે શિવ બ્રહ્મા છે, જે ધુમાડો તથા વરાળ બની પાણી(વિષ્ણુ) બને છે, જે પર્તીવી(પૃથ્વી)ને સમૃદ્ધ કરીને ચોખા, ધાન્ય (દેવીશ્રી) સ્વરૂપે લોકોનું પોષણ કરે છે. આમ મૂળે તો બધાંય દેવદેવીઓ ભટ્ટાર-શિવનાં જ સ્વરૂપ મનાય છે. તમસ(અંધકાર)ના અધિષ્ઠાતા 'કાલ' પણ શિવનું જ રૌદ્ર સ્વરૂપ છે, ને મૃત્યુનાં દેવી 'દુર્ગા' પણ શિવનાં પત્ની ઉમાનો જ આવિષ્કાર છે. બાલીનાં મુખ્ય દેવદેવીઓની એક નામાવલિ નીચે ટૂંકમાં આપું છું:

ભટ્ટાર-ગુરુ: શિવ, બ્રાહ્મણોના સર્વોચ્ચ ગુરુ; ચિત્ર તથા શિલ્પ-વિધાનમાં તેમને પદ્માસન પર બિરાજેલા ઋષિ સ્વરૂપે દર્શાવે છે. તેમને લાંબી દાઢી તથા મોટી જટા તેમજ ચાર ભુજાઓ હોય છે જેમાંના બે હાથ ખોળામાં ધ્યાન-મુદ્રામાં વાળ્યા હોય છે અને બીજા બે હાથમાં જમણે માળા તથા ડાબે ચામર ધારણ કર્યાં હોય છે.

બ્રહ્મા: બાલીમાં બ્રહ્માને એક જ મુખ હોય છે ને તે અગ્નિના દેવ ગણાય છે. અગ્નિ-સંસ્કાર સમયે તે 'પ્રજાપતિ' કહેવાય છે.

વિષ્ણુ: ભારત પેઠે બાલીના વિષ્ણુ પણ રક્ષક ને પોષક મનાય





મથાળે ડાબી બાજુ: બાલીમાં મનાતા નવ દિશાઓના અધિષ્ઠાતા દેવ તથા તેના વિવિધ રંગ દર્શાવતો આલેખ. જમણી તરફ મથાળે પૂજા માટે વપરાતો 'ઘંટારંગ'; તેની જમણી બાજુ બાલીમાં પૂજ્ય ગણાતી 'ઓંકાર'ની આકૃતિ; એ બંનેની નીચે 'વજ્ર'; જમણા કૉલમમાં: બૌદ્ધ 'પેડન્ડા' (પુરોહિત) પોતાના 'માવેદા' પૂજાવિધિમાં

છે ને તે જળ તથા પાતાળના દેવ ગણાય છે. તે 'દેવી-શ્રી' (લક્ષ્મી)ના પતિ છે ને તેમને ગરુડ પર આરૂઢ સુકુમાર યુવક રૂપે આલેખાય છે.

ઉમા: શિવનાં પત્ની તથા સમસ્ત સૃષ્ટિનાં જનની. રૌદ્ર સ્વરૂપે 'દુર્ગા'. તેમનાં બીજાં સ્વરૂપો તે 'ગિરિ-પુત્રી', 'દેવી ગંગા' તથા 'દેવીદાનુ'.

દેવી-શ્રી: વિષ્ણુનાં સહચરી; ભારતનાં લક્ષ્મીનું સ્વરૂપ. બાલીમાં તે સૌંદર્ય, સમૃદ્ધિ તથા ફળદ્રુપતાનાં દેવી ગણાય છે, અને ત્યાંનાં કૃષિ-મંદિરો 'દેવી-શ્રી'ને જ સમર્પિત હોય છે. તેમને વિપુલ કેશી, તુંગસ્તના તથા લાવણ્યમય સ્વરૂપે આલેખવામાં આવે છે. વિષ્ણુ તથા શ્રીનાં પુત્રી તે 'દેવી-મેલાંતીંગ'.

સરસ્વતી: સાહિત્ય તથા વિજ્ઞાનનાં દેવી.

સૂર્ય: બાલીના આદિ દેવ, સૂર્ય. બાલીનાં મંદિરોમાં કેવળ સૂર્યની જ પૂજા થાય છે; બીજા દેવો તો અવકાશમાં વસતા હોવાનું મનાય છે.

ઇન્દ્ર: સ્વર્ગના પરાક્રમી સમ્રાટ; વાયુ તથા મેઘના દેવ; ગંધર્વો (વિદેદાર) તથા અપ્સરા (વિદેદારી)ના પાલક તથા ભર્તા.

કાલ: શિવનું રૌદ્ર સ્વરૂપ; અંધકારના અધિષ્ઠાતા; દાનવ સ્વરૂપે દેવ.

દુર્ગા: ઉમાનું રૌદ્ર સ્વરૂપ; મૃત્યુનાં દેવી; મૃતાત્માઓને તે યમ પાસે લઈ જાય છે.

યમ: નર્કના અધિષ્ઠાતા; પાપીને દંડ દેનાર.

સેમર: સ્મર, કામદેવ. ચંદ્રનું સ્વરૂપ તેનાં પત્ની દેવી-રતિ.

પશુપતિ: શિવનું લિંગાત્મક સ્વરૂપ. શિવનાં બીજાં સ્વરૂપો તે ઈશ્વર, મહાદેવ, શંભુ, રુદ્ર, કવેર (કુબેર) વગેરે.

કુમાર: બાળકોના રક્ષક દેવ. વરુણ: સાગરના દેવ.

અંતભોગ: અનંત-નાગ, શેષનાગ. તેનું બીજું નામ બાસુકી (વાસુકિ).

પર્તીવી: પૃથ્વી—પૃથ્વી. ધરતીનાં દેવી.

સંઘ્યાઙ્ગ–આકાશ: વ્યોમ, આકાશના દેવ.

ચિન્ત્ય: સર્વશક્તિમાન દેવ; તેમના શરીરમાંથી જ્વાળાઓ નીકળતી દર્શાવે છે.

ગણ: ગણપતિ ગણેશ. તેમનું મસ્તક પણ હાથીનું જ આલેખાય છે.

ભારતના હિંદુ ધર્મની સાથે આપણા ચારે વેદોનો સાર પણ બાલી લોકોને મળ્યો અને તેમાંથી તેમણે પોતાનો આગવો ગ્રંથ રચ્યો. આ ગ્રંથને બાલી-લોકો 'વેદા'ને નામે ઓળખે છે. તેમાં મુખ્યત્વે અત્યંત અર્થગંભીર તથા ગૂઢ મંત્ર-સંહિતા છે જેનું પઠન કેવળ બ્રાહ્મણ પુરોહિતો 'પેડન્ડા' જ પૂજાવિધિ સમયે કરે છે. આ વેદ ઉપરાંત બાલીનો બીજો ધાર્મિક મહાગ્રંથ તે 'બ્રહ્માણ્ડ-પુરાણ'. આપણા બાદરાયણ વ્યાસની કોઈ કૃતિના જેવા આ ગ્રંથમાં પણ પૌરાણિક આખ્યાયિકાઓ, વિશ્વની ઉત્પત્તિ તથા પ્રલય વિષેની કલ્પનાઓ તેમજ બાલીના વિવિધ દેવોની કથાઓ ભરેલી છે. પેડન્ડા–પુરોહિતોનો ઉપદેશસાર જે ગ્રંથોમાં એકત્રિત કરેલો છે તે ગ્રંથો 'તુતુર' કહેવાય છે. બાલીમાં સંસ્કૃત-ભાષા 'શ્લોક'ના નામે ઓળખાય છે અને તે મુખ્યત્વે બ્રાહ્મણ પેડન્ડા જ શીખે છે. દેન-પસામાં છેલ્લાં કેટલાંક વર્ષોથી રહેતા શ્રી નરેન્દ્રદેવ પંડિત દક્ષિણ બાલીમાં સંસ્કૃતનો સારો પ્રચાર કરી રહ્યા છે. જાવાની જેમ બાલીમાં પણ અત્યન્ત સંસ્કૃતમય 'કવિ ભાષા' સાહિત્યકારોમાં તેમજ કુળવાન કુટુંબોમાં ઘણી જાણીતી છે.

બાલીમાં દિશાઓના ચક્રને 'નવ-સંઘ' કહે છે. આઠ દિશાઓ ને મધ્યનું કેન્દ્ર મળી આ નવ-સંઘ બને છે. દરેક દિશાના એક અધિષ્ઠાતા દેવ હોય છે. આપણે ત્યાં પણ અષ્ટ દિક્પાલો છે જ. અહીં વળી દરેક દિશાનો એક આગવો રંગ પણ નિશ્ચિત કરેલો હોય છે. સાથેના રેખાચિત્રમાં આઠ દિશાઓ તથા મધ્યના કેન્દ્રના દેવ તથા વર્ણ દર્શાવ્યા છે.

બાલીના હિંદુઓનો પણ પરમ ધાર્મિક તેમજ આધ્યાત્મિક શબ્દ તે ૐ છે, જેનો ઉચ્ચાર તેઓ 'ઑંગ' કરે છે. આપણા માંડૂક્ય ઉપનિષદ્‌માં ૐને અ, ઉ, મ્ એવી ત્રણ માત્રામાં પૃથક્કૃત કર્યો છે, તેવી જ રીતે બાલીમાં પણ કર્યો છે, જેને તેઓ અંગ, ઉંગ, મંગ કહે છે. આ ત્રણ માત્રાઓ અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ તથા ઈશ્વરની પ્રતીક તેમજ સદા-શિવ, પરમ-શિવ તથા મહા-શિવની પ્રતીક મનાય છે. બાલીના લોકો ઓમને કાંઇક જુદી રીતે લખે છે અને તે રેખાકૃતિને તેઓ 'ઓંકાર' કહે છે. તે પણ સાથે દર્શાવી છે. એ રેખાકૃતિમાં ચમત્કારી શક્તિ રહેલી મનાય છે. પેડન્ડા–પુરોહિતોની પૂજાવિધિમાં પણ 'ઓમ'નો મંત્રોચ્ચાર વારંવાર આવે છે.

બાલીમાં બધી અગત્યની પૂજાવિધિ એ 'પેડન્ડા' જ કરાવે છે. 'પેડન્ડા' શબ્દની વ્યુત્પત્તિ સમજાવતાં વયાન ભદ્રાએ જણાવ્યું કે સંસ્કૃત 'દણ્ડ' શબ્દ ઉપરથી તે નીપજ્યો છે અને તેનો અર્થ પણ થાય છે 'દંડધારી'. ઘણી વાર પેડન્ડાને 'પંડિત' પણ કહે છે. તેમનાં પત્ની 'પેડન્ડા-ઇસ્ત્રી' કહેવાય છે, અને તે ઘણી વાર પૂજાવિધિમાં ભાગ લે છે.

પેડન્ડા બ્રાહ્મણોની મુખ્ય બે શાખાઓ છે: એક 'શિવ' અથવા 'શિવ-સિદ્ધાન્ત'ને નામે ઓળખાય છે અને બીજી 'બૌદ્ધ'ને નામે. ઘણાખરા બ્રાહ્મણો શૈવ પંથના હોય છે, જ્યારે બૌદ્ધ-શાખાના બ્રાહ્મણો નામના જ બૌદ્ધ હોય છે, અને તેમનો પૂજાવિધિ પોતાનો નોખો હોવા છતાં હિંદુ પ્રણાલિકાને જ અનુસરે છે. શૈવ પેડન્ડા પૂજા સમયે ઘંટડી તથા ફૂલો વાપરે છે અને પોતાનો 'સૂર્યકાન્ત'વાળો દંડ ધારણ કરે છે. તેમનું પૂજાનું પવિત્ર જળ (તીર્થ) રાખવાનું પાત્ર 'શિવાંબ્બ'

કહેવાય છે અને તેમની એક લાક્ષણિક મંત્ર-સંહિતાનું નામ 'ભુવન-કોશ' છે. શૈવ પેડન્ડા લાંબા વાળની જટા મસ્તકે ધારણ કરે છે જ્યારે બૌદ્ધ-પેડન્ડા ખભા સુધીના કાપેલા વાળ લટકતા રાખે છે. તિબેટી બૌદ્ધ લામાની જેમ બાલીના બૌદ્ધ-પેડન્ડા પૂજા-વિધિમાં ઘંટડી તેમજ વજ્ર (જેને તિબેટી ભાષામાં 'દોર્જે' કહે છે) ઉપયોગમાં લે છે. બૌદ્ધ-પેડન્ડાના મંત્રો તથા તેમની મુદ્રાઓ જુદી હોય છે.

પેડન્ડાની દિનચર્યામાં તેમનો પ્રાતઃકાળનો સંધ્યા-વિધિ સૌથી અગત્યનો છે. તે માટે ઘરની બહાર એક ચોતરા ઉપર લાકડાના ચાર થાંભલા તથા ઘાસ-નાળિયેરીનાં પાનના છાપરાવાળુ એક પૂજા-ગૃહ બનાવ્યું હોય છે. પૂજા વિધિમાં મુખ્યત્વે વેદના મંત્રોચ્ચાર હોવાથી આખો પૂજાવિધિ 'માવેદા' (મહાવેદા?) કહેવાય છે. 'માવેદા'નો પ્રારંભ કરતાં પહેલાં પેડન્ડા પાણીના કોગળા કરે છે, સ્નાન કરે છે, વાળ ઓળે છે અને વસ્ત્રો પહેરે છે. આ પ્રત્યેક ક્રિયા માટે નિશ્ચિત કરેલા મંત્રોનો તે દરેક વેળા ઉચ્ચાર કરે છે. દરમ્યાન તેમનાં પત્નીએ 'માવેદા' માટેનો બધો પૂજાપો બહાર ચોતરા પર ગોઠવ્યો હોય છે. આ સામગ્રી 'ઉપકર' કહેવાય છે. સૌપ્રથમ પેડન્ડા પદ્માસન વાળીને ધ્યાન-મુદ્રામાં બેસે છે. પછી મંત્રોચ્ચાર વડે ભટ્ટાર-શિવને જલપાત્ર 'શિવામ્બ'માં પ્રવેશવા આહ્વાન આપે છે, જેથી બધું જળ પવિત્ર બને. પછી 'હસ્ત-મંત્ર' ઉચ્ચારીને સળગતા ધૂપના ધુમાડા પર હાથ ધરી રાખે છે, જેથી હાથનું શુદ્ધિકરણ થાય. પછી હાથમાં ચંપકનાં ફૂલ રાખીને ફરી મંત્રોચ્ચાર કરે છે અને પછી ફૂલોને આસપાસ ફેંકે છે. સર્વે જનો સુખી થાઓ, એવું આશીર્વચન આ મંત્રમાં રહેલું છે.

હવે પેડન્ડા પ્રાણાયામ શરૂ કરે છે. બાલી-લોકો પણ તેને 'પ્રાણાયામ' જ કહે છે અને તેમાં મુખ્યત્વે એક નાસિકા દ્વારા ઊંડો શ્વાસ લઇ, તેને લાંબો સમય ઘૂંટીને પછી બીજી નાસિકા દ્વારા બહાર કાઢે છે. 'માવેદા' દરમ્યાન પેડન્ડામાં પોતામાં જ શિવનો સંચાર થયો હોય એમ તેને ભાસે છે અને તેનું મુખારવિંદ કોઈ અજબ કાંતિથી ચમકી ઊઠે છે. હવે તે ગળામાં, કાન પર તેમજ હાથ પર માળાઓ પહેરે છે. આ બધી માળાઓ 'ગેણિત્રી' (મણકા ગણવાની ગણતરી?) કહેવાય છે અને તેમાંની મોટી માળાને ૧૦૮ મણકા હોય છે. આ બધા મણકા કોઈ ફળના ઠળિયા કે પથ્થરમાંથી બનાવ્યા હોય છે, પણ તે બધાંને શિવ-લિંગનો આકાર આપ્યો હોય છે અને તેની વચમાં લિંગ આકારનું મોટું પદક હોય છે. હવે પોતામાં શિવ પ્રવેશ્યા હોવાથી પેડન્ડા ફૂલ વડે તોયતીર્થ પોતા પર છાંટે છે ને 'બાવા'નામની મોટી લાલ ટોપી પહેરે છે. તે પર સોનેરી જરી-ભરત ને તેની ટોચ પર એક ચમકતો પથ્થર જડયો હોય છે, જે 'સૂર્યકાન્ત' કહેવાય છે.

'માવેદા' દરમ્યાન પેડન્ડા ઘણી મુદ્રાઓ ધારણ કરે છે. બ્રાહ્મણ યુવાન સંતોષે અમને કેટલીક મુદ્રાઓ સમજાવી. એક મુદ્રાને 'ત્રિતત્ત્વ' મુદ્રા કહે છે, તો વળી બીજી 'તત્કર-શોધન-મુદ્રા' કહેવાય છે. 'બંગ-નેત્ર મુદ્રા'માં આંખોનું શુદ્ધિકરણ તથા વિનિયોગ થાય છે, જ્યારે 'શિવીકરણ મુદ્રા' દ્વારા ભટ્ટાર-શિવ સાથે તાદાત્મ્ય અનુભવાય છે. પેડન્ડાની 'અઘોર મુદ્રા'નો મંત્ર છે 'ઓરૂમ્ અમ્ અઘોરાય નમઃ', જ્યારે તેમના સૌથી પવિત્ર મંત્રને તેઓ 'કૂટ-મંત્ર' કહે છે. તે મંત્ર છે: 'ઓરૂમ્ હ્રૂં હું સઃ પરમ-શિવાદિત્યાત નમઃ' તેમાં પરમશિવ-આદિત્ય (સૂર્ય)ની વન્દના છે. ઘણાખરા સૂર્ય મંત્રો 'સૂર્યાર્ચન' નામના ગ્રંથમાંથી લીધેલા હોય છે. બીજા એક વિધિમાં ગેણિત્રી(માળા)ને ત્રણ વાર હાથમાંથી પસાર કરે છે. આને 'ધ્યાન-યોગ' કહે છે. પૂજા દરમ્યાન પેડન્ડા એક હાથના ખોબામાં તોય-તીર્થ ભરીને આચમની પણ લે છે. આ સમગ્ર પૂજાવિધિમાં તેમજ તેમના મંત્રોચ્ચારમાં મૂળ, શુદ્ધ ભારતીય તત્ત્વ ઘણે અંશે જળવાઇ રહ્યું છે. 'માવેદા' દરમ્યાન પેડન્ડા ત્રણ કે ચાર નાની ઘંટડીઓ લટકાવેલું એક ચક્કર પાસે રાખે છે અને તે પરના ગરુડ કે બીજા કોઇ આકારના ટોપચા વડે તે ઘંટારવ કરે છે. આ ચક્રને 'ઘંટારંગ' (ઘંટા-તરંગ?) કહે છે. એ ઉપરાંત સામાન્ય ઘંટડી તો પેડન્ડા પાસે હોય છે જ. સર્વસાધારણ અવલોકન અનુસાર પણ પેડન્ડાએ પોતાના ડાબા હાથના નખ વધારેલા હોય છે. તેમના દીપ-પાત્રને 'સૂર્ય' પણ કહે છે અને તે પર 'નાગ' કોરેલો હોય છે. ક્યારેક નાનો 'નંદી' કોરેલો જોવામાં આવે છે.

માવેદા (મહાવેદા) દરમ્યાન ઉપયોગમાં લેવાતા 'ઉપકર' વિષે ચર્ચા કરતાં મેં જણાવ્યું કે વિશુદ્ધ ભારતીય પ્રણાલિકા અનુસાર તે બધાં પંચ-મહાભૂતનાં પ્રતીક ગણાવાં જોઇએ; જેમકે પુષ્પ પૃથ્વીનું, તોય-તીર્થ જળનું, દીપક અગ્નિનું, ધૂપ વાયુનું તથા ઘંટડી આકાશનું. વયાન-ભદ્રા મારા સૂચન સાથે તરત સમ્મત થયા.

બાલીમાં પણ ધાર્મિક તથા આધ્યાત્મિક શિક્ષણ આપનારને 'ગુરુ' કહે છે અને વિદ્યાર્થીને 'શિશિય' (શિષ્ય) કહે છે. શિષ્ય ગુરુ પ્રત્યે અત્યન્ત નિષ્ઠા તથા ભક્તિ રાખે છે. આરંભમાં તે 'કવિ' ભાષા શીખે છે અને પછી શ્લોક (સંસ્કૃત) શીખે છે. આમ, આ બ્રાહ્મણ પેડન્ડા પુરોહિતોએ ભારતનાં ધર્મ, તત્ત્વ-જ્ઞાન તથા સંસ્કૃત સાહિત્યને દૂરના બાલીદ્વીપ પર આજ લગી જીવંત રાખ્યાં છે.

અમારી ચર્ચામાં રાત ખૂટી પણ વાત ન ખૂટી. ઘડિયાળનો કાંટો રાત્રિના અઢી બતાવતો હતો, એટલે અમારે નછૂટકે વાર્તાલાપ સંકેલવો પડચો. (ચાલુ)



ભારતના જેવી જ ચન્દ્રગ્રહણની કલ્પના—ચન્દ્રને ગળી જતા કાળરાહુનું બાલીની પ્રાચીન પરંપરાનું ચિત્ર.



રામલીલા

મૂળ લેખક : શ્રી રાધાકૃષ્ણ · અનુવાદક : હર્ષ ત્રિવેદી

અન્તે શોધીશોધીને શોધ્યો ત્યારે રામલીલાની મંડળી રાખવાનો ધંધો! દુકાન કરી હોત, મહાજનની જેમ લેણદેણનો કે એવો કોઈ ધંધો શોધ્યો હોત તો ધંધો તો કહેવાત! આ રામલીલાની મંડળી ચલાવવી એ તે કાંઈ ધંધો છે! પણ સાત પેઢીનો વારસો યે કેં છોડાય છે? આમ તો રામરતન નવા જમાનાની બુદ્ધિનો માણસ છે, એટલે આ ધંધો એને ગમતો તો નથી; પણ વારસાગત ધંધો છે ને, એટલે એ રામલીલાના મંડળને વિખેરી પણ શક્યો નહિ.

પણ આ જે–તે, હાલીમવાલી માણસો રામ બને છે, લક્ષ્મણ બને છે, વસિષ્ઠ ને વિશ્વામિત્ર બની જાય છે એ રામરતનને પસંદ નથી. આમાં તો રામની 'પૅરડી' જ થાય છે, લક્ષ્મણનો ઉપહાસ જ થાય છે, રાજા દશરથમાં દશરથપણું જ નથી હોતું ને મહાજ્ઞાની વસિષ્ઠના મુખમાંથી જ્ઞાનને બદલે અજ્ઞાનની જ વાણી નીકળે છે. આ રીતે આ જમાનામાં ધંધો ન થાય. જમાના પ્રમાણે ધંધામાં યે ફેરફાર કરવો જ રહ્યો.

અને એટલે જ રામરતન આજ પાંચ દિવસથી હેરાનહેરાન થઈ ગયો છે. રામનો અભિનય કરે એવો છોકરો જ એની પાસે કોઇ નથી. અને રામ વગર રામલીલા શી રીતે થાય? શ્યામ રંગનો ને નમણો કોઈ છોકરો મળી જાય એ આશાએ તે ગલીએ ગલીએ રખડે છે. ગામ આખામાં ફરી વળ્યો પણ કોઈ એવો છોકરો હાથ ન લાગ્યો. જે મળે એમાં કંઇક ને કંઇક ખોડખાંપણ હોય જ. મનપસંદ છોકરો મળશે કે કેમ એ પણ હવે તો શંકા છે.

પાંચમા દિવસે તો રામરતન થાક્યો. રામ નથી તો પછી રામલીલા પણ ન જ હોય ને? આશા પણ હવે ન રહી. ઉકરડાનો ઢગલો ખૂંદે કાંઈ શાલિગ્રામ હાથ આવે? આવડી મોટી/ધરતી પર પોતાના જેવો લાચાર માણસ કોઇ નહિ હોય એવું એને લાગ્યું; અને એની આ મૂંઝવણમાં કોઇ મદદગાર પણ ન રહ્યું. આ રામલીલાની મંડળી તો હેરાનગતિની મંડળી થઈ ગઈ. થાકીને બગીચાને એક બાંકડે બેઠો. રામ વગર રામલીલા કરવી શી રીતે એ જ પ્રશ્ન એના મનમાં ઘોળાતો હતો.

ત્યાં તો એણે એક સરળ, ભોળો, નિર્મળ, નિષ્કપટ, શામળો નમણો છોકરો જોયો. બગીચામાં પતંગિયા પાછળ એ દોટમદોટ કરતો હતો. કોણ હશે? કોનો દીકરો હશે? જો એ રામનો પાઠ લે તો બસ, પછી કાંઇ કહેવાપણું જ ન રહે. એણે બાળકને પોતાની પાસે બોલાવ્યો. પાસે બેસાડીને જાતજાતના સવાલ કર્યા. છોકરાએ કહ્યું, 'મારે બાપ નથી; મા છે. એ શું કરે છે એ તો હું ય જાણતો નથી. અમારે ઘેર ત્રણ ગાય છે. મા એનું દૂધ એક ભરવાડને વેચી દે છે. મારે એક મામા છે, બહુ આઘે રહે છે. રંગૂન ક્યાં આવ્યું એ ખબર છે? મારા મામા ઠેઠ ત્યાં નોકરી કરે છે. જ્યારે આવશે ને, ત્યારે મારે માટે ટોપલી ભરીને મીઠાઈ લાવશે. એક રબરનો દડો પણ લાવવાના છે. મને એક કોટ પણ સિવડાવી દેશે. ને ચડ્ડી તો તૈયાર જ મળે છે. બસ પછી કેવી મઝા?'

રામરતનને જોઇતું હતું તે મળી ગયું. એને તો જાણે આકાશનો ચાંદો હાથમાં આવ્યો. આથી વધારે લાયક બાળક, રામના પાઠ માટે, મળે એ અસંભવિત વાત ગણાય. થોડી વાર પછી રામરતન છોકરાની માના આંગણામાં ઊભોઊભો એની બધી શંકાઓનું નિવારણ કરી રહ્યો હતો. એની માને હવે જે થોડોક વાંધો રહ્યો હતો તે ય રૂપિયાના ખણખણાટ પછી શાંત થઇ ગયો.

રામરતને બાળકને પૂછ્યું, 'કેમ દોસ્ત, રામનો પાઠ કરીશને તું?'

'હોવે, કરીશ!'—બાળકે સરળતાથી કબૂલ કર્યું.

'પણ બાણ છોડીને તાડકાનો વધ કરવો પડશે, હોં?'

જવાબમાં બાળકે ખભા પરથી બાણ કાઢીને ધનુષમાં સાંધીને છોડવાનો એવો અભિનય કર્યો કે રામરતન ખુશખુશ થઈ ગયો. આવો તૈયાર છોકરો એને આ ભવમાં સાંપડવાનો નહોતો. જાણે સાક્ષાત ભગવાન રામનો જ અવતાર હોય એવો લાગે છે. એમનું જ બીજું રૂપ જોઈ લો! અને બીજા દિવસથી રામલીલાના પ્રેક્ષકોની ભીડ બમણી–ત્રણ ગણી થઇ ગઈ. એ છોકરો રામનાં રૂપ અને અભિનયને બરાબર સાર્થક કરતો હતો. રામરતનને હવે કાંઈ ચિંતા નહોતી.

લગભગ બાવીશ વર્ષ વીતી ગયાં. આટલા દિવસોની તો ઘણી વાતો એકઠી થઈ છે. રામરતનની રામલીલા મંડળી હવે આખા ભારતમાં પ્રખ્યાત છે. મંડળીની પાસે પૈસાની ખોટ નથી, આબરૂ અને પ્રતિષ્ઠાની મૂડી પણ સારી એવી છે; પણ છતાં યે આજે રામરતનને નિરાંત નથી. એની શાંતિ અદૃશ્ય થઈ ગઈ છે. એની મંડળી ગ્વાલિયરમાં આવી છે. ખુદ મહારાજા સાહેબે પોતાને બંગલે એ મંડળીને નોતરી છે. લોકોની આતુરતા પણ વધી ગઈ છે. પણ આજ પંદર દિવસથી રામરતન જાણી જોઇને, જાતજાતનાં બહાનાં કાઢીને, નિમંત્રણને ઠેલ્યા કરે છે.


વાત એમ છે કે એની પાસે યોગ્ય રાવણ નથી. જે વ્યક્તિ રાવણનો પાઠ કરે છે એનો પાઠ ખુદ રામરતનને જ પસંદ નથી, તો પછી ગ્વાલિયર નરેશને એ ક્યાંથી પસંદ આવવાનો છે? આવડી મોટી ધરતી પર એને રાવણ નથી જડતો! રાવણની શોધમાં તે ચોમેર ભટક્યા કરે છે, પણ સફળતા મળતી નથી. રાવણના જેવો માણસ એને ક્યાં ય મળતો નથી. રાવણના ચહેરા પર જ ક્રોધ હતો, હિંસા હતી. એના ગળામાંથી અવાજ ભારે ને કર્કશ નીકળતો હતો. રાવણ તો એવો જ હોયને? એવો રાવણ જ જગતમાતા જાનકીનું હરણ કરી જઈ શકે.

અંતે એવો એક માણસ એણે એક પીઠામાં જોયો. એના ચહેરા પર અભિમાન અને ક્રૂરતા હતાં. કર્કશ કંઠમાંથી ગાળોનો વરસાદ વરસ્યા કરતો. એ દુકાનદાર પાસે મફત શરાબ માગતો હતો, અને ન મળવાથી ગાળો દ્વારા બદલો વાળતો હતો. હા, આવી વ્યક્તિ જ રાવણનો પાઠ કરી શકે. એ પાઠમાં આવો માણસ જ શોભે. ચહેરા પર ભયાનકતા કેવી છે! આંખમાં હલકાઈ અને બદમાશી કેટલી ભરેલી છે! આ માણસ સાધુનો વેશ લઈને સીતાની પાસે જાય તો ય એના મન, એની વાણી અને એના રૂપની ભયાનકતા છાની ન રહે. જોતાંવેંત લોકો કહી ઊઠશે, આ જ રાવણ છે,—કપટી, બદમાશ...

રામરતને પીઠાવાળા સામે પાવલી ફેંકી અને કહ્યું, 'ભાઈ, મારા તરફથી એને એક બૉટલ પિવડાવો! રાવણના રૂપવાળા એ ગુંડાને નવાઇ લાગી. આનંદપૂર્વક એણે કહ્યું, 'તું તો ખરેખર કોઇ સાચો દયાળુ માણસ લાગે છે. બોલ યાર, બદલામાં હું તારું શું કામ કરું?'

રામરતને કહ્યું : 'મારી એક રામલીલા મંડળી છે. એમાં તારે રાવણનો પાઠ કરવો પડશે.' 'રાવણ?' ઘડીભર એ ગુંડો વિચારમાં પડ્યો. પછી કહે, 'ભલે, કરીશ'. અને ખરેખર એણે રાવણનો પાઠ બહુ જ સારી રીતે ભજવી બતાવ્યો. બધા ખુશખુશ થઈ ગયા. રામલીલા પૂરી થયા પછી રામરતને એને પૂછ્યું, 'બોલ ભાઈ, તને શું મહેનતાણું આપું?'

રાવણ કહે: 'મને તો આપના તરફથી પહેલાં (અનુ. પૃ. ૨૯૩)



ઇસુની આઠમી સદીનાં, છેક જાવામાં આવેલા બોરોબુડુરનાં પ્રાચીન શિલ્પોમાં કંડારાએલું, ઊછળતા સાગરમાં આવેગભેર ધસતા ભારતીય જહાજનું આ શિલ્પ પ્રાચીન ભારતીયોની નૌવિદ્યામાં પારંગતતાની પ્રતીતિ કરાવે છે. મૂળ શિલ્પ પરથી કરેલું આ રેખાંકન ભારતસરકારના સચિત્ર 'રાજ્યબંધારણ'ની પ્રતમાં કલાગુરુ નંદલાલ વસુની કૃતિ છે.

'સ્વ. સુકાની'ની નવી લેખમાળા પ્રાચીન ભારતીય વહાણવટું

પ્રકરણ પહેલું
પ્રાગ્વૈદિક કાળનું વહાણવટું

માનવ-ઇતિહાસના આદિકાળથી જ માનવીનાં પરિભ્રમણ અને સ્થલાંતરનું એને સવથા અવશ બનાવતું કારણ તે ખોરાકની શોધ। 'જઠરપિઠરવર્તી વહ્નિરર્થીકરોતિ' એ વાક્ય એને જન્મ સાથે જ સાર્થક કરવાની ફરજ પડી છે અને એ સદોજ્જ્વલિત જઠરાગ્નિએ જ પહેલ પ્રથમ એને વનવગડા, પહાડો અને વેરાનો ખોળતો બનાવ્યો છે. એ અગ્નિએ એને નદીનાળાં પાર કરતો બનાવ્યો; અને એણે જ નદીઓના ઊંડા અને પહોળા પટ સહીસલામત પાર કરવાનાં હર, તરાપા અને નાવડી જેવાં સાધનો બનાવતાં એને શીખવ્યું. વળી જ્યાં જમીન ઉપર અહર્નિશ જોઇતો પેટપૂરતો ખોરાક મેળવવાની મુશ્કેલી પડતી હોય, અને જ્યાં સંયોગવશાત્ સામે જબ્બર પાણીપટ માછલાંઓથી ભર્યો પડયો હોય ત્યાં મત્સ્યબન્ધન(માછલાં પકડવા)નો વ્યવસાય જન્મ્યો. જ્યાં એ પાણીપટ નદીઓનો હતો ત્યાં નાની નાવો જન્મી, અને જ્યાં એ પટ ઘૂઘવતા સાગરનો હતો ત્યાં સાગર ઉપરનાં વહાણો જન્મ્યાં.

૨

જેમજેમ માનવી મત્સ્યોનો શિકાર કરતો ગયો તેમતેમ મત્સ્યો દૂર નાસવા લાગ્યાં અને માનવી ઊંડા ભાગમાં અને જમીનથી દૂરનાં પાણીમાં એની પૂંઠ પકડતો થયો; અને આમ, જે કેવળ કંઠારી વહાણવટું બનવા સરજાયું હતું તે, આખરે, અનેક માનવીઓ અને અનેક વહાણોનો નાશ થયા પછી, મઝધારનું વહાણવટું બની ગયું.

એક વાર સાગર ઉપર નાવનું પઠાણ મૂક્યું, પછી એને કંઠાર નજદીક રાખવું અસંભવ છે. સાગરનાં પાણીનાં જુવાળ અને ભાઠા, એનાં ઊંડાણમાં વહેતી તાણ, પવનનાં વહેણ અને ઓચિંતાં ત્રાટકતાં પવનપાણીનાં તુફાનો, અવશ્ય એ નાવને કાંઠાથી ઘણે દૂર ઘસડી જવાનાં; અને ઉપર કહ્યું છે તેમ, અનેક માનવીઓ તથા અનેક વહાણોના વિ-

પોતાની વિદ્વત્તા તથા સાગર-ખેડના બહોળા જ્ઞાન અને તદનુષંગી સાગર-કથાઓ વડે ગુજરાતી સાહિત્યમાં અનન્યકીર્તિ બનેલા સ્વ. 'સુકાની' છેલ્લેછેલ્લે પ્રાચીન ભારતીય વહાણવટા પર પુસ્તક લખી રહ્યા હતા, એનો આંશિક ઉલ્લેખ અમે કરી ગયા છીએ. એની અધૂરી રહેલી હાથપ્રત એમનાં પુત્રી શ્રીમતી સરસ્વતીબહેને અમને મોકલી તે જોતાં જ લાગ્યું કે એ કાર્ય તેઓ પૂરું કરી શકયા હોત તો માત્ર ગુજરાતના જ નહિ પણ ભારતીય સાહિત્યમાં એ એક મોઘું અર્પણ ગણાત. પોતાના પ્રિય લેખકની એ અધૂરી—પણ મધુરી ને મહત્ત્વની કૃતિ 'કુમાર'ના વાચકો ઉમંગથી આસ્વાદશે એવી શ્રદ્ધા સાથે તે ક્રમશઃ આ અંકથી શરૂ કરીએ છીએ.



નાશ પછી, માનવી મઝધારનું વહાણવટું શીખી ગયો, અને સાથેસાથે પવનપાણીનાં ઘમસાણમાં પણ સુરક્ષિત રહી શકે અને રાખી શકે એવાં વહાણો બાંધતાં પણ શીખી ગયો. એવી જ રીતે એ ઉપર આભ અને નીચે પાણી, એવા ગુમરાહ જલમય વેરાનમાંથી પણ, દિવસે સૂર્યની અને રાત્રે તારાઓ તથા નક્ષત્રોની ગતિ જોઇને, પોતાની ધરતી કંઠાર વિનાયાસે શોધી કાઢતો થઈ ગયો.

આમ, એ સાગરપારના વહાણવટાનો વ્યવસાયી બન્યો. મોટા મોટા મગરમચ્છનાં પેટાળ જોઈ એણે વહાણોના ઘાટ ઉપજાવ્યા. પાણીમાં તરતાં મત્સ્યો પૂંછડીને આમ કે તેમ સહજ ઝપટ મારીને ઇચ્છા મુજબ જમણી કે ડાબી દિશા નોંધી શકે છે, એ જોઇને એ વહાણની પછવાડે પહોળા ફળાનું મોટું હલેસું રાખીને વહાણની દિશા ફેરવતાં શીખ્યો.

કઈ ઋતુમાં પાણી અને હવાની તાણ કઈ દિશામાં વહેતી રહે છે એનું એને જ્ઞાન થવા લાગ્યું. આખરે એકાદ સુભગ અકસ્માતે એને શીખવ્યું, કે જો વહાણ ઉપર જરા ઊંચે એકાદ મજબૂત વલ્કલ બાંધ્યું હોય, તો એમાં ફસી ગએલી પવનની તાણ એટલી તો જોરાવર નીવડે છે, કે એ પ્રહરો સુધી હલેસાંની જરા પણ સહાય વગર વહાણને આગળ ધપાવ્યે રાખે છે: આમ 'યન્ત્રયુક્તામ્' એટલે સુકાનવાળી અને 'વાતાસહામ્' એટલે સઢવાળી નાવનો જન્મ થયો, અને સાથે જ દરિયાપારના વહાણવટાનો ઉદ્ભવ થયો.

૩

જ્યાંજ્યાં જમીન ઉપર ખોરાકની મુશ્કેલી પડી, જ્યાંજ્યાં સામે સાગર ઘૂઘવતો રહ્યો, જ્યાંજ્યાં મત્સ્યબન્ધકો પાણીના ઊંડા તાગમાં દૂર સુધી મત્સ્યનો શિકાર કરતા થયા, જ્યાંજ્યાં ઋતુઋતુએ દિશા તથા વેગ બદલતાં સાગરનાં અને પવનનાં વહેણનું જ્ઞાન વધતું ગયું અને જ્યાંજ્યાં સૂર્ય, તારા અને નક્ષત્રોની બારમાસની ગતિનું તથા એમનાં સ્થાનાન્તર અને ઉદયાસ્તનું જ્ઞાન પણ વધતું ગયું ત્યાંત્યાં પરસ્પરથી સ્વતન્ત્રરીતે દરિયાપારના વહાણવટાનો જન્મ થયો. આખું વહાણવટું ભૂમધ્ય સમુદ્રમાં ફિનસ્તાનીઓએ જન્માવ્યું, કે ઇરાની અખાતમાં અરબોએ જન્માવ્યું, કે ભારતીય કંઠારને બેય પડખે વસતા દ્રહ્મીળકો, કે મુંડ, કે સંથાલ, કે ખ્મેર લોકોએ જન્માવ્યું કે ચીનની કે બીજી કોઈ પ્રાચીન પ્રજાએ જન્માવ્યું, એમ કહેવું એ સર્વથા વાસ્તવિક નથી, તે ઉપર દર્શાવેલી વાતોથી સહજે સમજાઈ જાય એવું છે. વાસ્તવિકરીતે તો જ્યાંજ્યાં એની જરૂર અનિવાર્ય થઈ પડી ત્યાંત્યાં એ જન્મ્યું.

૪

ભારતનો પ્રાગ્વૈદિક કાળ તે પ્રાગૈતિહાસિક કાળ પણ કહી શકાય. આજના ઇતિહાસનાં આદિસાધનોમાં લેખિત સાધન તે વેદસંહિતા છે; અને થોડા દાયકાઓ પહેલાં જ જેની શોધ થઈ છે એ મોહેં-જો-ડેરો અને હરપ્પાનાં ખોદકામમાંથી મળેલાં પુરાતન સાધનોએ તો એ વેદસંહિતાના અર્થો પણ બદલાવી નાખ્યા છે; કારણ એ ખોદકામે પુરવાર કર્યું છે કે આર્યો ભારતમાં આવ્યા તે પૂર્વે પણ અહીં અતિ સંસ્કારવાળી ને સત્ત્વશીલ પ્રજાઓ રહેતી હતી, એટલું જ નહિ પરંતુ એ ખોદકામમાં મળેલી મુદ્રાઓમાંની બે ઉપર કૂવાથંભવાળાં વહાણોની પ્રતિકૃતિઓ છે એ દેખાડે છે કે એ પ્રાગ્વૈદિક પ્રજા પાસે સઢવાળાં વહાણો પણ હતાં.

આર્યો ભારતમાં આવ્યા એવો જ એમને આ 'પ્રાગ્આર્ય' પ્રજાઓ સાથે સંપર્ક અને સંઘર્ષ શરૂ થયો. અલબત્ત આર્યોએ આ આદિપ્રજાઓને ઘણું યે નવું નવું દેખાડયું ને શિખવાડયું હશે જ; પરંતુ બીજી વાત પણ એટલી જ નિર્વિવાદ છે કે આ આદિ પ્રજાઓ પાસેથી આર્યો પણ અનેક નવાં દર્શનો પામ્યા હશે અને નવુંનવું શીખ્યા હશે. ખાસ તો આર્યો અનેક સૈકાઓ સુધી પંચનદ પ્રદેશ ને એની પૂર્વેના આર્યાવર્તમાં જ વસતા હતા, એટલે વહાણવટું તો ભારતની બંને કંઠાર ઉપર વસતા આદિવાસીઓએ જ એમને શીખવ્યું હશે. વળી પશ્ચિમ કિનારા ઉપરના સમુદ્રની જાણ આર્યોને પ્રથમ થઇ હોય એમ લાગે છે, કેમકે પંચનદમાંની મોટી નદીઓ સમુદ્રને મળે છે એ વાત સ્વાભાવિકરીતે વહેલી ધ્યાનમાં આવી હશે, જ્યારે પૂર્વ તરફનો એમનો પ્રસાર ધીમેધીમે થતો હોવાથી પૂર્વ સમુદ્રનું પ્રત્યક્ષ જ્ઞાન મોડું થયું હશે. જોકે આજે જે સંહિત સ્વરૂપમાં વેદસંહિતા મળે છે તેમાં પૂર્વ અને અપર એવા બેય સમુદ્ર વિષે પૂરતી જાણકારી મળે છે.

૫


પશ્ચિમ સમુદ્રનું જ્ઞાન આર્યોને આપનાર પ્રજા તે આજના ભીલો, શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલા આભીરો, મહાભારતના કાબાઓ તથા આખી પશ્ચિમ કંઠારના દક્ષિણ ભાગમાં વસતા દ્રવિડોના પૂર્વજોની પ્રજા હોવી જોઇએ, એમ પણ વિના સંદેહે કહી શકાય એમ છે. વેદસંહિતામાં આદિપ્રજાઓનાં અનેક નામો છે: રક્ષસ્, દસ્યુ, પણિ વગેરે; ને એમાંની કેટલીક જાતિઓ દ્રવિડ પ્રજાના પૂર્વજો—આદિ દ્રવિડોના પુરખા હોવાનું મનાય છે. એ 'દ્રમીળહકો' તે જ સંસ્કૃતમાં 'દ્રવિડ', ને એમની પોતાની ભાષામાં 'તમીળ'; અને એ લોકો જ પ્રાગ્વૈદિક કાળથી ભારતના પશ્ચિમ તથા પૂર્વ કંઠારના દક્ષિણાપથ ઉપર જબરદસ્ત સત્તા અને સંસ્કૃતિ પોષતા હતા એ વિષે હવે પ્રમાણોનો તોટો નથી. આર્યોને વહાણખેડનો અને પશ્ચિમસાગરનો પરિચય કરાવનાર આ દ્રમીળહકો હોઇ શકે.

૬

કંઠારી દ્રવિડો અથંગ સાગરખેડુઓ છે અને બહુ પ્રાચીન કાળથી—એટલેકે પ્રાગૈતિહાસિક કાળથી જબ્બર દરિયાખેડુઓ હતા એ વાતનાં અનેક પ્રમાણો મળે છે. પ્રાચીન યહૂદી બોલીમાં 'મોર'ને માટેનો શબ્દ 'તુકી', તે પ્રાચીન દ્રવિડ (તમીળ) શબ્દ 'તોકૈ' છે; ને સબરની વનસ્પતિ માટેનો પ્રાચીન યહૂદી શબ્દ 'અહલિમ' પણ પ્રાચીન તમીળ શબ્દ 'અહિળમ્' છે. આ જ રીતે વાંદરા, ચોખા, આદુ, હાથીદાંત, ચંદન વગેરે શબ્દો પ્રાચીન યુરપીય ભાષામાં તમીળરૂપે જ પ્રવેશ્યા છે, એટલું જ નહિ પણ પ્રાચીન ફિનસ્તાની બોલીમાં તો



ભારતની પ્રાચીન સંસ્કૃતિની પ્રતીતિ કરાવતા અવશેષોમાં મોહેં-જો-ડેરો આદિનાં ખંડિયેરો પછી કાલાનુક્રમમાં તરત આવે છે તે ઈ. સ. પૂર્વે બીજી સદીના ભારહૂતના શિલ્પાવશેષ. એમાં બતાવેલી આ નાવના બંને છેડા અણિયાળા છે. લાગે છે કે નારિયેળની કાથી વડે બાંધેલાં પાટિયાંની એ નાવ બનાવી હશે. નાવ પર તિમિંગલે હલ્લો કર્યાનું તેમાં આલેખન છે અને નાવના યાત્રીઓને તે ગળી જતું દર્શાવ્યું છે. એમ મનાય છે કે આ દૃશ્યમાં બુદ્ધની કૃપાથી તિમિંગલના મુખમાંથી થએલી વસુગુપ્તની રક્ષાનું ચિત્રણ છે.



ઈ. સ. પૂર્વે અઢી હજાર વર્ષ પહેલાંના મોહેં-જો-ડેરોમાંથી મળેલી મુદ્રાઓ પર જહાજની પહેલવહેલી આકૃતિનું દર્શન થાય છે તે ડાબી બાજુના પ્રથમ ચિત્રમાં છે. તે પછી, ઈ. સ.ની બીજી સદીના આંધ્રના સિક્કાઓ પર વહાણની જે આકૃતિઓ જોવા મળે છે તે આપી છે.

ફડીબંધ શબ્દો સીધા તમીળમાંથી જ ગયા હતા, ને બલુચિસ્તાનની એક બોલી બ્રહી તો સર્વાંશે પ્રાચીન તમીળ છે. ફિનિસ્તાની, યહૂદી અને બીજા દૂરના દેશાવરોની પ્રજામાં તમીળ બોલીનો આ પ્રભાવ દ્રવિડો અને એ દેશોનો ગાઢ તથા લાંબા કાળનો સંપર્ક દેખાડે છે ને એ સંપર્ક વહાણવટાએ જ સાધ્યો તથા નિભાવ્યો હતો એ સ્પષ્ટ છે. એ રીતે જો પંચનદમાં આવ્યા એ કાળે આર્યો સાગર અને સાગર ઉપરના વહાણવટા વિષે અનભિજ્ઞ કે અલ્પજ્ઞ હોય તો એમને એ વિષે વિશેષ જ્ઞાન પૂરું પાડનાર વિદ્યાગુરુઓ દ્રવિડો જ હોવા જોઇએ.

૭

પણ સાગર અને સાગર ઉપરના વહાણવટાના જ્ઞાનને સાર્થક તો કરાય જો પ્રજામાં વેપાર અને નાણાંવટ ખીલતો હોય. એ વેપાર અને નાણાંવટ આર્યોને વિશેષરૂપે જેણે શીખવી તે આદિ પ્રજા તે પણિ. આજે પણ સંસ્કૃતમાંથી ભારતની અનેક પ્રાદેશિક ભાષાઓમાં પણમ (નાણું) પણ્યમ્ (કીમત) વિપણિ (હાટ, બજાર) વગેરે શબ્દો આ વૈદિક કાળના પણિઓએ આપેલા જેવા ને તેવા રહ્યા છે. પણિ એટલે વણિક–મહાજન એમ પુરવાર થાય છે. વેદસંહિતામાં 'છપ્પન ઉપર ભેરી વાગે' એવા અનેક પણિમહાજનનો નિર્દેશ છે. આમ દ્રમીળહો અને પણિઓએ વહાણવટું અને વેપાર વેદકાળ પહેલાં જ ભારતમાં ધીખતાં કર્યાં હતાં. એમને આ વિષયમાં આર્યો પાસેથી કશું શીખવાનું ન હતું; જ્યારે આર્યો ભારતમાં પહેલપ્રથમ આવ્યા ત્યારે એમને આ દ્રમીળહો અને પણિઓ પાસેથી ખૂબ શીખવાનું હતું. બનવાજોગ છે કે પણિઓ અને દ્રમીળહો પરસ્પરથી બહુ અંગે અવિભિન્ન હોય.


પ્રકરણ બીજું : વૈદિકકાળનું વહાણવટું

૮ સંહિતામાં સાગર

'આ સમુદ્રાદવરાદાપરસ્માત્' એ રીતે, વસિષ્ઠ ઋષિએ (ઋ.વે.૭, ૬,૭માં) ભારતની પશ્ચિમ અને પૂર્વ કંઠારે ઘૂઘવતા બેય મહાસમુદ્રોનો નિર્દેશ કર્યો છે. અહીં પશ્ચિમ સાગર તે 'અપર સમુદ્ર'; ને અવર (બીજો) સાગર તેને માત્ર 'અવર' જ કહ્યો છે. એ જ સંહિતામાં, અન્યત્ર જૂતિ ઋષિએ 'અવર સાગર' માટે 'પૂર્વ સમુદ્ર' શબ્દ વાપર્યો છે (ઉભૌ સમુદ્રાવાક્ષેતિ યશ્ચ પૂર્વ ઉતાપરઃ–ઋ. વે. ૧૭, ૧૩૬, ૫). કવિ કાલિદાસે 'કુમારસંભવ' મહાકાવ્યના પ્રથમ સર્ગના પ્રથમ શ્લોકમાં, જૂતિ ઋષિએ વાપરેલાં નામોનો ઉપયોગ કરતાં 'પૂર્વાપરૌ તોયનિધિ' એમ કહ્યું છે, એ દેખાડે છે કે નિદાન ઇસુ પૂર્વે ૧૫૦૦-૨૦૦૦ વર્ષથી માંડી ઈસુ પછી ૨૦૦–૪૦૦ વર્ષ સુધી આ બે નામ ચાલુ હતાં. પૂર્વ સાગર તે આજનો બંગાલ સાગર અને પશ્ચિમ સાગર તે આજનો અરબી સાગર અથવા ખુદ અરબોનો 'લાર' સાગર. પંચનદ પ્રદેશોમાંથી વહેતી નદીઓ એ અપર સાગરને મળતી એ વાતનો યે પરાશર ઋષિએ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે (સમુદ્રં ન સ્રવતઃ સપ્ત યહ્વીઃ–૧, ૭૧, ૭). આર્યો પહેલપ્રથમ પંચનદ પ્રદેશમાં ઊતર્યા અને એ દેશને સિન્ધુ તથા સરસ્વતી જેવી મહાનદીઓ અપર સાગર સાથે જોડતી હોવાથી આર્યોને અપર સાગર વિષે વહેલું જ્ઞાન થાય એ સ્વાભાવિક છે. ભલે આરંભમાં એ જ્ઞાન પણિઓ અને દ્રમીળહો દ્વારા પરોક્ષરીતે થયું હોય, પણ બહુ થોડા સમયમાં આર્ય જુવાનો સાગર ઉપર ઝંપલાવવાને ઉત્સુક થઈ ઊઠેલા.

૯ સમુદ્રીય વહાણવટાનું પ્રલોભન

આર્ય જવાનોએ જોયું કે યજ્ઞયાગ અને પશુપાલનમાં આખું જીવન



ઈસ્વીસનની પાંચમી સદીની અજંતાની ચિત્રણામાં પણ નાવનાં આલેખન છે. તદ્દન કટોરા જેવી આકૃતિની પહેલી નાવના મોરા પર મકરમુખનું શોભન છે. રાજકુમાર વિજયની સિંહલયાત્રાનું તેમાં આલેખન છે. વચલું જહાજ દરિયાઇ સફર માટેનું જણાય છે. તેમાં ત્રણ કુવાસ્તંભ અને સઢ પણ આલેખાયા છે. છેલ્લું વહાણ સંભવતઃ નદીમાં સફર કરવા માટેનું લાગે છે. તેના બંને અણિયાળા છેડામાં આંખો ચીતરેલી છે અને વચ્ચે મંડપની નીચે કોઇ રાજવી દંપતી બેઠેલાં જણાય છે. જમણી બાજુ સુકાની લાગે છે.

ગાળનાર માણસ જો વનવગડા માથે કરીને હજારો મણ લાકડાં અને સેંકડો મણ ઘીની અગ્નિને આહુતિઓ આપીને પણ હજાર ગાયનો ધણી થાય તો જીવનભરની કમાઇની પરાકાષ્ઠા આવી રહે છે.—ઉદાહરણ તરીકે વસિષ્ઠની સંપત્તિનો ખયાલ આપતાં ઋષિ ભરદ્વાજ કહે છે કે એ 'સંસહસ્ર' એટલે હજાર ગાયોવાળા હતા (ઋ. ૭, ૮, ૬)—જ્યારે પણિ વ્યાપારીઓને મન હજાર ગાય એ તો બહુ સામાન્ય વાત હતી; અને બૃબુ જેવા પણિઓ એક હજાર ગાય તો એક જ માગણને દાનમાં આપી દેતા હતા! (ઋ. વે. ૬, ૪૫, ૩૧ અનુ.) આર્યોમાં સંહિતાકાળમાં જ જૂના અને નવા વિચારોનો ભેદ પડી ગયો હતો. ખુદ ઋષિઓમાં પણ જૂના અને નવા એવા વિભાગ પડી ગયા હતા (યે ચ પૂર્વે ઋષયો યે ચ નૂત્નાઃ ઋ. વે. ૬, ૨૨, ૯). બનવાજોગ છે કે આ 'નવા' વિચારના યુવાનોએ પણિ અને દ્રમીળહ જેવી અનાર્ય જાતિઓની સમૃદ્ધિથી લલચાઇને પ્રથમ એમની સાથે એમનાં વહાણોમાં અને પછી સ્વતંત્ર રીતે પોતાનાં માણસો સાથે પોતાનાં વહાણોમાં સાગરસફરો શરૂ કરી હશે. પરંતુ વેદસાહિત્ય સાગરસફરોની વાતોથી ભર્યું પડ્યું છે જ.

૧૦

સંપત્તિ તો સાગરમાંથી જ, એ વાત વેદસંહિતામાં વારંવાર કહેવાઈ છે: ધનાભિલાષીઓએ તો સાગરપ્રયાણ કરવું (સમુદ્ર ન શ્રવસ્યવઃ– ઋ. વે. ૧, ૪૮, ૩); સાગરખેડુઓની વિશિષ્ટ દેવતા તે અશ્વિનીકુમારો, એમની પ્રાર્થના કરતાં પ્રસ્કણ્વ ઋષિ 'સમુદ્રમાંથી સંપત્તિ માગે છે' (રયિં સમુદ્રાત્–ઋ. વે. ૧, ૪૭, ૬); સવ્ય ઋષિ અન્યત્ર ઇન્દ્ર વિષે કહે છે કે એના પ્રાર્થીઓ એની આસપાસ એવી ગિર્દી કરી રહ્યા છે, જેમ ધનાભિલાષી વ્યાપારીઓ સાગરપંથારો ઉપર ગિર્દી કરી રહે છે (સમુદ્રે ન સંચરણે સનિષ્યવઃ– ઋ. વે. ૧, ૫૬, ૨); સાગર તે રત્નાકર છે ને જેને ખરી સંપત્તિમત્તા કહીએ એવી સમૃદ્ધિનો એ જ આધાર છે એ અનેક આર્ય વહાણવટીઓના અનુભવને ટૂંકાક્ષરી વાક્યમાં મૂકતાં ત્રિત ઋષિએ કહ્યું છે કે' એકઃ સમુદ્રો ધરુણો રયીણામ્ (ઋ. વે. ૧૦, ૫, ૧); અને એનો પડઘો પાડતાં સપ્તગુ ઋષિ કહે છે કે 'ચતુસ્સમુદ્રો ધરુણં રયીણામ્'–ચારે સાગર સમૃદ્ધિનો આધાર છે (ઋ. વે. ૧૦, ૪૭, ૨).

આવી સંપત્તિ પૂંઠે આર્યો ન લાગે એ અસંભવ છે. બનવાજોગ છે કે વહાણવટાના વ્યવસાયમાં પડનાર આર્યોને પણિ અને દ્રમીળહકો જેવી અનાર્ય જાતિનો સંપર્ક સાધવો પડે એ રૂઢિગ્રસ્ત આર્યોને ન ગમે, કારણ એ સંપર્કને લીધે જ નહિ પરંતુ સાગરયાત્રા કરતાં બધા આચાર પાળી ન શકાય, યજ્ઞયાગ તજવા પડે, વગેરેને લઈને સૂત્રકાળમાં મળે છે એવો નિરોધ વેદકાળે પણ હશે જ, ને સૂત્રકાળમાં નિર્દેશેલાં નામો તે કાળે અસ્તિત્વમાં ભલે ન હોય છતાં, જ્યાં આવા આર્ય ને અનાર્ય વહાણવટીઓ વસતા હોય, એ કંઠારી ભારતમાં પગ મૂકનારને પણ આર્યાવર્તમાં આવવા સાથે જ પ્રાયશ્ચિત્ત કરવું પડતું હશે એમ લાગે છે:

સિન્ધુસૌવીરસૌરાષ્ટ્રાંસ્તથા પ્રત્યન્તવાસિનઃ
અંગબંગકલિંગાંશ્ચ ગત્વા સંસ્કારમર્હતિ.

૧૧ સંહિતામાં 'સમુદ્રસ્ય મહિમા ગભીરઃ'

એકવાર આર્યો વહાણવટું કરતા થયા કે, પછી ખુદ વેદમન્ત્રોમાં પણ સમુદ્રવર્ણનો અનિવાર્ય થઇ પડ્યાં, ને કેટલાંક વર્ણનો તો કેવળ સાગરના પ્રત્યક્ષ અનુભવી કરી શકે એવાં જ છે: સાગર અતિ વિશાળ છે (વિશ્વા અવીવૃધત્ સમુદ્રવ્યચસમ્–ઋ. વે. ૧, ૧૧, ૧) (સમુદ્રો ન વ્યચઃ–ઋ. વે. ૧, ૩૦, ૩); એ સર્વ સલિલોમાં મોટો છે (સમુદ્રજ્યેષ્ઠાઃ સલિલસ્ય મધ્યાત્–ઋ. વે. ૭, ૪૯, ૧); આવા અનેક નિર્દેશો સંહિતામાં ભર્યા છે અને કહ્યું છે કે 'સમુદ્રસ્ય મહિમા ગભીરઃ' (ઋ. વે. ૭, ૩૩, ૮).

વળી ઠેકઠેકાણે સમુદ્રને વિશેષણો આપ્યાં છે: એ સદાય ક્ષુબ્ધ છે, એને વિશ્રામ નથી, એ દેદીપ્યમાન છે, એ શુચિ છે, એ ઔષધિઓથી પૂર્ણ છે, એમાં ક્યાંય આલમ્બન નથી, એમાં ઝાલવાને કશો આધાર નથી વગેરે વાતો જાણનાર અને વેદની ઋચાઓમાં એનો નિર્દેશ કરનાર જો સાગરના પરિચિત ન હોય તો 'સરસામસ્મિ સાગરઃ' કહેનાર સ્વતઃ દ્વારકાપતિ શ્રીકૃષ્ણ પણ સમુદ્રના પરિચિત ન હતા, એમ કહેવું પડે!

૧૨ સંહિતામાં વહાણો

વેદોમાં 'નાવઃ સમુદ્રિયઃ' એ શબ્દોથી સાગર ઉપર ચાલતાં વહાણો ખાસ નોંધ્યાં છે (૧, ૨૫, ૭). એ વહાણો કેવાં હશે એ જાણવાની પણ સંહિતામાં પુષ્કળ સામગ્રી ભરી પડી છે. સારાં વહાણ કેવાં હોય એનું વર્ણન કરતા વિશેષ શબ્દો જોતાં એમ પુરવાર થાય છે કે વહાણની બાંધણી ને એના ઉપરનાં જરૂરી સાધનોનું વૈદિક કાળે એવું ઊંચું ધોરણ હતું કે જે ધોરણે બાંધેલાં અને સજ્જ કરેલાં વહાણો આજે પણ, આશરે પાંચ હજાર વર્ષ પછી પણ સારાં ગણાય.

આમાંનાં થોડાંક વિશેષણો આ પ્રમાણે છે: સુત્રામાણ, પૃથુ, સુશર્માણ, સ્વરિત્રા, અસ્રસવન્, સુપ્રણીત ને અનાગસ. બીજાં પણ 'દ્વૈત્રી' વગેરે વિશેષણો છે, પણ ઉપર ગણાવેલાં વિશેષણો વહાણોની બાંધણી ને આલાત સમજવા માટે પૂરતાં છે. આ વિશેષણો અન્યત્ર પણ મળે છે, પણ ઋગ્વેદ ૧૦, ૬૩, ૧૦નો જ નિર્દેશ અહીં બસ છે.

મોહે'-જો-ડેરોના ખોદકામમાંથી મળેલી મુદ્રાઓમાંની બે ઉપર વહાણોની આકૃતિઓ મળી છે (જુઓ આકૃતિ ૧ અને ૨) એમાં કુવાથંભ દેખાડ્યો છે, એટલે લગભગ ઈસુ પૂર્વે ૨૫૦૦ વર્ષ પહેલાંનાં વહાણો સઢથી ચાલતાં હતાં એ વિષે હવે પ્રશ્ન રહેતો નથી. કુવાને સ્થિર રાખવા માટે, પરબાણને ઊંચુંનીચું કરવા માટે ને ડાબે કે જમણે ફેરવવા માટે, સઢ ઘટાવવાને-વધારવાને, ડાબો-જમણો કરવાને અને એનો કારસો કરવાને, એમ અનેક કામ માટે અનેક જાતના રસ્સાઓની આલાતવાળું વહાણ તે 'સુત્રામાણમ્'; પહોળા પેટાળવાળું તે 'પૃથુ'; નાવિકો ને યાત્રીઓને સુખસગવડ મળે એવું તે 'સુશર્માણમ્'; હલેસાંને માટે પહોળા ફલકવાળાં મજબૂત હલેસાંવાળું તે 'સ્વરિત્રા'; જેનાં પાટિયાં વચ્ચેથી દરિયાનાં પાણીનો અધિક ચૂવાટ ન થાય એવું તે 'અસ્રસવન્'; મજબૂત બાંધણીનું તે 'સુપ્રણીતમ્'; કોઈ પણ દોષ વગરનું તે 'અનાગસમ્'; અને પાણી ઉપર સમતોલપણે રહી શકે તે 'સુતર્માણમ્' (ઋ. વે. ૮, ૪૨, ૩) વહાણ કહેતાં. આ ઉપરાંત વહાણો વિષે બીજાં ત્રણ વર્ણનાત્મક વિશેષણો પણ ઋક્સંહિતા (૧, ૧૧૬, ૩) માં આપ્યાં છે તે 'આત્મવાન્', 'અન્તરિક્ષપ્રુત્' ને 'અપોદક'. સઢમાં અનુકૂળ જોરદાર વાવડો ભરાયો હોય અને સામે મોજે વહાણ ઊભી પછાડ ખાતું પાણીને ફીણફીણ કરતું ચીર્યે જતું હોય, તે જાણે જીવન્ત—'આત્મવાન્' હોય; કુવાની ટોંકથી ગગનને પરોવી લેતું હોય એ 'અન્તરિક્ષપ્રુત્'; અને પાણીને હડસેલતું 'અપોદક'. આ વર્ણન ઋષિ કક્ષિવાને કર્યું છે અને સાગર-સાહસી કોઈ પણ એ વાંચી જાતઅનુભવે કહી શકે કે પ્રત્યક્ષ અનુભવી જ કરી શકે એવું એ વર્ણન છે.

૧૨ વેદસંહિતાનું વહાણવટું

વેદકાલીન વહાણો ચારચાર સાગરની સમૃદ્ધિ આર્યાવર્તમાં લઈ આવતાં એ, 'ચતુસ્સમુદ્રો ધરુણમ્ રયીણામ્' એ ત્રિત ઋષિના વાક્ય (ઋ. વે. ૧૦, ૪૭, ૨)થી સમજાય છે. આ ચાર સમુદ્ર તે કયા, એ પ્રશ્નનો સ્પષ્ટ ખુલાસો આજ સુધી નથી મળ્યો. શતપથ બ્રાહ્મણ (૧, ૬, ૩, ૧૧) માં 'ઉદીચ્ય,' ને 'મહોદધિ'નો વિશિષ્ટ નિર્દેશ આવ્યો છે, તેમાં પ્રાચ્ય તે પૂર્વસાગર (બંગલા સાગર) અને સંહિતાઓનો અપર તે અરબી સમુદ્ર, ઉપરાંત ઉદીચ્ય એટલે ઉત્તર સાગર, જે કદાચ ઈરાની અખાત

હોય અને મહોદધિ તે આઠ અક્ષાંશની દક્ષિણે આવેલો હિન્દી મહાસાગર હોય એ બિલકુલ સંભવિત લાગે છે. વેદના આર્યો બીજા અનેક દેશો સાથે સંપર્કમાં આવ્યા જ હતા એનાં સંખ્યાબંધ પ્રમાણો મળે છે, ને બાબુલ (બૅબિલોનિયા)ની તો બોલી સુદ્ધાં અથર્વવેદમાં સ્થાન પામી છે: 'અલગી–વિલગી', 'તાબુવમ્' 'તૈમાત' જેવા બાબુલી શબ્દો જ નહિ પરંતુ બાબુલી રાજા ઉરુગુલાનો પણ એ સંહિતામાં નિર્દેશ છે. (અ. વે. ૫, ૧૩, ૬–૧૦).

વૈદિક વહાણવટું ચાર સાગરમાં ચાલતું હતું એનો અર્થ ચારે દિશામાં ચાલતું હતું એવો પણ સંભવે છે, ને આજે જેમ 'સાત સાગર' શબ્દો કોઇ ખાસ સાત સમુદ્ર નહિ પણ કેવળ છટાદાર ઉક્તિ બની રહ્યા છે, તેમ 'ચાર સાગર' શબ્દો એ કાળે 'સર્વ જ્ઞાત સમુદ્રો ઉપરના વહાણવટા' માટે દ્યોતક હોય એ પણ સંભવે છે. નિદાન સંસ્કૃત સાહિત્યમાં ચાર સમુદ્રો એ કેવળ છટાદાર ઉક્તિરૂપે જ મળે છે. દાખલા તરીકે કાલિદાસ પૃથ્વીને 'પયોધરીભૂત ચતુસ્સમુદ્રામ' કહે છે ત્યાં કોઈ વિશિષ્ટ ચાર સાગર નિર્દિષ્ટ કરવાનો ઉદ્દેશ નથી.

વેદકાળની સફરોનું એક જ ઉદાહરણ મળે છે, તે અનેક સૂક્તોમાં વર્ણવેલી ભુજ્યુકથામાં આવે છે. સાગરની સાહસકથાને છાજે એવા ડંકાક્ષરોમાં, ઋષિ કક્ષિવાન્ એ કથા આ પ્રમાણે કહે છે: 'જેમ મરણાસન્ન કોઇને ધનનો ત્યાગ કરતાં દુ:ખ થાય છે, એવા દુ:ખી મને તુગ્રે ભુજ્યુને સાગરસફર ઉપર (ઉદમેઘે) મોકલ્યો હતો. હે અશ્વિદ્વય, તમે એ ભુજ્યુના વહાણને તમારા આત્મવાન્, અન્તરિક્ષપ્રુત્ ને અપોદક વહાણોથી ઉગાર્યો. તમે એને ઉગાર્યો ત્યારે તમારાં વહાણો ત્રણ રાત અને ત્રણ દિવસની વેગશાળી (અતિવ્રજ) સફર કરી ચૂક્યાં હતાં. સમુદ્રના વેરાન (ધન્વન્)માં પાણીની પેલે પાર (આર્દ્રસ્ય પારે) કોઇ પણ જાતના આલમ્બન વગરનાં (અનારમ્ભણે) જ્યાં લંગર ન પકડે એવાં (અગ્રભણે) તથા અગોચર (અનાસ્થાને) પાણીમાં ભુજ્યુનું 'શતારિત્રા'વાળું વહાણ મોજાં ઉપર અફળાતું (અસ્તમ્) હતું, ત્યાં તમે તમારાં છ છ ઘોડાના રથ જેવાં અતિ વેગવાળાં ત્રણ વહાણો લઇને પહોંચ્યા અને ભુજ્યુને ઉગાર્યો (ઋ. વે. ૧, ૧૧૬, ૩, ૩, ૫).'

ઉપલી કથામાં અશ્વિનોનાં અતિ વેગશાળી વહાણોને પણ ભુજ્યુ પાસે પહોંચતાં ત્રણ રાત અને ત્રણ દિવસ લાગ્યાં એ બતાવે છે કે જે જગ્યાએ ભુજ્યુના વહાણને કજા પહોંચી એ સ્થાન સાગરમાં ઘણું ઘણું દૂર હોવું જોઇએ. એ વહાણ ઉપર સો હલેસાદારો હતા માટે એને 'શતારિત્રા' કહ્યું છે. વહાણ ઉપર પૂરતા સઢ હોય તોપણ જબ્બર હલેસાંઓ પૂરતી સંખ્યામાં રહે છે એ વાત સાગરના અનુભવીઓ માટે તો સામાન્ય માહિતીની વાત છે. પવન પડી જાય ત્યારે,—ખાસ તો વહાણ જોખમવાળી જગ્યાએ હોય ત્યારે, એને ઉગારી સલામત જગ્યાએ લેવા આ હલેસાંઓ જરૂરી છે. ભુજ્યુનું વહાણ શતારિત્રા હતું એટલે એના ઉપર સઢ ન હતા કે એ કંઠારી સફર કરતું હશે એવા પ્રકારનાં, કોઇ કોઈ વિદ્વાનોએ કરેલાં અનુમાનો વહાણો સંબંધી એમને વિશેષ જ્ઞાન હોત તો સપ્રમાણ નથી એ સહજે સમજાઈ જાત!

૧૩ નૂહ—વહન—વહાણ

ભારતીય પુરાણો પેઠે લાલ સાગર આસપાસની કથાઓમાં પણ વિશ્વપ્રલયની કથા આવે છે, અને એ પ્રલયકથાને કંઈક ઐતિહાસિક આધાર હોવો જોઇએ એમ લાગે છે. અહીં તો એટલી જ વાત નોંધવા જેવી લાગે છે, કે લાલ સાગરના પ્રદેશમાં જે પ્રલય આવ્યો તેમાંથી નૂહ (Nooh) નામના માણસે એક વહાણ(Ark)માં પ્રાણિમાત્રનાં નરમાદાની અક્કેક જોડી બચાવીને ઉગાર સિદ્ધ કર્યો, એમ કથા છે. 'નૂહ' શબ્દમાં 'નુ' એટલે 'નાવ' અને 'ઊહ' એટલે 'વહન કરવું' એ અર્થ સ્પષ્ટ દેખાય છે; અને બાબા 'નૂહ' તે કોઈ વ્યક્તિનું નામ નહિ, પણ એ વહાણનો નાખવો હતો એમ અભિપ્રેત લાગે છે. એ તરફની કેટલીક પ્રાચીન બોલીમાં 'નાખોદો' (નાખવો)શબ્દ મળે છે, એને પણ આ નૂહ શબ્દ સાથે સંબંધ હોવાનો સંભવ છે. વિશિષ્ટ વાત તો એ છે કે વેદસંહિતામાં નાવને 'હંકારતા' કે 'હલેસાંથી હડસેલતા' એવો પ્રયોગ નથી, પણ 'નાવનું વહન કરવું' એવો શબ્દપ્રયોગ મળે છે. 'યદશ્વિના ઊહથુર્ભુજ્યુ મસ્તમ (ઋ. વે. ૧, ૧૧૬.)' એમાં અશ્વિનોએ ભુજ્યુ (ની નાવ)નું વહન કર્યું એમ કહ્યું છે. આવો જ પ્રયોગ સંહિતામાં અનેક સ્થળે આવે છે, એ દેખાડે છે કે નાવના મૂળમાંનો 'નુ' શબ્દ અને નૌપ્રચારના અર્થમાં 'વહન'નો સંદર્ભ, પ્રાગ્વૈદિક કાળે એટલે જ્યારે આર્યો હજુ એશિયાની પશ્ચિમ ભૂમિમાં હતા એ કાળના છે.

વિશેષમાં 'નૌપ્રચાર,' માટે વહન શબ્દ એટલો તો પ્રચલિત બન્યો કે છેવટે નાવને જ 'વહન' કહેવા લાગ્યા. સંસ્કૃત સાહિત્યમાં નાવ માટે 'વહન' (અથવા મોટી નાવના અર્થમાં 'પ્રવહણ')શબ્દ વારંવાર મળે છે: અને એક માત્ર ગુજરાતીમાં જ એ 'વહન' શબ્દ 'વહાણ' રૂપે સ્થાયી બન્યો છે, એ ગુજરાતના વહાણવટાના પ્રાગૈતિહાસિક કાળથી આજ સુધીના અખંડ પ્રચારનું પ્રમાણ હોઈ શકે.

૧૪ વહાણખેડુનું દૈવત

એ કાળના વહાણખેડુઓ આજના વહાણખેડુઓ પેઠે જ સાગરના મહિમાથી, એની ગભીરતાથી, એની વિશાળતાથી, એની વિવિધરૂપતાથી, એની ગૂઢ રહસ્યમયતાથી તથા એની ઉદારતા ને ક્રૂરતાથી, સાગર જાણે એક સ્વતંત્ર દૈવત હોય એમ એને ભજતા હતા. આદિકાળથી જ માનવીએ સાગરને એમ ભજ્યો છે અને અનંત કાળ સુધી એને એમ જ ભજશે. વેદસંહિતાની કથાઓ પ્રમાણે આફતમાં આવેલા વહાણખેડુઓ અશ્વિદ્વયનું શરણ શોધતા, ને સાગરના વેરાન પાણીમાં રસ્તો બતાવવા એ વરુણનું શરણ લેતા; કારણ કે વરુણ અન્તરીક્ષમાં ઊડતાં પંખીઓના અને સાગર ઉપર ચાલતાં વહાણોના માર્ગ જાણતા હતા (વેદા યો વીનાં પદમન્તરિક્ષેણ વેદ નાવસ્સમુદ્રિય:–ઋ.વે. ૧, ૨૫, ૭).

એ વહાણખેડુઓને આર્યસંસ્કારો અને યજ્ઞયાગાદિથી વંચિત રહેવું પડતું હતું, એટલે સાગરસંતાનોમાં સ્વતંત્ર ધર્મવૃત્તિ ને નિરાળાં માનસ ઉદ્ભવ્યાં હતાં. જ્યારે રૂઢિગ્રસ્ત આર્યો પણ ભવસાગર પાર કરનાર 'યજ્ઞ'ને નાવનું રૂપક આપતા હતા (યજ્ઞીયાં નાવમ્–૧૦,૪૪,૬) અને 'ઋત'ને પણ નાવ સાથે સરખાવતા હતા (ઋતસ્ય નાવમ્-૯, ૮૯, ૨) ત્યારે આ આર્ય જીવન અને આર્ય સંસ્કારથી ચ્યુત થએલા, જન્મે આર્ય પણ કર્મે પણિ કે દ્રવિડ બનેલા સાગરખેડૂઓને, જે વહાણનો આશ્રય હતો એ વહાણો જ યજ્ઞ અને ઋતનાં પ્રતીક રૂપે લાગતાં હશે, કારણ એમને સાગર પણ સર્વજ્ઞ સત્ત્વની મૂર્તિ જેવો લાગતો હતો (સમુદ્રો અસિ વિશ્વવિત્–૯, ૮૯, ૨૯).

આ દરિયાખેડૂઓ વિષે ઋગવેદ સંહિતામાં અનેક સ્થળે જાણવા જેવી હકીકતો મળે છે. દાખલા તરીકે સફરને માટે વહાણ તૈયાર થાય કે એનો સાંયાત્રિક અથવા નિર્યામક ગામડેગામડે ઢોલ વગડાવતો હતો, અને જે જવાનોને એની સાથે સફરે જવું હોય તેમને તુરત નિશ્ચય કરી લેવાનો પડકાર કરતો હતો. આ રહ્યું એ વર્ણન: મન્દ્રા: કુરુધ્વમ્ (પડો વગડાવો) ધિય આતનુધ્વમ્ (મનમાં જે હોય તે હવે નક્કી કરી લ્યો) નાવમરિત્રપરણિં કુરુધ્વમ (હવે વહાણને જલદી ચાલતું કરી દ્યો.) વહાણ સુત્રામાણ છે, પૃથુ છે, સુશર્મા છે, સુતર્મા છે. જવાનો! આવો અને 'દૈવીં નાવમારુહેમ સ્વસ્તયે(આ દૈવી નાવ ઉપર આપણી ઋદ્ધિને માટે હવે ચડીએ, ઋ. વે. ૧૦, ૬૩, ૧૦–૧૦, ૧૦૧, ૨). લક્ષ્મીનો જન્મ સમુદ્રમાંથી કલ્પાયો એનું મૂળ કદાચ આવું હશે.

કલાકાર કાન્તિલાલ રાઠોડ

અભ્યાસ, આત્મસુધારણા અને નવાં સંશોધનો કે પ્રાપ્તિ માટે સાહસ ખંત અને સહનશીલતા દર્શાવનારા યૂરોપ-અમેરિકાના યુવાનોને આપણે અનેકવાર બિરદાવ્યા છે. પરંતુ આપણા દેશમાંયે ખૂણે ખૂણે એવાં રત્નો પડ્યાં છે કે જેમનામાં કુટુંબ, સંપત્તિ, સમાજ કે સરકારનો જરા પણ સહારો ન છતાં પોતાનાં ધ્યેય અને આદર્શ પાછળ જીવનની સવ શક્તિઓ ખતમ કરી દેવાની સ્ફૂર્તિ અને એકાગ્રતા જોવામાં આવી છે. તેમની સિદ્ધિઓ ભલે જગતે જોઈ કે માપી ન હોય, પણ પોતાને મળેલા સંજોગો અને સાધનોના ટેકે મુસીબતો અને નિરાશાઓ સામે તેમણે જે સંગ્રામ ખેડ્યો હોય છે તેની વાત, પાછળ આવતા દરેક માનવને પ્રેરણા રૂપ થઈ રહે છે.

ભાઈ કાન્તિલાલ રાઠોડ આ દેશના એક સામાન્ય કુટુંબના નગીરા છે. ૧૯૨૪માં કચ્છના ભેડાઈ (અંજાર) ગામમાં પથ્થરની મૂર્તિઓ ઘડનારા પરંપરાગત શિલ્પી શ્રી મોરારજી માંડણ રાઠોડને ત્યાં એમનો જન્મ. વડીલોએ થોડાં વર્ષ ઠેકેદારી કરી પછી મધ્યપ્રદેશમાં રાયપુરમાં જઈ ૧૯૩૫થી ત્યાં કૉન્ટ્રાક્ટનું કામ કરવા માંડ્યું. ત્યાંની હાઈસ્કૂલમાં ભાઈ કાન્તિલાલે માત્ર અંગ્રેજી ચોથા ધોરણ સુધીનો અભ્યાસ કરતાંકરતાં હસ્તલિખિત માસિક-પત્રની શરૂઆત કરી ત્યારેજ ચિત્રકામના શ્રીગણેશ કરેલા. એ પત્રનાં ચિત્રો અને સુશોભનો કરતાં 'કુમાર'ને નજરમાં રાખેલું, એટલે અંક તૈયાર થતાં પ્રારંભના આશીર્વાદ મેળવવા 'કુમાર'ના ત્યારના તંત્રી શ્રી રવિશંકર રાવળને તે મોકલી આપેલો. આમ 'કુમારે' ગુજરાતની દૂરની શક્તિઓને પ્રજ્વલિત કરવાનું પુણ્ય હાંસલ કર્યું છે. એ આશીર્વાદ પછી કાન્તિલાલે શ્રી રવિભાઈ પાસેથી ચિત્રકામમાં વધુ તાલીમ લેવા પત્રવ્યવહારથી કેટલાક નમૂના મોકલવા માંડ્યા. દર મહિને નિયમિતપણે સૂચના મુજબ કરેલું કામ ટપાલથી અમદાવાદ આવે અને સાથે મોકલેલ પોસ્ટેજથી તે પાછું સવિશેષ વિવેચન ને સુધારા-સૂચના સાથે તેને પહોંચે. આમ, નજરે જોયા વિનાની વ્યક્તિનું ગુરુપદ સ્વીકારી તેણે પોતાની દૃષ્ટિ ને કલમને સાબદાં કર્યાં. એમ કરતાં એવી એક સ્થિતિ આવી કે તેમને કંઈક ક્રિયાઓની તાલીમ રૂબરૂ કરી બતાવનારની જરૂર ઊભી થઈ; એટલે શ્રી રવિભાઈની સૂચના ને ભલામણથી કલકત્તાની સરકારી કળાશાળામાં તે દાખલ થઈ ગયા. ત્યાંના પ્રિન્સિપલ સ્વ. રમેન્દ્રનાથ ચક્રવર્તી તેમનાં ઉદ્યોગ, શિસ્ત ને પ્રતિભાથી ખુશ હતા. પ્રાથમિક તાલીમની પરીક્ષા વિના જ તેમને ચિત્રના વર્ગમાં લીધા હતા, છતાં પ્રથમ વર્ષમાં તે પહેલા વર્ગમાં પહેલા આવ્યા.

અજંપા અને આકાંક્ષાઓથી ભરેલા આ યુવાનને આ શાળા પણ છીછરી લાગી. બીજે વર્ષે તેણે રજાઓમાં ઓરિસ્સા અને બંગાળનાં કેટલાંક ગામો-શહેરોમાં પોતાના સ્કેચ અને ચિત્રોનાં પ્રદર્શન કર્યાં. તેમાં થોડું વેચાણ કરી પૈસા કર્યા; હાથથી લોકોની રેખા-તસ્વીરો કરી કંઈક રકમ ભેગી કરી; અને અમેરિકાની સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર આદર્યો. તેમાં તેને શિકાગો આર્ટ ઈન્સ્ટીટ્યૂટ તરફથી સારો આવકાર મળ્યો, એટલે મન હાથ રહ્યું નહિ અને થોડું કરજ કરીને પણ અમેરિકાનો પંથ પકડ્યો. માબાપ, કુટુંબ, વતન, બધાંનાં વિયોગ અને ચિંતાઓ ખમીને ત્યાં આઠ લાંબાં વર્ષ વિતાવ્યાં. અંગ્રેજી ભાષાનો સંગીન અભ્યાસ કર્યો અને વિશ્વપ્રસિદ્ધ શિકાગો આર્ટ-ઈન્સ્ટીટ્યૂટમાં કળાનો ઇતિહાસ, માનસશાસ્ત્ર અને બીજા વિષયોનો પાયાથી અભ્યાસ કરી 'બી. એ. ફાઈન આર્ટ્સ'ની ડિગ્રી મેળવી. લાગવગ નહિ, ઓળખાણ નહિ, દ્રવ્યની સહાય નહિ, એવા આ યુવાનની પ્રતિભા અને સાહસિકતા પરથી એ જ ઈન્સ્ટીટ્યૂટની એક સમવયસ્ક સીનિયર વિદ્યાર્થિની—એક શ્રીમંત ડૉક્ટરની પુત્રીએ તેની સાથે જીવનસંબંધ બાંધ્યો. સાથે ઘર ચલાવ્યું ને નિભાવ્યું. સંતતિ પ્રાપ્ત કરી. વિશેષમાં રાઠોડે સાયરેક્યૂઝ યુનિવર્સિટીમાં જઈ ઑડિયો-વિઝ્યુઅલ ને કાર્ટૂન-ઍનીમેશનનો કસબ પ્રાપ્ત કર્યો. અંતે વૃદ્ધ માતાપિતાના સાદ અને વતનની સેવાની તાલાવેલીથી તેઓ બંને ૧૯૫૬માં ભારત આવ્યાં. હાલ ભાઈ શ્રી રાઠોડ 'હુન્નર પબ્લિસિટી'માં ઍનીમેટેડ કાર્ટૂન ફિલ્મોના નિર્માતા બન્યા છે. શ્રીમતી લેખા (મૂળ નામ લિન્ડા) એક ભારતીય સંસ્થામાં બાળકોના કળાવર્ગ ચલાવે છે અને પોતાનાં બે સુંદર બાળકોને ઉછેરે છે.


ભાઈ કાન્તિલાલે અમેરિકામાં સંખ્યાબંધ વ્યક્તિગત પ્રદર્શનો કર્યાં છે. અનેક પ્રદર્શનોમાં તેમનાં ચિત્રોની અમેરિકન પત્રોએ પ્રશંસાભરી નોંધો લખી છે અને ભારતમાં પણ તાજેતરમાં આ દંપતીનું સંયુક્ત પ્રદર્શન મુંબાઈમાં થયું ત્યારે તેઓ પ્રગતિમાન પ્રતિભાસંપન્ન કળાકારો તરીકે સત્કારાયાં છે. પૂના ખાતે ભરાએલા મુંબાઈ રાજ્યના છેલ્લા ચોથા ચિત્ર-પ્રદર્શનમાં ભાઈ રાઠોડના ચિત્રને બીજા નંબરનું પારિતોષિક મળ્યું છે.



કાન્તિલાલ રાઠોડ

ભાઈ કાન્તિલાલ એક કળાકાર તો છે જ; પણ તેમના અંતર અને જીવનમાં ભાવના, આકાંક્ષા અને સ્વદેશપ્રેમ કેટલાં ઓતપ્રોત છે એ સમજવા તેમનો વધુ પરિચય થવો જોઇએ. એમના જીવનની ભાવનાઓ અને સંસિદ્ધિ કેવીરીતે સાકાર બની તે વખતોવખતના તેમના શ્રી રાવળ પરના પત્રોમાં સ્ફુરિત થયું છે. તેમના જ શબ્દોમાં તે જોઇએ :

"છેલ્લાં આઠ વર્ષો પર નજર કરું છું તો મને કોઇ મહાગંભીર મુશ્કેલીઓ નડી હોય એવું લાગતું નથી. ઘણીવાર દિવસ ઊગતાંની સાથે શું થશે તેની ચિંતા ઊભી થતી, પણ તે દિવસ અશક્ય બન્યો ન હતો. વીતી ગએલી કાલનાં સ્મરણો મને ખરેખર આનંદ આપે છે, કારણ કે તે બધાથી હું ઘણી નવી તાલીમ પામ્યો છું જુઓને, હું તો શિકાગોની દુકાનમાં વેચાણ પર બેઠો હતો, કારખાનાનો મજૂર પણ થયો હતો છૂટક મહેનત-મજૂરી પણ કરી છે. એ બધા પ્રસંગોમાંથી હું અમેરિકાનું ખરું જીવન જોઇ શક્યો, તો તે વિષે ફરિયાદ કેમ કરું! એ તો મને સાચી કેળવણી આપનારા પ્રસંગો હતા. કઠણ દિવસો વેઠી લીધા, કેટલું ધૈર્ય!—તમે કહેશો. મારા ધૈર્યની વાત કરતાં મૂંઝવણ થાય છે. ધૈર્યના પણ પ્રકારો છે. આપણા કરતાં ભીરુ હોય તેની આગળ આપણે બહાદુર લાગીએ જ,—ઘરબાર વગરના માણસ આગળ ઓરડીવાળો શ્રીમંત દેખાય તેવા. દુનિયાન



ખરેખરા સાહસિકો અને ધૈર્યશીલ માનવોની આગળ હું શી વિસાત!

તો પણ મારે લખવું જોઇએ કે આ દેશમાં કલાવિદ્યાક્ષેત્રે હું ઠીક સફળતા પામ્યો છું. પણ તે માટે ગુણગાન થાય એવી કક્ષાએ નહિ જ. મારી કથા સહજ સાધારણ છે—જેને માટે કંઈ લખવાની મને કે કોઇને ઇચ્છા ન થાય એવી.

કલકત્તાથી શિકાગોની નોંધનો સાર
(જુઓ–ઉપરનો આલેખ)

૨૯ ઑગસ્ટ ૧૯૪૮.

પ્રેમ નીતરતી ફૂલમાળાઓ વચ્ચે આનંદભર બનેલા મિત્રો મને વિદાય આપે છે. હું જાઉં છું—જિંદગીમાં સેવેલાં સ્વપ્નાંઓની સિદ્ધિની સમીપ. છેલ્લી નજરથી હું આપણા દેશની ધરતી નીરખું છું ને મારી મુખમુદ્રા વાંચી એક મિત્ર બોલી ઊઠે છે: જાઓ છો ત્યારે અમને ભૂલી જજો, પણ એટલું યાદ રાખજો 'તમે ગાંધીના દેશથી જાઓ છો.'

ફીલિપ્પાઈનની ધરતી પર: ૩૦ ઑગસ્ટ. મનીલાની ચિત્રશાળાના અધ્યાપક મિરાન્ડા સાથે રહી બધું બતાવે છે. મને એ શિખામણના બે બોલ કહે છે. હું એકચિત્તે સાંભળું છું: 'યુવાનમિત્ર, તમે અમેરિકાને રસ્તે છો. આનંદનો વિષય છે. હું તમને કહું? તમે હિંદની સભર સંસ્કૃતિસર્જક ભૂમિમાંથી આવો છો. તમે તમારા પ્યારા દેશને નહિ જ ભૂલો, ન જ ભૂલી શકાય. એટલું સદા યાદ રાખજો કે આંતરરાષ્ટ્રીયતાની ભાવના સાથે તમારે ચુસ્ત રાષ્ટ્રીય પણ બનવું જોઇએ.'

તા. ૧ સપ્ટે૦ '૪૮ રાતના ૧૦: સ્ટીમરે 'પ્રેસિડેન્ટ વિલ્સન'ઉપર...૪–૯–'૪૮ સવારે હૉંગકૉંગમાં ૨૪ કલાકનું રોકાણ...૧૧મી સપ્ટે૦ જાપાનની ધરતી પર...

સાનફ્રાંસિસ્કો: ૨૧મી સપ્ટે૦ની અંધારભરી રાતના દોઢ વાગ્યે હું અમારી સ્ટીમર ઉપરથી અસંખ્ય ચમકારા કરતા વીજળીદીવાઓની આડી ઊભી લાંબી ને લાંબી કતારો જોઉં છું. સાનફ્રાન્સિસ્કો રંગીન ધનવાન દુનિયાનો પહેલો ચમકારો, પહેલી ભભક, ઠંડી રાતની ટાઢ વચ્ચે સ્ટીમરની ડેક પર ઊભો ઊભો જોઉં છું.

તા. ૨૨એ સાનફ્રાં૦ છોડયું ને ૪૮ કલાક પછી શિકાગોના ઊંચાં કાળાં પડી ગએલાં મકાનો જોયાં. સાન૦ અમેરિકાના પશ્ચિમ કિનારાનું મોટામાં મોટું ને પ્રગતિશાળી આધુનિક શહેર ખરું. તે ટાપટીપથી રહેતાં જાણે છે. પણ શિકાગો પ્રગતિશાળી ને મહેનતુ હોવા ઉપરાંત કામમાં એટલું મસ્ત રહે છે કે શરીરનો મેલ ધોવાનો પણ સમય નહિ. કાળાં કાળાં કપડાં પહેરેલાં માણસો જ હર વખતે દેખો.

સાન૦થી શિકાગોનો ૨૫૦૦ માઈલનો પ્રવાસ પ્રકૃતિસૌંદર્યથી ભરપૂર છે; સાથોસાથ અમેરિકાની ઔદ્યોગિક સંસ્થાઓ, કારખાનાં ને ગામડાં પણ નજર તળે નીકળી જાય છે, તેથી અમેરિકાના પુરુષાર્થનું ભાન થાય છે.

પૂ. ગુરુદેવની સેવામાં,

તમારો પત્ર સદા દીપકમાં તેલ પૂરવા જેવું કામ કરે છે. અને ઘણી વખત તો અણી ઉપર મળે છે એ એક અજાયબી છે.

અહીંનો અભ્યાસ નિયમિત ચાલે છે. નિયમ પ્રમાણે તો હું પ્રથમ વર્ષમાં દાખલ થયો છું, પણ આશા છે કે મારું કામ તપાસ્યા બાદ શાળાના અધિકારી મને કદાચ ઉપરના વર્ગમાં સ્થાન આપે. એક નિયમ અહીંનો ઘણો જ સરસ છે: પરીક્ષાઓ લેવાતી નથી. વિદ્યાર્થીનું દરરોજનું કામ જોઈ તેને આગળ ધપાવવામાં આવે છે. આ નિયમ આપણે ત્યાંની દરેક શાળામાં લાગુ પાડવામાં આવે તો પરીક્ષાની બીકે હિંમત હારતા વિદ્યાર્થીઓ વ્યર્થનો વ્યતીત કરવો પડતો સમય બચાવી શકે. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવને એવી શરૂઆત કરેલી, પણ એ પછી કોઈ ન જાગ્યું.


આર્ટ ઈન્સ્ટીટયૂટમાં ગયા બાદ સ્વાવલંબી થવા કંઇક કામ કરવું અને સાથોસાથ યુનિવર્સિટીમાં દાખલ થઈ અભ્યાસ કરવો એ જરા મુશ્કેલ છે. બે ત્રણ અઠવાડિયાં પહેલાં ઈમીગ્રેશન ઑફિસ (પરદેશી આંગતુકોની નિયામક કચેરી) ને મેં, મને દરરોજ બે કલાક કામ કરવાની અને મારાં ચિત્રો વેચવાની મને રજા આપવાની અરજી કરેલી. કેટલીક બારીક તપાસ થયા બાદ ચિત્રો વેચવાની તો છૂટ મળી છે પણ હું બીજું કામ કે નોકરી લઇ ન શકું. ચિત્રો વેચવાની રજા મળી એ પણ સારું છે, પણ સાથે ઘણું મુશ્કેલ છે. કામ લેવાની રજા નથી મળી છતાં આશા છે કે મહિના બાદ સ્કૂલના પ્રિન્સિપલનો પત્ર હશે તો એ સંભવિત થઈ શકશે. મારાં પચાસેક ચિત્રો પ્રિન્સિપલની ઑફિસમાં મૂકી આવ્યો છું. હું નિરાશ થતો નથી. ધીરજ રાખવી પડશે.

હિંદની જૂની ચિત્રપદ્ધતિમાં Evolution (ઉત્ક્રાંતિ) લાવવાની જરૂર આજ ઘણા ચિત્રકારો અનુભવી રહ્યા છે. પણ એ તો જ થઇ શકે જો તેઓ જૂની પદ્ધતિના મૂળભૂત સિદ્ધાન્તો વિષે પૂરું સમજી શકે. અહીં હિસ્ટરી ઑવ આર્ટ (કળાનો ઇતિહાસ)ના વર્ગમાં ચિત્રકળા, સ્થાપત્ય, શિલ્પ અને વણાટના મૂળ સિદ્ધાન્તો વિષે ઘણું સરસ સમજાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ સમજે છે એટલે જાતજાતના અખતરા કરી શકે છે અને નવો ચીલો પાડી શકે છે. હિંદની ઘણીખરી શાળાઓમાં જઈ કોઈ પણ વિદ્યાર્થીને કળાના સિદ્ધાંતો વિષે પૂછો તો કોઇ જવાબ નહિ મળે. જ્યાં જૂનું શું છે એ આપણે ન જાણીએ ત્યાં નવું ઉત્પન્ન કરવાની આશા શી રીતે રખાય? અહીંના ચિત્રશિક્ષણે મારી આંખો ઉઘાડી દીધી છે. આ શિક્ષણનો ઉપયોગ મોડોવહેલા હિંદમાં થશે એવી આશા છે.

આપણે ત્યાં કળાવિષયક પુસ્તકો છે જ નહિ એમ કહું તો ચાલે. જે છે તે જરૂર ઘણાં સરસ છે, પણ સાધારણ વિદ્યાર્થીઓને તે બહુ ઉપયોગી થઈ શકે એમ નથી. એટલે તેઓ હિંદી કળા વિષે તદ્દન અજ્ઞાનમાં રહે છે.

અહીં સ્કૂલની લાયબ્રેરીમાં તો હજારો પુસ્તકો પ્રિન્ટ ને સ્લાઇડોથી આલમારીઓ ભરી છે, જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ છૂટે હાથે કરે છે. પ્રિમિટિવ આર્ટ (આદિજનોની કળા) વિષે તો આપણે ત્યાં બહુ જ ઓછાં પુસ્તકો હશે. ચિત્રકારો પોતપોતાના પ્રાંતમાં ફરીફરીને આ અગત્યના વિષયના નમૂના, સંગ્રહ અને નોંધ એકઠાં કરી લાવે તો આજની ઘૂંટાએલી પદ્ધતિમાં પ્રાણ પૂરી શકાય.

મુક્ત હાથે કામ કરતાં અભણ ગ્રામીણો જે ચીતરે છે, અથવા પોતાની ભાવના કોઇ પણ ફોર્મ(આકૃતિ)માં વ્યક્ત કરે છે, એ તદ્દન નકામું



ઉપવનમાં લટાર (લીથોગ્રાફ)





ગાંધીજીના ફોટોગ્રાફો ઉપરથી કરેલાં બે વુડકટ
ત્રણે ચિત્રો : કાન્તિલાલ રાઠોડ



ગાંધીજી: ફોટો પરથી વુડકટ

નથી હોતું. એમાંનું તત્ત્વદર્શન પ્રોફેશનલ આર્ટિસ્ટ માટે ઘણું ઉપયોગી થઈ શકે.

~

ઘણી વખત લાંબી નજર કરી ભવિષ્ય તરફ જોતાં જરા નિરાશા થાય છે, પણ તે વધુ ટકતી નથી; છતાં મારે કહેવું જોઇએ કે અહીં સ્વાવલંબી થઈ રહેવું એટલું મુશ્કેલ છે કે એની કલ્પના ત્યાં બેઠાં નહિ કરી શકાય.

કોઈએ કહ્યું છે તેમ સફળતા તો પહેલા ને બીજા ડગલાની વચમાં જ છે. એ બહુ દૂર નથી રહેતી. જો એમ હોય તો છ કલાકની ઊંઘ સિવાયનો જે સમય હું ચિત્રકળા, સાહિત્ય અને બીજા અધ્યયનમાં આપું છું તે સફળતા જ છે. છતાં ઊંડે ઊંડે એક અફસોસ રહી જશે, જો એક જ વર્ષ બાદ હિંદ પાછું ફરવું પડશે તો, કે હિંદથી હજારો માઈલ દૂર પોતાના ગજા ઉપરાંત કર્જ કર્યા બાદ પણ છેવટે પૈસાના અભાવે અધૂરું જ્ઞાન મેળવી પાછા ફરવું પડ્યું.

~

અમારી ચિત્રશાળાનો સંગ્રહ અમૂલ્ય છે. ફ્રાન્સ ઈંગ્લંડ અને બીજા યૂરોપીય દેશોની કળાના નમૂના અહીં ઢગલાબંધ છે. ચીન જાપાન અને હિંદની કળાના પણ કેટલાક સુંદર નમૂના છે. બેઝિક (પાયાની) તાલીમ માટે તો અહીંની પદ્ધતિ ઘણી સચોટ છે. જે અમને કલકત્તામાં ત્રીજા વર્ષમાં શીખવવામાં આવતું તે અહીં પહેલા વર્ષમાં—ગ્રાફિક આર્ટ(મુદ્રણક્ષમકળા) કમર્શિયલ આર્ટ (વ્યવસાયી કળા) અને મૉડેલિંગ (ઘનપ્રતિમા) વગેરેના પાયા પહેલા વર્ષથી જ નંખાય છે.

ચિત્રકળાની સાથે ટીચિંગ (અધ્યાપન)નો કોર્સ પણ આવતી ટર્મથી લેવાનો છું. અહીંનો અભ્યાસક્રમ પૂરાં પાંચ વર્ષનો છે અને મારી ઈચ્છા એટલો સમય અહીં વ્યતીત કરવાની છે. મહેનત અને ખંતપૂર્વક કામ કરી રહ્યો છું. આશા છે કે એ એળે નહિ જાય.

~

પૂ. રવિભાઈની સેવામાં,

આજે જ 'માર્ગ'ના છ અંકો મળ્યા છે. હિન્દની કળા વિશે જાણવાનું અને આવશ્યક વસ્તુઓ પ્રાપ્ત કરવાનું તમારા સિવાય બીજું કોઈ ઠેકાણું નથી. ઑલ ઇન્ડિયા એસો૦ ઑવ ફાઈન આર્ટના પ્રમુખ પુરુષોમાં તમારું સ્થાન ગુજરાતને આશીર્વાદ રૂપ નીવડશે.

૩-૪ દિવસ અગાઉના મારા લેખ ('આપણી કળાશાળાઓ') ઉપરથી મૉડર્ન આર્ટનું મૂળ સૂત્ર શું છે એ ઘણુંખરું સ્પષ્ટ થયું હશે. એનું શિક્ષણ અહીં બહુ સરસ રીતે અપાય છે. વિદ્યાર્થીઓને પહેલા વર્ષથી જ એટલી બધી સ્વતંત્રતા આપી દીધી છે કે એમને જે યોગ્ય લાગે, જે રીતે યોગ્ય લાગે એ રીતે દોરવાની તક મળે; પણ આ સ્વતંત્રતા હોવા છતાં વિદ્યાર્થીઓને હિસ્ટરી ઑવ આર્ટ (કળાનો ઇતિહાસ)ના વર્ગમાં એવી રીતે શિક્ષણ અપાય છે કે તે પોતે જ પોતાનો માર્ગ શોધી લે; એટલેકે પોતાના મનોભાવો રજૂ કરવાની ટેકનીક અને ફૉર્મ (શૈલી અને રૂપવિધાન) તે પોતે જ નક્કી કરી લે છે. એમાં પ્રી હિસ્ટૉરિક(પ્રાક્સમય)થી આજ સુધીની વિશ્વના બધા દેશોની કળાનું શિક્ષણ અપાય છે. આની સૌથી મોટી અસર તો વિદ્યાર્થીની દૃષ્ટિ વિશાળ બને છે તે છે. અહીંનો વિદ્યાર્થી હિન્દુ, મુસ્લિમ, ગ્રીક, ગૉથિક વગેરે દરેક કળા વિષે પૂરેપૂરું જાણે અને સમજે છે, એટલે પોતે પૂરેપૂરો વિકાસ નથી કર્યો એવો અનુભવ તેને નથી થતો. અને આજ સુધીની કળાપદ્ધતિ ઉપરથી કંઈ નવું કરવાની સ્વતંત્રતા અને પ્રોત્સાહન મેળવે છે.

હિન્દની કળા વિષે આપણે એટલા બધા અજાણ છીએ કે તે વિષે આપણે કંઈ જ સંગીન નથી જાણતા. એક અમેરિકન પ્રોફેસર ઝીમર(Zimmer)નું 'મિથ્સ ઍન્ડ સિમ્બૉલ્સ ઈન ઇન્ડિયન આર્ટ ઍન્ડ સિવિલિઝેશન' નામનું પુસ્તક અહીં પ્રકટ થયું છે તે વાંચ્યા પછી એમ લાગે કે આ લોકો કોઈ પણ ક્ષેત્રનાં અથાક ઊંડાણો સુધી ઊતર્યા છે, સમજ્યા છે અને બીજાને સમજાવી રહ્યા છે.

~

અહીંની સરકારે મને કામ કરવાની છૂટ આપી છે. સપ્તાહના ૨૨ કલાક કોઈ પણ જાતનું કામ કરી શકું: આશા છે કે હવે અરધો ખર્ચ પેદા કરીશ. કામ મેળવવામાં થોડી સફળતા પણ મળી છે. સાથે સાથે મારાં ચિત્રોનું એક પ્રદર્શન ગોઠવાઈ રહ્યું છે—જોકે માત્ર એક જ દિવસ માટે. શહેરની ક્લાસિક (અને ધનિક પણ ખરી) વ્યક્તિઓને આમંત્રણ અપાશે, જેથી કદાચ થોડુંઘણું વેચાણ થાય. અફસોસ એટલો જ છે કે નવું કરવાનો સમય જ નથી મળતો. સ્કૂલમાં ઍકૅડેમિક ને ઇંગ્લિશ કૅમ્પોઝીશન પાછળ ઘણો સમય જાય છે. હવે તો કામ મળ્યા પછી થોડી ઘણી સંભાવના હતી તે પણ નહિ રહે. થાય તે ખરું.

~

અહીં જેમજેમ અભ્યાસ થતો જાય છે તેમ તેમ કળાના ક્ષેત્રનું હિંદમાં કેટલું બધું મહત્ત્વ છે એનો ખયાલ આવતો જાય છે. અહીં કળાને બહુ ઇન્ડિવિડ્યુઅલાઈઝ્ડ (વ્યક્તિસંપન્ન) કરી દેવામાં આવી છે, તે એટલી હદ સુધી કે કળાકાર સિવાય અથવા કળાકાર વર્ગ સિવાય સાધારણ જનતાને માટે એ કળામાંથી કંઈ મેળવવાનું ન રહે. આ એની એક ખરાબી છે, છતાં તેણે બીજી બાજુ રૂઢિબદ્ધ થઈ ગએલી કળામાં ક્રાંતિ પેદા કરી છે એ પણ ખરું છે.

~

૧૨ જુલાઈ ૧૯૪૯ (લગ્ન)

અનેક વખતે નવા અને શુભ કામની શરૂઆત પહેલાં મેં તમારી પાસેથી આશીર્વાદની આશા રાખી છે અને તમોએ દર વખત આશીર્વાદની સાથે આશા અને હિંમત પણ આપ્યાં છે. આ વખતે મને શંકા છે કે તમારી તરફથી એ મળશે કે કેમ. દર વખતે જેમ બીજાના મતની પરવા કર્યા વિના પગલું ભર્યું છે, એમ આ વખતે પણ કરું છું; દર વખતે જેમ સંપૂર્ણ વિચારપૂર્વક સાહસ ખેડ્યું છે એમ આ વખતે પણ ખેડું છું. જોકે વડીલો ને મિત્રોનો પહેલાં મળેલો એટલો ટેકો આ વખતે નહિ મળે. છતાં પણ મેં જે નક્કી કર્યું છે તે કરવા સિવાય કોઈ માર્ગ નથી. સંભવ છે મારે કદાચ પહેલાં કરતાં વધુ એકલતા સેવવી પડશે. પણ મને એનું દુ:ખ નથી.

સદ્ભાગ્યે હું એક સંસ્કારી, નીડર અને સાહસિક છોકરી સાથે ૬-૭ અઠવાડિયાંમાં પરણવાનો છું, જે અત્યાર સુધીની લડાઈને કારણે થાકી ગએલા મનને ટેકો આપશે. આર્થિક ટેકો પણ પૂરતો મળશે. જોકે એની મને આશા ન હતી, ન મેં ઇચ્છા રાખેલી.

આ મિલન અકસ્માત થયું છે, પણ સારા માટે. એ પણ એક ચિત્રકાર છે ને નવેમ્બરમાં આર્ટ ઈન્સ્ટીટ્યૂટમાંથી ડિગ્રી મેળવશે. એક ધનવાન ડૉક્ટરની છોકરી, મા-બાપનો સખત વિરોધ છતાં પણ જે દૃઢતાપૂર્વક સંબંધ નિભાવવા તૈયાર થઇ છે એ મને હિંમત અને આશા

બન્ને આપે છે. માત્ર વિચાર એક આવે છે કે રૂઢિવાદથી જકડાએલા આનો વિરોધ કરશે ને ભાવી દુનિયાને એકતાની ગાંઠે બાંધવાના પ્રયત્નને જરા મોળો પાડશે. પણ એની પરવા અમારા બન્નેમાંથી કોઈને નથી.

મારી ઇચ્છા હિન્દ પ્રત્યે પોતાની ફરજ બજાવવાની છે. સદ્‌ભાગ્યે જેની સાથે હું પરણનાર છું એ મારા સ્વપ્નને સક્રિય રૂપ આપવા મદદગાર થઈ પડશે, એટલું જ નહિ પણ હિન્દના યુવાનો(મારા મિત્રો)ને આશ્ચર્ય થશે કે અમેરિકાની એક છોકરી કેટલી હિંમતપૂર્વક, છાતી કાઢી, અન્યાયોનો વિરોધ કરી શકે છે અને પોતાના ધણી સાથે ખભેખભો મિલાવી કૌટુમ્બિક પ્રશ્નોનો ફેંસલો લાવી શકે છે. આ છોકરી વિષે મને ગર્વ છે એ માત્ર એટલા માટે નહિ કે એ હિંમતવાળી છે, પણ એટલા માટે કે એ હિંમતવાનની સાથોસાથ સમજુ છે, ન્યાય-અન્યાયનો વિચાર કરી શકે છે, પૂર્વ અને પશ્ચિમના ભેદભાવને દૂર કરવા પોતાનાથી બને તેટલું કરવાનાં સ્વપ્ન ધરાવે છે. અજ્ઞાનને લીધે રંગભેદ, જાતિભેદ અને સંસ્કૃતિ-ભેદનું ભૂત આજ આખા વિશ્વ ઉપર છવાએલું છે. દુનિયામાં ગમે તેટલી ભૌતિક પ્રગતિ થાય પણ જ્યાં સુધી માણસ માણસ વચ્ચેનો ભેદભાવ ટકી રહેલો છે ત્યાંસુધી યુવાનો માટે આરામનો સમય નથી આવ્યો. એમણે લડવાનું છે અને દુનિયામાં માણસાઇ ફરી વળે ત્યાં સુધી ઝૂઝવાનું છે. મારી એ જ ઇચ્છા છે કે હું યુવાન તરીકે જીવું.

૧૩ ઑગસ્ટ ૧૯૪૯

૨૬ જુલાઇનો પત્ર મળ્યો ત્યારે જે આનન્દ થએલો ને ઉત્સાહ મળેલો એ ભુલાશે નહિ. લગ્ન વિષેના તમારા વિચારો અમે ગ્રહણ કરવાનો જરૂર પ્રયત્ન કરીશું. બાકી એ વિષે તો અમે શરૂઆતથી જ વિચાર્યું હતું અને એ નિર્ણય ઉપર આવ્યાં હતાં કે ત્યાગ અને સંયમની ભાવના સિવાય આવાં લગ્નો સફળ થવાની આશા ન રખાય. આર્થિક પરિસ્થિતિના કારણે એ ત્યાગની ભાવના અમારામાં કેટલી છે એની કસોટી થશે. મને આશા છે કે જો બુદ્ધિપૂર્વક, સમજપૂર્વક પરિસ્થિતિને ઓળખી પગલું માંડીશું તો ત્યાગની ભાવના ઓર વધશે અને પ્રેમ એકબીજાને વધુ નિકટ લાવશે. મેં એટલું નક્કી કરી લીધું છે કે જ્યાંસુધી હું શક્તિમાન હોઈશ ત્યાંસુધી એ યુવતીને હિંદમાં કષ્ટ નહિ ભોગવવું પડે. હજારો માઈલ દૂર કુટુંબનો સંબંધ તૂટી ગયા પછી જીવન કેવું હોય છે એનો મને અંદાજ છે. એટલે મારી જવાબદારી બેવડી વધી જશે એ નક્કી છે.

મારા પિતાજીએ લગ્નનો વિરોધ કર્યો છે, પણ બીજી બાજુ એ છૂટ પણ આપી છે કે હું ઈચ્છું તે કરવા સ્વતંત્ર છું. પણ એમને એક જાતનો આઘાત પહોંચ્યો છે એ જાણી મને દુ:ખ થયું છે. એનું મૂળ કારણ એમના જૂના વિચારો જ છે, તેથી એ માટે હું એમને દોષ નથી આપતો. તમારા માટે એમને માન છે, એટલે જો મહેરબાની કરી તમે એમને કંઈક લખો તો જરૂર એમને સંતોષ થશે. મારા લગ્નથી એમની સેવા હું નહિ કરી શકું એવી એમને પાકી ધાસ્તી છે, જ્યારે પરિસ્થિતિ જુદી છે. એ તો હું હિન્દ આવ્યા પછી જ પુરવાર કરી શકું. ત્યાં સુધી એઓએ શાંતિ ધરવી જોઈએ.

૧૫મી ઑગસ્ટ ૧૯૪૯ના દિવસે હું પરણ્યો છું. આ સાથે અમારો ફોટો મોકલાવું છું. કાળા-ધોળાનો ભેદભાવ અહીં જેવો તેવો નથી. વળી હિન્દીઓ પ્રત્યે પણ અહીં ઘણા લોકોને સૂગ છે. હિન્દી વિદ્યાર્થીઓના વ્યવહારને કારણે એ ઓછી થતી જાય છે, છતાં જડમૂળથી તો એ ત્યારે જ નાબૂદ થશે જ્યારે એક તો હિન્દ 'ગરીબ હિન્દ' મટી 'સમૃદ્ધિશાળી હિન્દ' બનશે, અને બીજું આજની યુવાન પેઢી જેમને વધુ વિશાળ શિક્ષણ આપવામાં આવે છે તેઓ દરેક ક્ષેત્રમાં સત્તા મેળવશે. આ લગ્નના કારણે મારે આર્થિક મુશ્કેલીઓ ઉપરાંત થોડી બીજી મુશ્કેલીઓમાંથી પણ પસાર થવું પડ્યું હતું. હવે બધું ઠેકાણાસર છે. મારી પત્ની લિન્ડા (પછીથી લેખા) કામ કરે છે અને ઘરનો લગભગ બધો ખર્ચ ઉપાડી લે છે. હવે મને જો કોઈ ૭૫ ડૉલરની મદદ આપે તો હું નિરાંતે અભ્યાસ કરી શકું.

આપણે અંગ્રેજ, ફ્રેન્ચ, ઈટાલિયન કે રશિયન કળાકારો પાસેથી આજે જેટલી પ્રેરણા મેળવીએ છીએ એટલી આપણી પોતાની ભૂમિ કે પોતાની કળામાંથી નથી મેળવતા. આપણે સદા પાછળ ન રહીએ તે માટે અગત્યનું એ છે કે આપણા હિન્દી કળાકારો પ્રયોગ ને સંશોધનમાં પણ પૂરતો સમય આપે. એની શરૂઆત કળાશાળાઓમાં હિસ્ટરી ઑવ આર્ટ (કળાનો ઈતિહાસ) આર્ટ ક્રિટિસિઝમ (કલાવિવેચન) કૉમ્પોઝીશન (સંયોજન) ઍપ્રીસીએશન (રસદર્શન) વગેરે વિષયોના વર્ગોથી થવી જોઇએ. એ જ પ્રમાણે કળાકારોને જેમ કમર્શિયલ આર્ટ (વ્યવસાયીકળા)નું શિક્ષણ આપવાની સગવડ હોય છે, તેમ ઍન્થ્રૉપૉલૉજી (માનવવંશવિજ્ઞાન) આર્કીઑલૉજી (પુરાતત્ત્વ) વગેરે કળાને લગતા વિષયોની બૅકગ્રાઉન્ડ એડ્યુકેશન (પૃષ્ઠભાગીય શિક્ષા) મળવી જોઇએ. માનવવંશ-વિજ્ઞાન ને પુરાતત્ત્વમાં તો આપણે ક્યાં યે પાછળ છીએ.



લગ્ન : કાન્તિલાલ અને લિન્ડા

૧૦ સપ્ટેમ્બર ૧૯૫૩

હું આ દેશમાં છું તે દરમિયાન વિશ્યુઅલ એડ્યુકેશન(દશ્ય-શિક્ષણ)ના ક્ષેત્રમાં રસ લઇ રહ્યો છું. ભારતની કોઇ યુનિવર્સિટીમાં આવા વિભાગની ગોઠવણ થઇ હોય એવું જાણતો નથી. એનો અનુભવ લેવા એકાદ વર્ષ વધુ ખેંચી નાખું તો સાર્થક ગણાશે. પરંતુ મારાં માતપિતા વૃદ્ધ થતાં જાય છે ને અમને જોવાને ઝંખી રહ્યાં છે. પિતાની નજર નબળી થવા માંડી છે અને એકબે વર્ષમાં જરાય ભાળી નહિ શકે એ બનવાજોગ છે. આ કારણે હું સ્વદેશ આવવાનું વિચારી રહ્યો છું. મિત્રો કહે છે કે હાલ ભારતમાં બેકારી વધી છે. મારા કુટુંબનાં માણસો આ વાત લખતાં નથી અને અમેરિકન પત્રો આના સમાચારો છાપતા નથી. સાચું કેટલું છે? જો ખરેખર એવું હોય તો ભારત આવતાં પહેલાં મારે ફરીફરી વિચાર કરવો પડશે. મારી પત્ની લેખા ને પુત્ર દેવેન્દ્ર ખૂબ મજામાં છે. અમારાં બંનેનાં વંદન.

પત્રમાં લેખાએ ઉમેર્યું છે:

તમને પત્ર લખવાની તક આવી તેથી આનંદ પામું છું. કાન્તિલાલે તમારે વિષે સર્વ કાંઈ મને કહ્યું છે. તમારા પ્રતિ તેને ઘણો આદર છે અને તમારા પત્રોની ખૂબ ઇંતેજારી બતાવે છે. તમારો ઍસ્થમા (દમ) હવે બેસી ગયો હશે. એ બહુ કષ્ટદાયક ઍલર્જી (ઉપક્રમ) છે. આ દેશમાં પણ ઘણા લોકોને તે પીડે છે.

કાન્તિલાલ કહે છે કે હું મારા વિષે તમને કંઇક લખું. હું થોડા મહિના પછી શાળા-શિક્ષિકા થવા માગું છું. આના અભ્યાસક્રમ માટે હું આર્ટ ઈન્સ્ટીટ્યૂટના રાતના વર્ગો ભરું છું અને શિક્ષણમાં કંઈક પદવી મેળવવા ઇરાદો રાખું છું. હવે ડિગ્રી અને નોકરી બંને સાથે થાય છે કે નહિ તે વખત જતાં જણાશે.

—હૃદયપૂર્વક, લેખા

પ્રિય રવિભાઇ

અનેક મજાના ખબરો સાથેનો તમારો પત્ર મળ્યો. અમદાવાદથી નીકળતું કોઈ અઠવાડિક પત્ર મોકલી શકો? વૉશિંગ્ટનથી પ્રસિદ્ધ થતી 'ગવર્નમેંટ ઑવ ઇન્ડિયા'ની પત્રિકાઓમાંથી કેટલાક સમાચારો મળે છે. છતાં અઠવાડિક પત્રની જરૂર લાગે છે. કોઈ નિયમિત ગુજરાતી પત્ર મળતું હોય તો 'કુમાર' જ છે.

ભારતીય સરકારે અહીંના દૂતાવાસની પત્રિકામાં મારા ગાંધીજીના આલ્બમો ઉપર નોંધ લીધી હતી તે દિલ્હી સરકારની નજરે પડી હશે. તેને લીધે સ્કૉલરશિપ માટેની મારી અરજીઓ પર નજર ગઈ હોય તો સારું. થોડા દિવસ પહેલાં મેં ભારતીય દૂતાવાસને વિનતિ કરી હતી કે આજના ભારતીય ચિત્રકારોનાં ચિત્રો પરથી તૈયાર કરેલી સ્લાઇડો મને પૂરી પાડે તો હું તે ઉપર ભાષણો આપવા તૈયાર છું.

'ભારતમાં કળાનાં પાંચ હજાર વર્ષ' એ વિષય પર હું એક લૅંટર્ન સ્લાઇડનું વ્યાખ્યાન તૈયાર કરું છું. આ માટે તો મારી શાળા તેમજ જાહેર ગ્રંથાલયમાંથી જોઈતી સ્લાઈડો મળી રહેશે. માત્ર આ યુગના કળાકારોની સ્લાઇડો નથી.

હું કેટલાંક વ્યાખ્યાનો તૈયાર કરી રહ્યો છું. કેટલાંક પુસ્તકો વાંચ્યાં, કેટલાંક મ્યૂઝિયમોનાં ચિત્રોનો અભ્યાસ કર્યો અને જાતે સંશોધન કર્યું. તે પછી હું નીચેના વિષયો પર વ્યાખ્યાનો આપી શકું એમ લાગ્યું છે: ૧. ભારતીય કળાનો પરિચય (પ્રખ્યાત સ્થળો ને કળાકૃતિઓની રૂપરેખા તથા કલાપરિચય); ૨. ભારતીય કળાનાં પાંચ હજાર વર્ષ (ચિત્રો સાથે ઐતિહાસિક રૂપરેખા); ૩. ભારતીય શિલ્પવિધાન (કાલક્રમાનુસાર); ૪. ભારતીય ચિત્રકળા; ૫. ભારતનાં માટી-શિલ્પો ને હસ્તશિલ્પોદ્યોગ; ૬. ભારતીય કળાનાં સૂત્રો અને તત્ત્વદર્શન; ૭. ભારતીય કળાનાં ષડંગ અને ચીનનાં કળાસૂત્રોનો સમન્વય; ૯. ભારતીય વેષભૂષાનો લઘુ ઈતિહાસ; ૧૦. ભારતીય કળામાં શારીરિક પ્રમાણો ૧૧. વર્તમાન ભારતીય કળાકારો.

સપ્ટે-૩/૫૪

૧૫મી સપ્ટે. થી યુ. સ્ટે.નું પરદેશખાતું ને સાયરેક્યૂઝ યુનિ.નું ઑ.વિ. સેંટર મળીને એક આકર્ષક કાર્યક્રમ કરશે. પંદર જેટલા વિવિધ દેશોના ઑ.વિ. સ્પેશ્યાલિસ્ટો (જેમાં હિંદ અને પાકિસ્તાન સાથે કેટલાક મધ્ય અને દૂર પૂર્વના પણ છે) ને બે ચાર અમેરિકનોને એક વર્ષ માટે તાલીમ આપવાનું ઠરાવ્યું છે. હું અત્યારે સાયરેક્યૂઝ યુનિ.ના કામમાં હોવાથી આ પ્રસંગનો ખાસ લાભ મેળવી શકીશ. આ બધા યુવાનો શ્રવણ-દર્શનની બધી પ્રવૃત્તિઓ જોવા યુ.સ્ટે.માં ફરશે. તેમની સાથે વખતોવખત જવાની મને મંજૂરી મળી ગઈ છે.

આજે જ શ્રવણ-દર્શન સાધનોની રીતો ને તૈયારી પર પરીક્ષા આપી દીધી છે. હું ફિલ્મની કલાત્મક બાજુને જ વળગી રહેવાનો છું: પોસ્ટર્સ, ગ્રાફ્સ અને ચલંત ફિલ્મો. તમે તો જાણો છો કે વૉલ્ટ ડિઝનીએ કેવા પ્રકારની ફિલ્મો ચાલુ કરી હતી. તે પછીનાં ૧૦ વર્ષમાં બીજા નિર્માતાઓએ ડિઝની કરતાં પણ સરસ ફિલ્મો તૈયાર કરી છે. કૅનેડામાં નૅશનલ ફિલ્મ બોર્ડે અનેક તરેહની ચલંત ફિલ્મો તૈયાર કરી છે અને તેના કસબમાં સુધારા કરવાના પ્રયોગો ચાલુ છે. મારી ખુશનસીબી છે કે ત્યાં મને છ માસ માટે જવાની તક મળશે.

જાન્યુ. ૧૩મીએ હું અત્રેના ટેલીવિઝન સ્ટેશન પરથી અર્ધો કલાક ભારતીય કલા પર પ્રોગ્રામ આપવાનો છું. ભારત ઉપર આવા ૧૩ પ્રોગ્રામ એક કૉલેજ તરફથી ગોઠવાયા છે. શ્રી ગગનવિહારી મહેતા અને બીજાઓ ભારતના જીવનનાં વિવિધ પાસાંઓ પર બોલશે. હું ભારતીય કળાનો દશ્યમાન ઇતિહાસ રજૂ કરીશ.

(જાહેરખબર આપનાર સંસ્થાને લખેલો પત્ર)

એપ્રિલ ૧૮, ૧૯૫૬

'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'માં એક 'ડિસ્પ્લે આર્ટિસ્ટ' માટેની જા.ખ. મેં વાંચી છે. તેમાં અપેક્ષિત સર્વ લાયકાતોમાંની ઘણી હું પૂરેપૂરી ધરાવું છું. સાથે મોકલેલ સમૂહ પરથી આપ જોઈ શકશો કે મારાં ચિત્રોને વિવિધ પ્રદર્શનોમાં ઠીકઠીક પ્રશંસા મળી છે. મારી કેળવણી માટે જણાવું કે મેં સાયરેક્યુઝ યુનિ.માં ચૌદ અભ્યાસખંડો હાથમાં લીધા છે. આ વર્ષના જૂનની આખરમાં શિકાગો ઈન્સ્ટીટ્યૂટ મને બી. ફાઈન આર્ટ્સની ઉપાધિ આપશે. યુનાઇટેડ સ્ટેટ્સમાં હું કુલ આઠ વર્ષ રહ્યો તેમાંનાં પહેલાં પાંચ શિકાગોમાં અને છેલ્લાં ત્રણ સાયરેક્યુઝમાં ગાળ્યાં. ઉપરના અભ્યાસખંડો ચાલુ છે તે દરમિયાન મને સાયરેક્યુઝના ઑડિયો વિઝ્યુઅલ સેંટરમાં પૂરા સમયનું કામ મળ્યું છે. તે સાથે હું શિક્ષણ વિષયક ચલચિત્રો, ફિલ્મ સ્ટ્રિપો ને સ્લાઇડગ્રાફ નકશા કરવાનો સક્રિય અનુભવ લઈ રહ્યો છું.

હું સપ્ટેમ્બરમાં મારી પત્ની અને બે બાળકો સહિત ભારતમાં આવું છું. તમે જણાવેલો પગાર પ્રારંભથી જ ૫૦૦ રાખશો તો મારા માટે એ જગ્યા સ્વીકારવાલાયક ગણીશ.

વર્તમાન


લંડનની 'સેન્ટ્રલ સ્કૂલ ઑવ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ'માં બે વર્ષથી ડિઝાઈન, પબ્લિસિટી અને ટાઇપોગ્રાફીનો અભ્યાસ કરી રહેલા ગુજરાતી કલાકાર ભાઈ જયરામ પટેલે લંડનના વેસ્ટ એન્ડમાં વૂડસ્ટૉક ગૅલેરીમાં પોતાનાં 'ઍબ્સ્ટ્રૅક્ટ' ચિત્રો અને આલેખનોનું એક નાનું પ્રદર્શન યોજ્યું છે, અને તેમાં સફળતા મળે તો પારીસમાં કલાકાર તરીકે કામ કરવાની મનીષા વ્યક્ત કરી છે. આ પહેલાં એમણે ટોકિયો, મનીલા અને સ્વિટ્ઝર્લૅંડમાં પોતાનાં વ્યક્તિ પ્રદર્શનો ભરેલાં.

મધ્યસ્થ સરકાર આશ્રિત લલિતકલા અકાદમીના ૧૯૫૯ના કલાપ્રદર્શનમાં સૌરાષ્ટ્રના યુવાન ચિત્રકાર શ્રી ભૂપત લાડવાની ચિત્રકૃતિ 'પાળિયાની પૂજા' પ્રશંસાપાત્ર ઠરવા ઉપરાંત પોલાંડના એલચીએ તે ખરીદ કરીને તેનું સન્માન કર્યું તેની સહર્ષ નોંધ લઇએ છીએ.

સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાંના અભ્યાસકાળ દરમ્યાન નાનાંમોટાં ઇનામો જીતી, મુંબાઇના યૂથ સેન્ટર તરફથી તસ્વીર આલેખન તથા ફોટોગ્રાફી માટે, કલાશાળાની સ્કેચક્લબમાં નિસર્ગદશ્ય માટે અને ઇન્ડો-રશિયા કલાહરીફાઈમાં નિસર્ગદશ્ય માટે પહેલાં ઇનામો મેળવનાર વલસાડના કલાવિદ્યાર્થી ધીમંત મિસ્ત્રીને ચોથા મુંબાઇરાજ્ય કલા પ્રદર્શનમાં 'ટૂરિસ્ટ-પોસ્ટર-ડિઝાઇન' માટે રૂા.૧૫૦૦નું ઈનામ મળ્યું માટે તેમને અભિનંદન આપીએ છીએ.

ગયા અંકના મુખચિત્ર તરીકે પ્રકટ થએલું શ્રી પ્રદ્યુમ્ન તન્નાનું 'વિશ્રંભવાર્તા' સિસ્ટાસ લિમિટેડના સૌજન્યથી અમે પ્રકટ કરી શક્યા હતા તેની સાભાર નોંધ લઇએ છીએ.

ત્રણ દાયકાથી યે વધુ સમયથી 'કુમાર'ના અંતરંગ મંડળમાંના એક અને ગુજરાતપ્રિય કલાકાર શ્રી કનુ દેસાઈનાં પત્ની સૌ. ભદ્રાબેન દેસાઈ-જેઓ પોતે પણ ચિત્રો કરતાં-તેમના આ માસની બીજી તારીખે હૃદયરોગથી થએલા અવસાનની અમે સખેદ નોંધ લઇએ છીએ. એમનું એક રંગચિત્ર ૨૫૨મા અંકના મુખચિત્ર તરીકે અને સાદું ચિત્ર ૨૬૪મા અંકના પૂઠા પર આવી ગએલાં. તેનું જૂના-વાચકોને તો કદાચ સ્મરણ હશે. શ્રી કનુભાઈ તથા તેમના કુટુંબીજનો પર અકાળે આવેલી આ આપત્તિમા અમે અંતરની દિલસોજી વ્યક્ત કરી સ્વર્ગસ્થના આત્માને શાન્તિ પ્રાર્થીએ છીએ.



રહસ્યકથા (૮) 'અકસ્માત'

છેક પરાને છેડે આવેલા એ બંગલામાં પોલીસે જ્યારે તપાસ શરૂ કરી ત્યારે દેખીતીરીતે જ બનાવ અકસ્માતનો લાગતો હતો. ઘરધણીએ નિવેદનમાં લખાવ્યું કે શનિ-રવિ બે દિવસની રજાનો લાભ લઈ પોતે શુક્રવારે સાંજે જ બહારગામ ઊપડી ગએલો, ને ત્યારે તેની પત્ની તદ્દન સાજીસારી હતી. સોમવારે વહેલી સવારે ઘેર આવી જોયું તો પત્ની રસોડામાં મરેલી હાલતમાં પડેલી (ચિત્ર નં. ૧), એટલે તુરત પોતે પોલીસચોકી પર ગયો હતો. ઈન્સ્પેક્ટર દીક્ષિતે તેને પૂછ્યું કે ઘરમાં પોતાની પત્નીને આ હાલતમાં જોયા બાદ તે કેટલી વારે પોલીસ ચોકીએ આવ્યો હતો અને ત્યાં આવ્યો તે દરમ્યાન ઘરમાં કોઇ વસ્તુને હાથ લગાડેલો કે નહિ. જવાબમાં પોતે કોઇ પણ ચીજને અડચો નહિ હોવાનું તથા પત્નીને મરેલી જોતાં લાગલા જ પોલીસ ચોકીએ ગયો હોવાનું તેણે જણાવ્યું. ¶ પછી ઈન્સ્પેક્ટરે ઘરમાં ઝીણી નજરે તપાસ કરવા માંડી અને સાથે આવેલા સરકારી દાક્તરે શબની તપાસ આદરી દીધી (ચિત્ર ૨ અને ૩). જણાતું હતું કે કંઈક ચીજવસ્તુ લઈ પાછા વળતાં, ફાટેલી જાજમમાં પગ ભરાઈ જતાં પડી જઇને બાઈની ખોપરી રસોડાની ઓટલીની ધાર સાથે અથડાતાં તે મરણ પામી હશે. દાક્તરે પણ એ જ અભિપ્રાય આપ્યો કે માથામાં સખત વાગવાથી ખોપરીનું હાડકું તૂટી મગજમાં પેસી જવાથી મરણ થયું છે.

ઈન્સ્પેક્ટરે વધુ તપાસ અર્થે હવે બહાર પણ લટાર મારી જોઈ. પડોશમાંથી તેને જાણવા મળ્યું કે મરનાર બાઈ તથા ઘરધણી વચ્ચે રોજ ખટરાગમાં ઊંચે સાદે બોલાચાલી થતી તેઓ સાંભળતા હતા (ચિત્ર નં. ૪). ફરી દીક્ષિતે ઘરમાં આવી સૂવાના ખંડની તપાસ કરી તો બધું સ્વાભાવિક લાગતું હતું (ચિત્ર નં. ૫). ઈન્સ્પેક્ટર જ્યારે બનાવવાળા ખંડમાં પાછો ફર્યો ત્યારે દાક્તરે પોતાની તપાસ પૂરી કરી લીધી હતી. પોતાનો અભિપ્રાય આપતાં તેણે જણાવ્યું કે, 'દેખીતી રીતે જ બનાવ અકસ્માતનો છે ને બાઇને મરી ગયે ઓછામાં ઓછા ચોવીસ કલાક કરતાં વધુ સમય થઈ ગયો લાગે છે.' ફરી એક વાર દીક્ષિત ઓરડામાં ચારે ખૂણે ફરી વળ્યો અને કંઈક વિચારમાં ડૂબી ગયો. દાક્તરે પૂછ્યું, 'કેમ કંઈ શંકા જેવું લાગે છે?' દીક્ષિતે કહ્યું 'ચોક્કસ; તાગડો બહુ ચતુરાઈથી રચ્યો છે.' અને પછી એક વસ્તુ બતાવતાં દીક્ષિતે ઉમેર્યું, 'સારું થયું કે મારું અહીં ધ્યાન ગયું; નહિ તો હું પણ ગોથું ખાઈ જાત.' (ચિત્ર નં. ૬) ¶ અને એ એક જ મુદ્દાના આધારે જ્યારે ઈન્સ્પેક્ટરે ઘરધણીની ઊલટતપાસ લેવા માંડી ત્યારે આખરે તેણે પોતાનો ગુનો કબૂલ કરી લીધો. બહુ જ સામાન્ય એ મુદ્દો હતો. ઉપરનાં ચિત્રોમાંથી એ જણાઇ આવશે. તમે એ શોધી શકશો? નહિ તો તેનો જવાબ પૃ. ૨૮૪ ઉપર આપ્યો છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા: 'દાતણ'

આવળ વગેરેની સોટીના કટકાથી જ નહિ પણ હવે તો મંજનથી કે પેસ્ટથી દાંત સાફ કરવાને પણ 'દાતણ કરવું' કહેવાતું આપણે સાંભળીએ છીએ, ત્યારે સહેજ વિચિત્ર તો લાગે છે. 'દાતણ' તો એવી સોટીના કટકાને જ કહેવાય. પણ 'દાતણ'નો મૂળ શબ્દ શું છે તે જાણીએ, તો પછી આપણને એ નવતર પ્રયોગમાં ખાસ નવાઈ ન લાગે.

હિંદીમાં 'દાતણ' માટે 'દતવન', 'દતુવન' કે 'દતૌન' શબ્દ છે. આ રૂપોમાં મૂળનો થોડોક વધુ અંશ જળવાયો છે. મૂળ સંસ્કૃત શબ્દ 'દંતપવન' છે. દંતપવન એટલે દાંત સાફ કરવા તે, તેમજ 'દાંત સાફ કરવાનું સાધન'. એ પરથી પાલિ 'દંતપોન' થયો. પછી પ્રાકૃતના 'દંતવરણ' કે 'દંતવણ' પરથી હિંદી ને ગુજરાતી શબ્દો સિદ્ધ થાય છે. આમ મૂળ અર્થે 'દાંત સાફ કરવાનું સાધન' મંજન વગેરેને પણ લાગુ પડી શકે તેમ છે.

સસ્કૃતમાં 'દંતધાવન' શબ્દ પણ છે. તેનો અર્થ 'દાંત ધોવા તે','દાંત સાફ કરવાનું સાધન' છે.

'દાતણ'માં મૂળના દકારનો અનુસ્વાર નથી જળવાયો. આપણા બીજા કેટલાક શબ્દોમાં પણ આવી રીતે મૂળનો અનુસ્વાર ઘસાઇ ગયો છે: 'પંચરંગી' નહિ પણ 'પચરંગી'; 'મંજૂષા' ઉપરથી 'મજૂસ', 'મંજિષ્ઠા' ઉપરથી 'મજીઠ'.

—હરિવલ્લભ ભાયાણી

સાક્ષરજીવન

વિદ્વત્તાભર્યા જૂના ત્રૈમાસિક'સમાલોચક'-માં કટકેકટકે પ્રકટ થઇ અધૂરો રહેલો, ગુજરાતના જ્ઞાનગૌરવ ગુરુ સાક્ષરવર્ય ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ લખેલો, વિદ્વત્તા, પાંડિત્ય તથા તત્ત્વજ્ઞાનને ગુણે અધ્યયનપૂર્ણ તેમજ ઉન્નત અને ઉન્મુક્ત જીવન માટેની પ્રેરણા સિંચતો, ગુજરાતી ચિંતન–વાઙ્‌મયના અભિભૂષણ સમો ચિરંજીવ મૂલ્યવત્તા ધરાવતો આ મહાનિબંધ,અભ્યાસીઓ માટે ઘણા સમયથી અપ્રાપ્ય હતો તેની બીજી આવૃત્તિ કાઢીને પ્રકાશકે એક ઉપકારકૃત્ય કર્યું છે. ગ્રંથનાં પ્રવેશક તથા ટિપ્પણ લખનારવિદ્વદ્વર્ય સ્વ. બલવંતરાય ક. ઠાકોરે લખ્યું છે કે 'હાલ આપણા સમાજમાં, મનુષ્યની ઉચ્ચ પાત્રતાની દૃષ્ટિએ જેને પામર અથવા પાશવ કહેવા પડે એવા વિત્તવ્યાપાર અને પ્રજાવૃદ્ધિ-વ્યવહાર પ્રવર્તે છે. આપણા 'નામના' બ્રાહ્મણ, ક્ષત્રિય અને વાણિયાની અસંખ્ય નાતજાતો ધર્મને ઠેકાણે આ અધર્મ જ આચરે છે, અને ઉપરાંત પોતપોતાના 'વર્ણધર્મ'ના ગુમાનમાં મસ્ત છે. આવી અધમ સ્થિતિમાંથી તરવાને માટે આપણા સમાજને, બીજા સમાજોના કરતાં, સાક્ષરજીવનના સેવનની સવિશેષ જરૂર છે, કારણ કે હાલની અધોગતિની ચિકિત્સા કરવી અને તેના વિજયી નીવડે એવા ઉપાયો યોજવા એ તો લોકજ્ઞ, તલદર્શી, હિતૈકલક્ષી અને સર્વમાન્યસાક્ષરજીવનથીજ થઈ શકે એમછે.'

આની સાથોસાથ પ્રસ્તુત ગ્રંથમાં પહેલી સાહિત્યપરિષદના પ્રમુખસ્થાનેથી શ્રી ગોવર્ધનરામે આપેલું, સાહિત્યપરિષદે કરવાના કાર્યની દિશા સૂચવવા ઉપરાંત ગુજરાતના ઐતિહાસિક યુગોના નિરૂપણ સહિત ગુજરાતી સાહિત્યના ઉદ્‌ભવ અને વિકાસને સાંકળી લેતું, પ્રેરક અને મનનીય વ્યાખ્યાન આપીને પણ પ્રકાશકોએ મૂલ્યવાન ઉમેરો કર્યો છે.

પ્રકાશક: ફાર્બસ ગુજરાતી સભા, મુંબાઇ; મુખ્ય વિક્રેતા: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. પ્રિન્સેસસ્ટ્રીટ, મુંબાઈ–૨; રૂ. ૩–૭૫.

કવિ દયારામનો અક્ષરદેહ અને નવલરામની જીવનકથા

એ જ સાક્ષરસત્તમ શ્રી ગોવર્ધનરામે પ્રાચીન ગુજરાતી કવિઓમાંના છેલ્લા,દયારામના સાહિત્યના મર્મભાગના કરેલા આ તાત્ત્વિક શોધનમાં, દયારામની કવિતા જ્ઞાનની ભૂમિકાએ કેટલી સત્ત્વશીલ ને સાહિત્યગુણે કેટલી વ્યંજક છે તેનું પાંડિત્યપૂર્ણ તથા વિવેકાનુસ્યૂત નિદર્શન કરવામાં આવ્યું છે. દયારામની કવિતાને સમજવા માટે બુદ્ધિનો ઉચ્ચતમ અને સૂક્ષ્મતમ ગ્રાહ કેળવવા માટે પ્રસ્તુત એ એક આદર્શ ગ્રંથ છે. શ્રી ચન્દ્રશંકરનર્મદાશંકર પંડ્યાના'દયારામનો અક્ષરદેહ—એસંબંધી કેટલાંએક છૂટક સ્મરણો' નામના લેખ સાથે.

ગુજરાતના સાહિત્ય–શિક્ષણ–સંસ્કારના અગ્રણી સેવક ને અગ્રચારી વિવેચક સ્વ. નવલરામ લક્ષ્મીરામ પંડ્યાનું સ્વ. ગોવર્ધનરામે લખેલું આ ટૂંકું જીવનચરિત્ર એ મહાજનનું સર્વાંગી અવલોકન કરવા સાથે, ગુજરાતનાં શિક્ષણ, સાહિત્ય, પત્રકારત્વ, સમાજસુધારો વગેરેને ક્ષેત્રે અનેકરીતે પુરોધા બનેલા તેના નાયકવિષેની વિગતોથી ખીચોખીચ ભરેલું છે. એ વિગતો અને તેને આલેખી જતી સ્વ. ગોવર્ધનરામની કથનશૈલીની પાછળ ગંભીર, વિશદ અને પ્રેરણાપૂર્ણ જીવનદર્શન નિહિત છે.

પ્રકાશક અને મુખ્ય વિક્રેતા: ઉપર મુજબ; બંનેની સામટી કિંમત: રૂા. ૩–૦૦, અલગ-અલગ અનુક્રમે રૂા. ૨–૦૦ અને રૂા. ૧–૦૦.

સૂરત સોનાની મૂરત: ભારતીય અને ગુજરાતી ઇતિહાસમાં લાંબી અને રોમાંચક કથા ધરાવતી સૂરત નગરી એક વાર સાચે જ સમૃદ્ધ સોનાની મૂરત હતી. આજે યે પૂર્વાપેક્ષાનુસાર તેનું સાંસ્કારિક ગૌરવ તો છે જ.

ગુજરાતના એક પ્રાચીનતમ એ નગરની અનેકક્ષેત્રીય માહિતીઓના, શ્રી ઈશ્વરલાલ ઇચ્છારામ દેસાઇએ સંપાદિત કરેલા આ આકરગ્રંથના 'આમુખ'માં શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખ્યું છે તેમ, પુષ્કળ પ્રમાણમાં વિવિધ સામગ્રી ધરાવતો આ ગ્રંથ 'સૂરતનો એક મોટો માહિતીગ્રંથ છે. એમાં ઇતિહાસ છે, દંતકથા છે, જીવનચરિત્રો છે, સૂરતના જીવનનાં બધાં પાસાંનું નિરૂપણ છે. સૂરત વિષેના કુતૂહલને ભલી રીતે સંતોષે એવી રસમય માહિતી છે. સંપાદકે ખૂબ મહેનત કરી સૂરત વિષે મળી શકે તેટલી બધી માહિતી અહીં એકત્રિત કરી આપી છે. સામાન્ય વાચકને આ ગ્રંથ રસપ્રદ લાગશે; ભવિષ્યના ગુજરાતના ઇતિહાસકારને એ નિઃશંક ઉપયોગી નીવડશે.'

સૂરતનાં ઇતિહાસ, અવદશા, આર્થિક સ્થિતિ, સુધારા, પ્રદેશ-વિસ્તાર, પ્રજાનું વ્યક્તિચિત્ર,સ્થાનિકસંસ્થાઓ,રાજકારણની ઝાંખી, રસોલ્લાસ, કાવ્યો-લેખો-ભાષણો-કહેવતો-લોકકથાઓ-દંતકથા-માનપત્રો વગેરે ઉપરાંત સૂરત તેમજ ગુજરાતના સર્વક્ષેત્રીય નવસર્જનમાં ફાળો આપનાર મહાજનોનો



વિગતવાર ને વિપુલ પરિચય સંપાદકે કરાવ્યો છે. તેમના કહેવા મુજબ 'આજનો આ ગ્રંથ ઇતિહાસ અને સર્વસંગ્રહ એ બેની વચ્ચેના સ્વરૂપનો આકાર ધરીને બહાર પડ્યો છે.'

વિક્રેતા : મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડસન્સ,નાણાવટ,સૂરત;કિંમત રૂ.૧૫·૦૦.

યુદ્ધકાંડ : (વાલ્મીકિ રામાયણનો છઠ્ઠો અને અંતિમ કાંડ) સંસ્કૃતિ, રાષ્ટ્રભાવના, ધર્મ અને સાહિત્યની દૃષ્ટિએ વાલ્મીકિ રામાયણનું સ્થાન વિશ્વભરમાં ઊંચું છે. એ મહાકાવ્યનો ગુજરાતીમાં સમશ્લોકી અક્ષરાવતાર કરવાનું કપરું કામ સુજ્ઞ અને વિદ્વાન સાહિત્યકાર શ્રીમતી હંસાબહેન મહેતાએહાથધરેલું તે તેમણે વિશદ અને પ્રાસાદિક અનુવાદો દ્વારા આ કાંડ સાથે પાર પાડ્યુ છે. આ તથા અગાઉના કાંડોના એમના અનુવાદો ગુજરાતી સાહિત્યને તેમનું એક મોંઘું પ્રદાન ગણાશે.

પ્રકાશક:ત્રિપાઠી પ્રા.લિ.મુંબાઈ ૨;રૂ.૬·૦૦.

Indian Literature

દિલ્હીની સાહિત્ય અકાદમી તરફથી પ્રકાશિત એ અર્ધવાર્ષિક સામયિકના બીજા ગ્રંથનો પહેલો ('ઑક્ટોબર' ૫૮–માર્ચ–'૫૯નો) અંક.

આખા ભારતના સાહિત્યનું એકહથ્થુ અને અધિકૃત દર્શન કરાવવાના પ્રકાશક સંસ્થાના આ અભિનંદનીય પ્રયત્નમાંહરવખતની માફક આ અંકમાં પણ સાંપ્રત ભારતીય—આસામી, બંગાળી, ગુજરાતી, હિંદી, કન્નડ, કાશ્મીરી, મળયાળમ, મરાઠી, ઉડિયા, પંજાબી, સંસ્કૃત, સિંધી, તમિળ, તેલુગુ અને ઉર્દૂ—સાહિત્યનું તે તે સાહિત્યના અધિકારી તજ્જ્ઞો પાસે તૈયાર કરાવાએલા અવલોકન સાથે ભારતીય સાહિત્ય વિષયક બીજા જુદાજુદા લેખો અને કવિતા–વાર્તા જેવા મૌલિક સાહિત્યનો પણ સમાવેશ થાય છે. ગુજરાતી સાહિત્યનો આપણા યુવાન ને પ્રતિનિધિ સાહિત્યકાર શ્રી ચુનીલાલ મડિયાએ કરાવેલો પરિચય વિગતદર્શી અને વસ્તુલક્ષી છે. સર્જકતા એ રાષ્ટ્રીયતાનું, રાજકીયતા કરતાં યે વધુ મહત્ત્વનું અંગ છે. તે રૂએ, સાહિત્યના જાગૃત સર્જક, અધ્યેતા અને અભ્યાસી પ્રત્યેક ભારતવાસીએ આવા પ્રયાસના સત્ત્વને આત્મસાત કરવું જોઇએ.

તંત્રીમંડળ: સર્વશ્રી એસ.રાધાકૃષ્ણ,હુમાયૂં કબીર, કે. આર. કૃપાલાણી; સરનામું : The Editor, Indian Literature, Sahitya Akademi, 74 Theatre Communication Buildings, Connaught Circus, New Delhi-1; વાર્ષિક લવાજમ : રૂ. ૨–૫૦, છૂટક નકલ: રૂ. ૧–૫૦.

સુષમા : સંસ્કૃત અત્યારે પણ 'મૃતભાષા' નથી, એનું પ્રમાણ દક્ષિણ ભારત જેવાં તથા ભારતનાં બીજા સ્થળોએ મળશે; ને ખરેખાત એ જો મૃતભાષા હોય તો તેના અમૃતથી આપણે વંચિત રહીએ એટલી તે સમૃદ્ધ છે.

જોકે જૂજ, પરંતુ આજ પણ એ ભાષામાં રચનાઓ થાય છે. પશ્ચિમી સાહિત્યના સંપર્ક પછી આપણી ભાષાઓમાં ખીલેલા વિવિધ સાહિત્ય-પ્રકારોના પ્રયોગો પણ તે રચનાઓમાં જોવા મળે છે. તે રીતના, મુંબાઇની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના સંસ્કૃતના વિદ્વાન પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુ. ઝાલાના આ સંસ્કૃત કાવ્યસંગ્રહની કૃતિઓમાં વિદ્વત્તા તથા સત્ત્વશીલતા બંને વરતાય છે. પ્રકાશક: લેખક પોતે, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, મુંબાઈ-૧; ૦–૫૦.

પ્રકાશ : વિજ્ઞાન અંક. કન્યાઓ માટે બાલમંદિરથી તે કૉલેજ સુધીના શિક્ષણની વ્યવસ્થા ધરાવતા અમદાવાદના પ્રકાશ ટ્રસ્ટની 'પ્રકાશ હાઈસ્કૂલ',શાળા-વાર્ષિકોની રૂઢિમાં પ્રથમથી નવતર અને આદરપાત્ર પ્રસ્થાન કરતી આવી છે. દર વર્ષે અમુક ખાસ વિષય લઇને તે વિષેની અનેકાંગી માહિતીઓ પોતાના વાર્ષિકમાંઆપવાનો પ્રયાસ કરતાંરહીને પ્રકટ કરેલું પ્રત્યેક વાર્ષિક તે તે વિષયનું વિદ્યાર્થિનીઓ માટે નાનુંસરખું મૂલ્યવાન અભ્યાસ–પુસ્તક બની રહે છે. 'સાહિત્ય અંક', 'ઇતિહાસ અંક', 'ગૃહજીવનશાસ્ત્ર અંક' અને 'જીવનઘડતર અંક' પછી એ સંસ્થાએ આ વર્ષ (૧૯૫૯)નો વાર્ષિક અંક 'વિજ્ઞાન અંક' તરીકે પ્રકટ કર્યો છે.'મહાન વૈજ્ઞાનિકો' એ આ અંકનો આકર્ષણપાત્ર વિગતખચિત પ્રલંબ વિભાગ છે. બીજા વિભાગો છે : વૈજ્ઞાનિક ઇતિહાસની સમીક્ષા, વૈજ્ઞાનિક કલ્પના, આપણી વિજ્ઞાનસંસ્થાઓ, વિજ્ઞાનની રસપ્રદ વાતો, આપણા જીવનમાં વિજ્ઞાન, અને વિજ્ઞાનની અદ્યતન સિદ્ધિઓ. અંકને અંતે 'વૈજ્ઞાનિક તવારીખ' પરિશિષ્ટ રૂપે આપવામાં આવી છે.

ઉષા : સાહિત્યદર્શન–મુંબાઇની જાણીતી ન્યૂ ઈરા હાઈસ્કૂલે તેનો ૧૯૫૯નો ૧૪મો વાર્ષિક અંક સાહિત્યદર્શન અંક તરીકે પ્રકાશિત કર્યો છે. પોતાના સાહિત્યપરિશીલન, તથા સાહિત્યકારોનાં મિલન-સંમેલન પરથી તેમજ મૌલિક સ્ફુરણા વડે, શાળાનાં વિદ્યાર્થીઓએ અહીં ગુજરાતી સાહિત્ય વિષે અભ્યાસયુક્ત સામગ્રી નિરૂપી છે. અંકનું મુખ્ય આકર્ષણ છે ગુજરાતી સાહિત્યકારોનાં જીવન–કવન વિષે મિતાક્ષરી પરંતુ વિદ્યાર્થીઓની દૃષ્ટિએ મૂલ્યવાન પરિચય; સાથે સાહિત્યકારોની સુરેખ તસવીરો પણ છે. ઉઠાવ સુઘડ ને રસપ્રેરક છે.





ટિકિટસંગ્રહ

ગયા જુલાઈમાં, ઇજિપ્તે પોતાના ઉદ્યોગો દર્શાવતી ઉપરની પાંચટિકિટોબહારપાડી હતી. આ ટિકિટોનું આકર્ષણ એ છે કે પાંચે ટિકિટો એકબીજીને જોડાએલી એક જ સંમૂહમાં છે. ૨૫ટિકિટના એક શીટમાં દરેક ઓળમાં આ પાંચ ટિકિટો છાપી છે. આમ જુદીજુદી આકૃતિઓવાળી ટિકિટો એકસાથે જોડાએલી છાપવામાં આવે તેને Setenant કહે છે. આ પાંચ ટિકિટો નીચે મુજબ ક્રમવાર ઉદ્યોગો દર્શાવે છે: (૧) સિમેન્ટ (૨) કાપડ-ઉદ્યોગ (૩) પેટ્રોલિયમ (૪) વિદ્યુત્ (૫) ખાતર ઉદ્યોગ. ઇજિપ્તે આવી Setenant ટિકિટો અગાઉ પણ પ્રકટ કરેલી. (હિંમત સી. શાહ)



નેપોલિયનને જ્યાં કેદ (ઈ. ૧૮૧૫ થી ૧૮૨૧ સુધી) રાખ્યો હતો તે, આટલાંટિક મહાસાગરમાં–ઇગ્લંડથી ૪૪૭૭ અને આફ્રિકાથી ૧૧૪૦ માઈલને અંતરે–આવેલો, ૧૦ માઈલ લાંબો અને ૪૭ ચોરસ માઈલના વિસ્તારનો, ઈંગ્લંડના તાબાનો ડુંગરાળ ટાપુ સેન્ટ હેલીના ઈ. ૧૬૫૧માં પોર્ચુગીઝો પાસેથી ઇગ્લંડની ઇસ્ટ ઇંડિયા કંપનીએ જીતી લીધો, ત્યાર પછી ૧૬૫૯માં ત્યાં પહેલું થાણું નંખાયું, તેની ત્રણસોમી જયંતી નિમિત્તે એ ટાપુએ બહાર પાડેલી ત્રણ ટિકિટો ઉપર ડાબી બાજુ આપી છે. તેમાં પહેલી ઉપર ઈસ્ટ ઇંડિયા કંપનીનું રાજ્યચિહ્ન, વચલી પર જેમ્સ અખાતમાં આવેલા પ્રથમ વસાહતી જહાજ 'લંડન'નું ને છેલ્લી પર, જેમ્સ ટાઉનમાં પહેલો કિલ્લો બંધાયો તેના શિલાલેખનું ચિત્ર છે. લિંકન-સ્મૃતિ ટિકિટ માટેના ફર્સ્ટ-ડે કવર પર તેના જન્મસ્થાનની 'કાષ્ઠકુટિર' અને તેના 'સ્મારકગૃહ'નાં દર્શનીય ચિત્રો જમણી બાજુ છે.

રહસ્યકથાનો ખુલાસો : પત્નીને મારી નાખવાની યોજના તેણે અગાઉથી જ વિચારી રાખેલી. બનાવને પ્રસંગે પોતે હાજર નહોતો તેની ખાતરી કરાવવા પ્રથમ તો તે બહારગામ ઊપડી ગયો. પછી શનિવારે રાત્રે છાનામાના ઘેર આવીને પત્નીને તેણે મારી નાખી અને સોમવારે પોતે વહેલી સવારે ઘેર આવ્યો ત્યારે પત્ની વહેલી ઊઠી ચાપાણીની તૈયારી કરતાંકરતાં જ અકસ્માત પડવાથી મરી ગઈ હતી તેમ બતાવવા તેણે બધું ગોઠવ્યું (ચિત્ર૧–૨); ઉપરાંત પ્રાયમસ પણ પેટાવ્યો. (ચિત્ર નં. ૨) પણ અહીં જ એ થાપ ખાઈ ગયો. દાક્તરે જણાવ્યું કે બાઈ ચોવીસ કલાક પહેલાં મરી ગએલી છે તે ખયાલમાં લઈએ તો સહેજે સમજાય કે તેણીએ સ્ટવ પણ ચોવીસ કલાક પહેલાં પેટાવ્યો હોવો જોઇએ. પણ ચોવીસ કલાક પહેલાં પેટાવેલો સ્ટવ ઠેક પોલીસ આવે ત્યાં સુધી સતત બળતો જ રહ્યો હોય એ સહેજે ન મનાય. એટલે સ્ટવ બાઇના મર્યા પછી જ, અને બહુ તો પાંચ છ કલાક પહેલાં પેટાવાયો હશે તેમ અનુમાન થઈ શકે. બાઇ તો મરી ગઇ હતી એટલે ઘરધણીએ જ એ સ્ટવ પેટાવ્યો હોય; જ્યારે એ તો કોઇ ચીજને નહિ અડયાનું કહે છે—મતલબ કે જુઠું બોલે છે. આ મુદ્દા ઉપરથી જ ઇન્સ્પેક્ટરે તેને પકડી પાડચો.



બર્મ્યુડા એ બ્રિટિશ કૉમનવેલ્થનું સૌથી જૂનું અને સૌપ્રથમ સ્વતંત્ર થએલું સંસ્થાન છે. જેને પરિણામે તેની સ્થાપના થઈ એ 'સી વેન્ચર' નામના એક જહાજને નડેલા અકસ્માતની ૩૫૦મી સંવત્સરી નિમિત્તે આ જુલાઇની ૨૯મીએ બર્મ્યુડાની ૧½, ૩, ૪, ૮, ૯ અને ૧/૩ પેન્સની ટપાલની છ નવી ટિકિટો બહાર પડવાની છે. તે દરેક પર ઉપર આપેલી ૧½ પેન્સની બ્લ્યૂ રંગની ટિકિટ જેવું જ આલેખન છે. તેના આલેખક બર્મ્યુડાના જ મિ. વિલિયમ હેરિંગ્ટને તેમાં એકરજ્જુથી જોડાએલા, જેમ્સ પહેલા તથા રાણી એલિઝાબેથ બીજીના 'કોટ ઑવ આર્મ્સ' અને તેના પર તેમના રાજમુકુટોની રચના કરી છે.

વાચકો લખે છે... (અનુસંધાન પૃષ્ઠ ૨૫૭થી)

શ્રી ફિરોઝશાહ રુસ્તમજી મહેતા ચિત્ર ને શિલ્પ પર લગભગ ૨૫ વર્ષ થયાં અભ્યાસપૂર્ણ અને મનનીય લેખો લખી જગતની કલા અને તેના કલાકારોને બિરદાવતા આવ્યા છે. ૪૨૬મા અંકમાં સાંપ્રત કલા પર તેઓએ દાખલા-દલીલો સાથે તેમજ દુનિયા પર આ અકલાની માઠી અસરના જાણીતી વ્યક્તિઓના અભિપ્રાય સહિત જે લેખ લખ્યો છે તેથી ઘણા વાચકોનો ભ્રમ દૂર થઇને કલારસિક જનતામાં ઠીકઠીક રસ ઉત્પન્ન થયો છે.

ભારતનું સ્થાપત્ય, ચિત્ર ને શિલ્પ આજે સૈકાઓ થયાં દુનિયાગાં અણમોલ સ્થાન સાચવી રહ્યું છે, તેને બદલે જો ભારતના કલાકારો આ સાંપ્રત કલાના ઓઠા હેઠળ અગડમબગડમ્ કરી લોકોને ભરમાવ્યા કરીને પોતાની અણઆવડતનું પ્રદર્શન કરતા જ રહેશે તો તેનો અંજામ સિનેમાની તરજો જેવો થશે. આજે સિનેમાની લાખો તરજો આવી અને ગઈ, છતાં શાસ્ત્રીય સંગીત અને તેની વિવિધતા તથા મૌલિકતાનું સૈકાઓથી ઉચ્ચ સ્થાન આજે પણ છે. આ સાંપ્રતચિત્રકલા તેની લાખો ચિત્રકૃતિઓ રજૂ કરશે પણ સિનેમાની તરજોની માફક માત્ર અલ્પજીવી રહી ભવિષ્યમાં કોઈ સંગ્રહસ્થાનમાં તેનું ચિરસ્થાન નહિ જ રહે તે નિઃશંક છે.

(રાજકોટ) —મગનલાલ ત્રિવેદી

આ અંકના 'છેલ્લા પાના' પર વિમાની સેનાના સુધારેલા પ્રતીકનો પરિચય આપતાં 'નભ:સ્પૃશં દીપ્તમ્' એ પંક્તિની વેદસૂત્ર તરીકે ઓળખ અપાઈ છે એ બરાબર નથી. એ ગીતાની શ્લોકપંક્તિ છે: અગિયારમા અધ્યાયના ચોવીસમા શ્લોકનું પહેલું પાદ છે. એ આખો શ્લોક આ પ્રમાણે છે:

नभःस्पृशं दीप्तमनेकवर्णं व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा धृतिं न विन्दामि शमं च विष्णो ॥

(અમદાવાદ) —સુરેન્દ્ર કાપડિયા

કાવ્ય-પ્રેમી એક મિત્રને મોંએ બે શાયરોની શાયરી સાંભળવા મળી. તેની પંક્તિઓ રસપ્રદ થશે માની ઉતારી મોકલું છું. મૉડર્ન આર્ટ ઉપર એમાં સારો કટાક્ષ છે.

અગર અપના કહા તુમ, આપ હી સમઝે તો ક્યા સમઝે,
મઝા કહનેકા હય જબ ઈક કહે ઔર દૂસરા સમઝે;
કલામે 'મીર' સમઝે ઔર ઝબાને 'મીરઝા' સમઝે,
મગર ઇનકા કહા યે આપ સમઝે યા ખુદા સમઝે.

(કલકત્તા) —રમણિક મેઘાણી

'મે' અંકમાં મારા તરફથી રજૂ થએલ ગણિતગમ્મતની ૨જી લીટીમાં એમ છપાયું કે 'વચ્ચેના તથા છેલ્લા આંકડાના સરવાળા બરાબર થશે.' પણ ત્યાં આગળ 'ગુણાકાર બરાબર થશે.' એમ જોઈએ.

વળી નીચેથી બીજી લીટીમાં (૨૪×૭=) ૨૮ છપાયું છે ત્યાં (૨૪×૭=)૧૬૮ જોઇએ.

(વિલેપારલે) —નિરંજન મહેતા

૪૨૬માં અંકમાં શ્રી પ્રતાપ પીપલીયના ચર્ચાપત્રના જવાબમાં આપે જણાવેલ છે કે 'કેસર' કેરી સોરઠની 'સાકરિયા'નો પર્યાય છે. પણ 'કેસર'નું અસલ નામ તો 'સાલેભાઈની આંબડી' છે. આ કેરી તેના વતનમાં 'આંબડી' એવા-ટૂંકા નામે ઓળખાય છે. જોકે આ નામનો ઉલ્લેખ ૪૨૫મા અંકમાં કરવામાં આવ્યો છે ખરો; પણ 'સાલેભાઈની આંબડી' તરીકે નિર્દેશ થાય તે વધારે ઇષ્ટ છે.

નવાબના વખતમાં આ જાતને શોધીને પ્રસિદ્ધિમાં આણનાર શ્રી સાલેભાઈ હતા. ઘણી શોધો સાથે તેના શોધકનાં નામ જોડાય છે. એ રીતે પ્રસિદ્ધ થએલી જાતને બીજાં નામ આપવામાં આવે તેમાં તેના શોધકને ઘણી વખત અન્યાય થવા સંભવ છે. અલબત્ત 'કેસર' ને 'સાકરિયો' તે તો આ જાતના વિશિષ્ટ ગુણ પરથી પડેલ નામો છે. છતાં 'સાલેભાઈની આંબડી'ના વહાલભર્યા સંબોધનમાં જે ભાવ પ્રગટ થાય છે તે અનોખો છે.

અખિલ હિંદ ફળ પ્રદર્શનમાં શ્રેષ્ઠ જાતો પૈકીની જાતોમાં આ 'કેસર' પણ ગણાઈ છે.

(રતનપુર) —જયંતીલાલ દવે, નરેન્દ્રદેવ પાઠક

જર્મન પત્રમિત્રો

નીચે જણાવેલાં જર્મન કુમાર-કુમારીઓ સાથે C/o Welt Jugend Liga, Kölnstr. 208 r Bonn/Germany એ સરનામે પત્રવ્યવહાર કરી શકાશે. નામ સામે કુમાર કે કુમારી લખ્યું હોવા છતાં પ્રતિ-જાતિના જ પત્રમિત્ર મેળવી આપવાની ખાતરી આપવામાં આવતી નથી. નામ સાથે જણાવેલા મિતાક્ષરોના અર્થ આ પ્રમાણે છે: m : male; f : female. પત્રવ્યવહાર કરવાની ભાષા માટે E : English; F : French; G : German. (1) Lang Heidemarie, 16, f., Stamps, picture-cards, E. G.; (2) Klapperbein Dagmar, 17, f., stamps, E. G.; (3) Wollenhaupt Helga, 16, f., E. G., (4) Münstermann Annegret, 13, f., wishes girl-friend, E. G.; (5) Gundelack–Knaak Hans, 15, m., E. F. G.; (6) Stengel Wilfried, 17, m., stamps, (boy), E. G. F.; (7) Ernst Ilse, 16, f., E. G.; (8) Bargfrede Ernst, 15, m., stamps, E. G.; (9) Landt Rüdiger, 16, m., stamps, E. F. G.; (10) Holtschneider Heidrun, 14, f., stamps, reading, E. F. G.; (11) Wagner–Wehrborn, 16, f., General Hobbies, E. G.

પચ્ચીસ વર્ષ પહેલાં



અષાઢ ૧૯૯૦
અંક ૧૨૭

રાજપૂત યુગના ઇતિહાસનું દર્શન કરાવતો એક લાંબો અભ્યાસ લેખ શ્રી અંબાલાલ પુરાણીએ ૧૨૭મા અંકમાં ઘણાં ઉદાહરણો સાથે લખેલો. તેની થોડી વાનગી:

રાજસ્થાનનો ઇતિહાસ એટલે હિંદુત્વના ગૌરવનો ઇતિહાસ. હિંદુ સંસ્કારનાં સર્વે તત્ત્વો કોઈપણ સમાજમાં લાંબા કાળ સુધી જીવંત, જ્વલંત, પ્રેરણાભર્યાં અને પ્રેરક રહ્યાં હોય તો તે રાજપૂતાનામાં. આર્ય સંસ્કૃતિ એટલે જીવનથી દૂર ભાગનારી ને પ્રધાનપણે ચિંતનશીલ, પ્રભુપરાયણ, મોળી સંસ્કૃતિ, એ એકતરફી ખયાલ કેટલો અવાસ્તવિક છે તે જાણવા માટે અશોક, ચન્દ્રગુપ્ત, સમુદ્રગુપ્ત, શાલિવાહન, પ્રતાપાદિત્ય વગેરે સમ્રાટોના અને ત્યારપછીનાં મહારાજ્યોના ઇતિહાસ જોવાની જરૂર છે. હિંદુત્વ એટલે વીરતા, શૌર્ય અને સાહસ; હિંદુત્વ એટલે ઉદારતા, મહત્ત્વાકાંક્ષા, આર્તનું રક્ષણ; આત્મશ્રદ્ધા અને સ્વમાન પણ ખરું. રાજસ્થાનના ઇતિહાસમાં આપણને પ્રાચીન પુરાણયુગની વિરાટ વિભૂતિઓની છાયાઓ સદેહે વિચરતી જણાય છે. વળી હિંદી સમાજદેહમાં ક્રમેક્રમે જે ફેરફારો થતા ગયા, જે તડકીછાંયડીઓ આવતી ગઈ, તેમનું આબેહૂબ આલેખન આપણને તે ઇતિહાસમાં દેખાય છે.

ભૂતકાળમાં વિલીન થઈ ગએલા મધ્યયુગના એ રાજપૂત કાળમાં આપણે એક ડૂબકી મારીએ તો કેવું સુંદર ચિત્ર દેખાય છે!

ચારે બાજુ વિશાળ પટ પર પ્રાચીનમાં પ્રાચીન મનાતા અરવલ્લી પર્વતની ટેકરીઓ ને ખીણોનો લાભ લઈને રાજપૂતોનાં ટોળાંઓ પોતપોતાની કિલ્લેબંધ રાજધાની વસાવી શૌર્ય અને સાહસના ઉપર પોતાની કીર્તિ તથા સત્તા ટકાવી રહ્યાં છે. રાજ્યલક્ષ્મી શૂરવીરોને વરતી એ તે જમાનો હતો. બાપા રાવળના ઘોડેસવારો ખોરાસાન સુધીના પ્રદેશને ઘોડાની ખરી તળે કરી અનેક પહાડી, રાની ને લડાયક જાતોને શૌર્યમાં માગ મુકાવતા દેખાય છે.

અરવલ્લીની ખીણોમાં અને નીચેના સપાટ મેદાનમાં કેવું જીવન તે સમયનો હિંદ જીવી રહ્યો છે! કેવા કદાવર પુરુષો! કાળી દાઢી, વાંકડિયા વાળ, ભરાઉ થોભિયાં, શૌર્યથી તરવરતાં તેજસ્વી નેત્રો, લોહીઆળ ચહેરા, માથે જરકસી ફેંટા, કાંડે ચપસીને બેઠેલાં કરચલીઓવાળાં અંગરખાં, કમ્મરે વીંટાળેલાં કીમતી શેલાં, પગને બંધબેસતી સુરવાલો, ચામડાના ભારે કમ્મર-પટામાંથી બહાર પડતી સોનેરી મૂઠ અને મ્યાનવાળી વાંકી તલવારો, કોણી આગળથી ચામડાના પટા વડે ઝોકભેર પાછળ લટકતા, નાનીસરખી ધજાવાળા ભાલા, પીઠ પર લટકતી ગોળ કાળી ઢાલ,—જાણે પૌરુષની પ્રતિમા! પ્રેમ-શૌર્યના આદર્શોને જીવનમાં જીવતો સમાજનો એ લડાયક વર્ગ રાજકીય તેમજ સામાજિક નેતૃત્વ ભોગવે છે. સમાજના બીજા વર્ગો પોતપોતાના વ્યાપાર, વાણિજ્ય, ખેતી અને ધંધા વગેરેમાં મચેલા છે. સ્ત્રીસ્વાતંત્ર્યનો કાળ અસ્ત થએલો લાગે છે. મલાયજો, રણવાસ, પડદો વગેરે સ્ત્રીરક્ષણની જરૂરિયાતમાં ઊભી થએલી રૂઢિઓ પ્રચારમાં આવી ચૂકી છે. રાજ્ય તરફથી ગામડાંની પ્રજાનું રક્ષણ પૂરતા પ્રમાણમાં થઈ શકતું નથી. તેથી સ્વાશ્રયી ખેડૂત મજૂરી ઉપરાંત લડાયક જુસ્સો ટકાવી રાખવા મથી રહ્યો છે. પ્રજામાં સ્વતંત્ર મિજાજની કે ગણરાજ્યોની ખુમારી કે પ્રાણ દેખાતા નથી. પાઠશાળાઓમાં અને ગામઠી શાળાઓમાં મળે તેટલું ભણતર સામાન્ય વર્ગને મળી શકે છે. વધારે ભણવાની તક તો રાજ્યધાનીઓમાં કે વારાણસી, નદિયા જેવી દૂરની વિદ્યાપીઠોમાં જ મળી શકે છે.

અરધી માગધી, અરધી શૌરસેની એવી ભાષા—જે અત્યારની મારવાડીને ઘણી મળતી આવે છે—તેઓ બોલી રહ્યા છે. દેવદેવીઓ, આખ્યાનો ને પુરાણોમાં શ્રદ્ધાવાળો વર્ગ રૂઢિબદ્ધ ધર્મનું આચરણ કરતો જણાય છે; છતાં પ્રજાવર્ગના હૃદયના ઊંડાણમાં આસ્તિકતા ઘર કરી રહેલી છે. રાજસ્થાનના હિંસક ગણાતા આ જનગણને જૈન ધર્મ ધીમેધીમે પોતાનો અહિંસાનો સંદેશો આપવા પ્રયત્ન કરી રહ્યો છે. શૈવ અને વિષ્ણુ માર્ગીઓ પણ સમાજમાં સારા પ્રમાણમાં છે. ગૌતમ બુદ્ધના ધર્મના અસ્ત પછી ઉદય પામેલી શંકર ભગવાનની પ્રતિભા ચારે બાજુ પૂજાય છે. સંસ્કૃત કવિઓ, શાસ્ત્રજ્ઞો, ન્યાયવિદો, જ્યોતિષીઓ, ચારણો, ભાટો વગેરે લોકભાષા તેમજ સંસ્કૃતમાં લેખનપ્રવૃત્તિ કરી રહ્યા છે. સંગીત ને નૃત્યકલા, શિલ્પ અને સ્થાપત્ય, ચિત્ર અને મીનાકારીની કલા રાજ્યાશ્રય પામી વિકાસ કરી રહી છે.

'આવા વિચિત્ર જણાતા હિંદુ-સમાજમાં કાંઈ સત્ત્વ હશે ખરું?' એવો પ્રશ્ન એ અપરિચિત જગતમાં આપણા મનમાં થાય છે; પરંતુ એ થતાંવેંત થોડા જ સમયમાં આપણી દૃષ્ટિ આગળ કેટલાંક રજૂ થતાં ચિત્રો જોવામાં આપણે લીન થઈ જઇએ છીએ.

મધ્યયુગના તે જમાનામાં મેવાડના ભાયાતોમાં મુખ્ય ગણાતા ચંપાવતોના આદિ પુરુષ ચંદ્રસિંહે પોતાના વૃદ્ધ પિતાની ઇચ્છા સંતોષવા ખાતર પાટવી કુંવર તરીકે ગાદી ઉપરનો પોતાનો હક્ક જતો કર્યો, એટલું જ નહિ પણ સાવકા ભાઈ મોકળનું રક્ષણ કરવાનું પણ પોતાના માથે લીધું; અને જ્યારે રાણો મરણપથારીએ પડયો તથા આજુબાજુનાં માણસોની ભંભેરણીથી તેના મનમાં ચંદ્રસિંહના વચનની સચ્ચાઈ વિષે શંકા ઉત્પન્ન થઈ ત્યારે તેણે પોતે બાળક મોકળને પોતાને હાથે પિતાના દેખતાં રાજ્યતિલક કરી ગાદી પર બેસાડ્યો!! ચંદ્રસિંહ વચન પાળશે તેની મરતા રાણાને ખાતરી થઈ અને તેણે દેહ છોડયો.

રાણાના મરણ પછી સાવકી માતાનું મન શંકાએલું જોઇ અપમાનિત ચંદ્રસિંહ પોતાની જાગીર પર સલૂંબરે ચાલ્યો ગયો,—એમ વચન આપીને કે 'જ્યારે મુશ્કેલીનો પ્રસંગ આવે ત્યારે હું મોકળને માટે માથું આપવા તૈયાર છું.' અને એ પ્રસંગ આવ્યો પણ ખરો. ચંદ્રસિંહની ગેરહાજરી, મોકળની બાલ્યાવસ્થા, રાણીની કમઅક્કલ વગેરેનો લાભ લઈ મોકળના મોસાળ તરફથી રાઠોડ લોકોએ ચિતોડની ગાદી પચાવી પાડવા પેરવી કરી, એટલું જ નહિ પણ આખરે બાળક મોકળને લઈ તેની માતાનો બાપ મેવાડની ગાદી ઉપર બેસવા લાગ્યો. રાણીએ ચંદ્રસિંહની મદદ માગી. રાઠોડોના પરિબળ વચ્ચે પોતાનો હેતુ પાર પાડતાં ચંદ્રસિંહને જાનનું જોખમ ખેડવું પડયું. ધીમેધીમે પોતાના મિત્રો, મળતિયા વગેરેને ચિતોડમાં મોકલી તેણે લાગ જોઇને રાઠોડોનો વિનાશ કર્યો તેમજ મોકળને ગાદી ઉપર બેસાડ્યો અને પોતે તેનો રક્ષક થઇ રહ્યો.

શાંતિના સમયમાં પણ જોખમ ખેડીને શૌર્યને સતેજ રાખવાના હેતુથી શિકાર—મૃગયા—નો શોખ ક્ષત્રિયો કેળવતા. જંગલી હિંસક પ્રાણીઓનો વિનાશ થઇ પ્રજાની સલામતી વધતી ને સાથેસાથે પોતાની લડાયક શક્તિ અજમાવાતી, ખીલતી અને દૃઢ થતી. એક વખત આખો દિવસ તડકામાં શિકાર કરીને થોડા ઘોડેસવાર સૈનિકો સાથે મેવાડનો રાણો હમીર પાછો વળતો હતો, એવામાં ચિતોડ નજીકનાં ખેતરોમાંથી પસાર થતાં એક સરદારના ઘોડાને 'સટ્ટ' દઈને કાંઈક વાગ્યું. ઘોડો

લંગડાવા લાગ્યો. પોતાની જ રાજધાની પાસે આમ ઘા કરનાર કોણ હશે?—એ પ્રશ્ન ઉકેલવા પ્રયત્ન કરતા રાણા હમીરનું ધ્યાન ખેતરના માળા તરફ ખેંચાયું. તપાસ કરતાં જણાયું કે એ કાંઇ પથરો ન હતો, પણ કેવળ સૂકી માટીનું ઢેફું ખેતર સાચવનારી કોઇ કન્યાએ ફેંક્યું હતું! હમીર અને તેના ઘોડેસવારો આશ્ચર્ય પામ્યા. પાસેની પર્વતની બોડમાં સિંહ પડ્યો છે તેમ જાણ છતાં એ સ્ત્રી જરા યે ભય પામી નહિ, એટલું જ નહિ પરંતુ હથિયાર હોય તો પોતે તે બૉડ બતાવવા આવવા પણ તૈયાર થઈ. હાથમાં ભાલો લઇ, સૂતેલા સિંહને જગાડી, કોઈ પણ પ્રકારની શિકારીઓની વિદ્યા પ્રમાણે લેવામાં આવતી એક પણ સાવચેતી કે બચવાનો ઉપાય લીધા વિના તેણે સિંહને વીંધી નાખ્યો! આ નીડરતા, આ અભય વરદાન પામેલી ખેડુત બાળા ઉપર હમીર મે હી ગયો. થોડા જ વખતમાં બંનેનાં લગ્ન થયાં! મેવાડના કુલાભિમાની સૂર્યવંશના રાણાએ એક ખેડૂત કન્યા જોડે કરેલું એ લગ્ન પાછળથી થએલા મિથ્યા વંશાભિમાની રાજાઓની સરખામણીમાં રમણીય ને ઉદાત્ત લાગે છે.

વફાદારીનાં જ્વલંત ઉદાહરણો પણ રજપૂતોના ઇતિહાસમાં ઘણાં છે—જેમ નિમકહરામીનાં પણ છે તેમ. પ્રતાપનો વિશ્વાસુ મંત્રી ભામાશા જાણીતો છે જ; પરંતુ પન્ના નામની ધાવે મેવાડના રાજશિશુને બચાવવા ખાતર પોતાના બાળકનો ભોગ આપ્યો એ ઘટના ઇતિહાસમાં અમર છે. અશિક્ષિત એક પરિચારિકા મેવાડના વારસનું રક્ષણ કરવા પોતાના બાળકને તેની જગ્યાએ મૂકીને સાચા વારસને પોતાનું સંતાન કરી તેને ઉછેરવા માટે ગામેગામ ભટકે છે અને અનેક મુશ્કેલીઓ વચ્ચે પોતાનું કામ પાર પણ પાડે છે!


ચંદસિંહે રાજ્યગાદી ઉપરથી પોતાનો હક્ક સર્વથા ઉઠાવી લઇ પોતાના સાવકા ભાઈ મોકળને મેવાડની ગાદી આપી તેમાં સંયુક્ત કુટુંબની ભાવનાનું એક જ્વલંત તત્ત્વ જગત આગળ પ્રકટ થયું. એ જ ભાવનાને આધીન થઈ ભરતે રામની પાદુકાને રાજ્યગાદી પર બેસાડી હતી. એને જ લીધે, આજે ઘણાં જે દૂરનાં ગણાય એવાં સગાંઓ પણ એકત્ર રહીને વડીલની આજ્ઞા પ્રમાણે વર્તવામાં તે સમગ્રે શ્રેય માનતાં. કુટુંબમા પરસ્પર ઉન્નતિ સાધવા માટે સહકાર સધાતો ને સમગ્રના હિતને ખાતર વ્યક્તિ રાજીખુશીથી પોતાનું બલિદાન કરતી. નિરાધારને કુટુંબ નિભાવી લેતું.

પ્રતાપ અને તેની આગળના રાણાઓને એ, ભાવનાએ ઘણો ટેકો આપ્યો. રાજપૂત રાજાઓના ઘણાખરા ભાયાતો પણ ખરું જોતાં મૂળ સંયુક્ત કુટુંબના ને કાળબળે છૂટા પડેલા, પરંતુ સ્વાર્થપ્રેમ તેમજ વફાદારીને બળે એકબીજાને વળગી રહેતા ભાગો જ છે. આ પ્રમાણે કુટુંબનો સંઘ family federation) જામતો અને ઐક્યબળે તે સત્તા જમાવતો. શરૂઆતનાં કુટુંબોમાં ભાઈચારો હતો, પરસ્પર વિશ્વાસ હતો, સાદાઇ અને સરળતા હતી. સઘળા શૂરવીર, સ્વમાની તથા ટેકીલા હતા. આમ એકસ્વાર્થ, એકસંપ, શૂરવીરતા ને વડીલની આજ્ઞાપાલન વગેરે ગુણોને લઈને એ સમાજે ઘણી શક્તિપ્રાપ્ત કરી ને એક વખતે હિંદના ચક્રવર્તીપણા માટે પણપાસો નાખ્યો.

પરંતુ પાછળથી કૌટુંબિક કલહે મેવાડમાં એવો કુસંપ પેદા કર્યો કે રાજસ્થાને મુસલમાનોના આક્રમણ કરતાં વધુ સહન કર્યું. વિશાળ દૃષ્ટિબિંદુના અભાવથી આંતરરાજ્યનાં કાવતરાં ને રણવાસના કાવાદાવાઓએ આખા કૌટુંબિક બંધારણનું ખોખું કોતરી ખાધું.

જે સમાજની સ્ત્રીઓમાં પતિના જુવાર કરતાં પૂર્વે પણ 'સતી' થવાની અસાધારણ શીલતા હતી, જે સમાજમાં જોરજુલમથી ધર્મભ્રષ્ટ થતી અબળાની વહારે ચડતાં બળવાન પાદશાહી જોડે પણ વેર વધારતાં રાજસિંહ અટક્યો નહોતો, તે જ સમાજમાં સ્ત્રીઓની દશા એવી કરુણ થઈ, કૌટુંબિક

'લોહિતાંગ મંગળ' એ નામથી શ્રી અશોક હર્ષે એ રક્તરંગી ગ્રહ



સૂર્યમંડળના કુટુંબમાં આપણને પૃથ્વીના લોકોને જો કોઈ ગ્રહ સૌથી વધુ રસમય લાગતો હોય તો તે મંગળનો; કેમકે તેની સપાટી બીજા ગ્રહોની માફક કોઈ પ્રકારનાં વાતાવરણો કે વાદળોને લીધે ઢંકાઈ જતી ન હોવાને લીધે આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. એનો રાતો રંગ એટલો બધો જાણીતો છે કે તે લાલ ગ્રહ તરીકે પણ ઓળખાય છે. તેના બે ધ્રુવપ્રદેશના છેડાઓ સફેદ દેખાય છે જે 'ધ્રુવટોપીઓ'ને નામે ઓળખાય છે અને ત્યાં બરફ અથવા તો ઠરી ગએલો કાર્બન-ડાયૉક્સાઈડ છવાઈ રહેલો મનાય છે. એ ગ્રહ ઉપર જ્યારે ઉનાળો બેસે છે ત્યારે એ સફેદ ટોપીઓ કદમાં નાની થતી જણાય છે અને તે વેળા એ આખા ગ્રહ પરની અમુક રેખાઓ વધારે સ્પષ્ટ માલૂમ પડે છે. કેટલાક વૈજ્ઞાનિકોનો એવો મત છે કે આ રેખાઓ એ મંગળના બુદ્ધિશાળી વતનીઓએ બનાવેલી નહેરો છે, અને અમુક જ ઋતુમાં એ વધુ સ્પષ્ટ દેખાય છે તે તો, એ ઋતુમાં ત્યા ઊગતી વનસ્પતિને આભારી હોય.


વિષે લખેલા રંગદર્શી લેખમાંથી થોડી સચિત્ર સંક્ષિપ્ત વાનગી



સૂર્ય આગળ મંગળ પ્રમાણમાં અતિશય નાનો છે; કેવડો તે ઉપરના ચિત્ર પરથી સમજાશે. ઉપર જે સફેદ કિનારી બતાવી છે તેને સૂર્યના પ્રચંડ બિમ્બની એક કિનાર સમજો. એ કિનારનું પ્રમાણ લઈ તે પરથી સંપૂર્ણ વર્તુલ દોરીએ અને પછી તેના પર, ઉપર જે કાળુ ટપકું બતાવ્યું છે એવડું ટપકું મૂકીએ ને જેવડું એ દેખાય તેવડો, મોટા સૂર્ય આગળ મંગળ લાગે! સૂર્યથી તે પોતાની ધરી પરના દૂરમાં દૂરના અંતરે હોય ત્યારે ૧૫,૪૮,૬૦,૦૦૦ માઇલ અને નજીકમાં નજીક હોય ત્યારે ૧૨,૮૪,૪૦,૦૦૦ માઇલ છેટે હોય છે. સૂર્યનો વ્યાસ ૮૬૭,૦૦૦ માઈલ છે જ્યારે મંગળનો ૪,૩૫૨ માઈલ છે—પૃથ્વીના વ્યાસના અરધા ભાગ કરતાં સહેજ વધ રે.


આ તમને ખબર હતી?

◖ કદમાં મંગળનો ગ્રહ પૃથ્વીના પાંચમા ભાગનો છે. પણ... ◖ વજનમાં પૃથ્વીના દસમા ભાગનો! અને તેની સપાટી પૃથ્વીના ચોથા ભાગની છે! ◖ પૃથ્વીનો વ્યાસ ૭૯૧૮ માઈલનો છે, જ્યારે મંગળનો વ્યાસ ૪૩૫૨ માઇલનો! ◖ ત્યાંના વતનીઓ ક્રિકેટને એક જ ફટકે દડાને ૫૦ માઇલ મોકલી શકે. ◖ આપણને બે ફૂટ કૂદવામાં લાગે એટલા શ્રમથી એ લોકો સાતઆઠ ફૂટ કૂદી શકે. ◖ અહીં ૨૦૦ રતલ વજનની ચીજ ત્યાં ૭૫ રતલ જ થાય! ◖ આપણને એક મોટો ચન્દ્ર છે; ત્યાં નાનકડા બે ચન્દ્ર છે; જેમાંનો એક તો લંડન શહેર જેવડો જ! અગિયાર કલાકમાં તો એની અમાસથી પૂનમ સુધી બધી કળાઓ પ્રદર્શિત થઈ જાય; અને કોઈ વાર એક દિવસમાં બે ગ્રહણ પણ થઈ જાય! ◖ આપણું વર્ષ ૩૬૫ દિવસનું; ત્યાંનું ૬૮૭ દિવસનું.



←મંગળનાં વિવિધ દર્શન

↓સૂર્યનાં વિવિધ દર્શન



ડાબા બાજુ: પૃથ્વી પરથી એક અત્યંત શક્તિશાળી દૂરબીન દ્વારા દેખાતા મંગળનાં ત્રણ જુદી-જુદી વેળાનાં કદ બતાવતાં બિમ્બ. ડાબી બાજુએ છે તે સૌથી નજીક એ ગ્રહ હોય ત્યારનું છે, અને જમણી તરફ છેલ્લે છે તે એ સૌથી દૂર ગયો હોય ત્યારનું છે. પોતાના અંતરની બરોબર મધ્યમાં હોય ત્યારના કદનો ફોટોગ્રાફ વચ્ચે છે. જમણું ચિત્ર: પૃથ્વી ઉપરથી સૂર્ય જોઇએ તો જમણી તરફ બતાવેલા મોટા બિમ્બ જેવડો એ દેખાય, પણ મંગળ પરથી જોતાં ડાબી તરફના બિમ્બ જેવડો એ લાગે: એટલું પૃથ્વી કરતાં એનું અંતર સૂર્યથી વધારે છે.

જીવન એવું નીરસ, દુ:ખદ અને કૃત્રિમ થઈ ગયું કે તેનો વિચાર પણ કરતાં શોક થાય.

પુત્રીઓ ને બહેનો કેવળ રાજકાર્યસંબંધ, કુલમોટપ, ધન, સત્તા કે જાગીરીના ફાયદા જોઇને જ આપવામાં આવતી. સ્ત્રીઓ કુટુંબની ચડતીમાં ઉપયોગી સોગટાં જેવી ગણાતી; અને મુસલમાનોની સત્તા જામ્યા પછી તો પોતાની લાગવગ વધારવા માટે રાજપૂતોએ પોતાની બહેન દીકરીઓ તેમને આપીને તેમનો આત્મા કચરવામાં બાકી રાખી નહિ. સામાન્ય પ્રજાજનની સંભાળ લેવાનું છેવટના કાળમાં થવું નહિ. ખેડૂત અને સામાન્ય પ્રજાજન રાજસત્તાને માટે ધન-નિચોવવાના સાધન તરીકે જ ગણાતો. રાજપૂતો પોતાનાથી હલકી વર્ણના લોકોને ગુલામ તરીકે ગણતા.

કચડાએલા આમવર્ગવાળો આ રાજપૂત સમાજ અને ઉદય પામતા મહારાષ્ટ્રનો સમાજ એ બેની સરખામણી અહીં કરીએ. સ્વામી રામદાસે ગોદાવરીતીરે બાર વર્ષનું તપ પૂર્ણ કરીને પરિવ્રાજક તરીકે જ્યારે હિંદનું પર્યટન કર્યું ત્યારે હિંદુ સંસ્કૃતિની અધોગતિ તેમણે બરાબર જોઈ, અને સમાજરક્ષા તેમજ શિક્ષાનું ધર્મનેતાનું કાર્ય તેમણે મહારાષ્ટ્રમાં આરંભ્યું. મહારાષ્ટ્રમાં વ્યક્તિપ્રધાન સમાજરચના હતી. સરદારો, અમીરો, જાગીરદારો વગેરે હતા ખરા, પરંતુ તેમની સત્તા તેમના પોતાના સંઘબળ ઉપર નહિ પરંતુ આમવર્ગના ટેકા ઉપર પ્રતિષ્ઠિત હતી. રામદાસે સમસ્ત મહારાષ્ટ્રમાં ધર્મજાગ્રતિ ને ઐતિહાસિક ઉન્નતિનાં કેન્દ્રો ઊભાં કર્યાં: સામાન્ય પ્રજાજનમાં તેણે આત્મગૌરવ, સમાન સ્વાર્થની ભાવના અને આદર્શની જ્યોત પ્રગટ કરી પરિણામે એકબે જમાનામાં નવો ધસારો કરનારા મુઘલ રાજ્યના ને વિજાપુરના હુમલાઓ સામે થવાની મહત્ત્વાકાંક્ષા તે સમાજમાં પ્રગટી. અકિંચન, સાધનહીન પરંતુ મહત્ત્વાકાંક્ષી શૂરવીર શિવાજીમાં હિંદુધર્મની રક્ષા કરવાની વૃત્તિએ મૂર્ત સ્વરૂપ લીધું. સાધારણ સ્થિતિના અને સમાન વયના ભેરુઓ ભેગા કરી પોતાના સ્વપ્નને મૂર્તિમંત કરવાનો તેણે પ્રયત્ન કર્યો. મરાઠા લશ્કર એટલે ખેતી કરનાર ખેડૂતોમાંથી વખત બચાવી છઆઠ મહિના લડી આવનાર લશ્કર. એ સમાજમાં વ્યક્તિવિકાસની તકો વધારે હતી. ઘેટાંનો ચારનાર ભરવાડ, ધનગર જાતિનો મલ્હાર સિપાઇગીરીમાંથી સેનાપતિપણા સુધી પહોંચી શકતો. સામાન્ય પ્રજાવર્ગમાંથી કાળે કરીને મરાઠી સત્તાનો સંઘ ઉદય પામ્યો એ વીરતા ને મુત્સદ્દીપણાનું—બુદ્ધિ, શૌર્ય ને સંઘજીવન ગાળવાની શક્તિનું પરિણામ હતું. જોકે મરાઠા સમાજની પણ નિર્બળતાઓ ને મર્યાદાઓ હતી; પણ જુદી.

મુસલમાનો પહેલવહેલા આવ્યા ત્યારે તેઓ પયગમ્બરનાં મંતવ્યોનું આચરણ વધારે સારી રીતે કરતા બલ્બન ગુલામમાંથી સેનાપતિ થઈ શક્યો અને હિંદુઓની હલકી જાતિનાં ઘણાં માણસો મુસલમાન થઈને મોટે હોદ્દે ચડી શકેલા. વળી મુસ્લિમ સમાજમાં સિપાહીગીરી ગમે તે માણસ કરી શકતો; ક્ષત્રિયના જેવો જન્મ અને ધર્મથી જ લડાયક ગણાતો વર્ગ તેમનામાં ન હતો. શાંતિ અને ચિંતનને બદલે ઝનૂન, ધર્માંધતા ને અસહિષ્ણુતા ઘણા વધારે પ્રમાણમાં હોવાથી પરિણામે મુસ્લિમ સમાજમાં એક પ્રકારની સચોટ ક્રિયાશીલતા આવી ને જ્યારે રાજપૂત સમાજ સાથે તેને સામનો કરવાનો વખત આવ્યો ત્યારે રાજપૂતોએ પોતાના સામાન્ય પ્રજાજનને જાગ્રત કરીને સ્વરક્ષણ, સંસ્કૃતિ-રક્ષણ અને સ્વમાન માટે ઝૂઝવાને તેમને આમંત્રણ કર્યું નહિ.

પોતે શૂરવીર છતાં મુસ્લિમ ને પાછળથી મરાઠાઓના આક્રમણ વખતે રાજપૂત રિયાસતો ભેગી મળીને સ્વરક્ષણની યોજના કરી શકી નહિ. શા માટે? કારણ કે પ્રત્યેક પોતાના સંકુચિત સ્વાર્થમાં જ ડૂબેલો રહેતો. તે પછી મરાઠાઓની ભેદનીતિ, ધનલોભ વગેરેના તેઓ એક પછી એક ભોગ થઈ પડયા!



પાનાંનું મૂલ્યાંકન

એના તજ્જ્ઞ **શ્રી સાધુરામ દવેની** લેખમાળા

બિડ શરૂ કરવા માટેનાં જરૂરી પાનાં અને તે બોલી શકાય તેવી ભાત

'કુમાર'ના ૪૨૬મા અંકમાં આપણે મુખ્ય હાથ (honour tricks) વિશે માહિતી જોઈ. કોઈ પણ એક બાજી(deal)માં સરળતા ખાતર આપણે આઠ જ મુખ્ય હાથ ગણવા એ પણ જોયું. હાથ બોલનાર, ઓછામાં ઓછા સાત હાથ તો બોલે જ છે. માટે તેનામાં સરાસરી બે મુખ્ય હાથ કરતાં વધુ એટલે ઓછામાં ઓછા ૨½+ (૨½ મુખ્ય હાથ અને છૂટી કિંમત) યા ૩ મુખ્ય હાથ તો હોવા જ જોઈએ. **ધ્યાન રાખો કે પ્રથમ હાથ બોલનાર પાસે યા બિડની શરૂઆત કરનાર પાસે ૨½+અથવા ૩ મુખ્ય હાથ (honour tricks) હોવા જ જોઇએ.** આ પ્રથમની બિડ તે બાજી દરમ્યાનની બધી બિડનો પાયો હોઈ, તે ખૂબ જ સંગીન હોવી જોઇએ. પરંતુ મુખ્ય હાથ હોવા એ એટલું જ જરૂરનું નથી. સાથે બોલી શકાય તેવાં કોઈ પણ ભાતનાં પાનાં પણ હોવાં જોઇએ. આને માટે કોઈ પણ ભાતનાં કેવાં પત્તાં ઓછામાં ઓછાં હોય તો જ તે ભાત બોલી શકાય એ પદ્ધતિ પણ ચોક્કસ નક્કી કરાઈ છે. આવી બોલી શકાય તેવી ભાતને અંગ્રેજીમાં (biddable suits) કહેવામાં આવે છે. પ્રથમ હાથ બોલવાની શરૂઆત કરનાર પાસે અઢી કે ત્રણ મુખ્ય હાથ હોવા ઉપરાંત,બોલાય તેવી ભાત હોવી જોઇએ.તેના મુખ્ય નિયમ નીચે મુજબ:

(૧) કોઈ પણ ભાતના સરથી બિડ બોલવા માટે, તે ભાતનાં ઓછામાં ઓછાં ચાર પાન તો જોઇએ જ. પરંતુ તેમાં ઓછામાં ઓછો એક ગુલામ અને બીજું એક તેનાથી ભારે પાનું હોવું જોઇએ. દાખલા તરીકે Q J XX; K Q XX, A J XX. આવાં ચાર પાનાંવાળી ભાત, એક વારથી વધુ આપણાથી બોલી ન શકાય—સિવાય કે આપણો ભિલ્લુ તે જ ભાતના સરમાં ટેકો (support સપોર્ટ) આપે. જરૂરી મુખ્ય હાથ આપણામાં હોય તો પણ ચાર પાનવાળી ભાત, આપણા એકલાથી જ ફરી બોલી ન શકાય. (It should not be rebid.)

(૨) પાંચ પાનવાળી કોઈ પણ ભાત, ફક્ત ગુલામ યા તેથી વધુ ભારે પાન સાથેની હોય તો પણ બોલી શકાય. દાખલા તરીકે J 10 XXX, Q XXXX, K XXXX.

આ બે નિયમો ઉપરાંત, અપવાદ રૂપે પણ ચાર પાનની ભાત Q XXX બોલી શકાય, જ્યારે આપણામાં મુખ્ય હાથ ૩½ યા તેથી વધુ હોય. તેવી જ રીતે મુખ્ય હાથ ૩ થી વધુ હોય ત્યારે કોઈ પણ પાંચ પાનની ભાત પ્રથમ વાર બોલી શકાય. દા. ત. XXXXX. આને આપણે શરતી બિડ આપી શકાય તેવી ભાત 'કન્ડિશનલ બિડેબલ સ્યૂટ્સ'—conditional biddable suits કહીશું.

એકની એક ભાતમાં ભિલ્લુના ટેકા સિવાય, બે વાર આપણા એકલાથી જ ક્યારે બોલાય કે જ્યારે તે ભાતનાં ઓછામાં ઓછાં પાંચ પાનાં હોય અને તેમાં A K Q Jમાંથી ઓછામાં ઓછાં કોઈ પણ બે પાનાં તો હોવાં જ જોઇએ. દા.ત. Q J XXX, K Q XXX વગેરે.

ગમે તે છ પાનાંવાળી, કોઈ પણ ભાતમાં બે વખત તમે બિડ આપી શકો—અલબત્ત, જરૂરી મુખ્ય હાથ તો તમારામાં હોવા જ જોઇએ.

આપણે ક્યારે બિડ ખોલી શકીએ (open the bid) અથવા તો પ્રથમ હાથ બોલવા શરૂ કરી શકીએ તેની ટૂંકમાં વિગત નીચે મુજબ:

૧. ત્રણ મુખ્ય હાથ અને ચાર પાનવાળી યા પાંચ પત્તાંવાળી બોલી શકાય તેવી ભાત.

૨. અઢી મુખ્ય હાથ અને પાંચ પાનની ફરીને બોલી શકાય તેવી એટલે કે બે વાર બોલી શકાય તેવી ભાત (rebiddable suit).

૩. ૨+મુખ્ય હાથ (બે મુખ્ય હાથ અને છૂટી કિંમત) અને છ પાનવાળી મોટી ભાત. (કાળી અને લાલને આપણે 'મોટી ભાત'–major suits અને ચોકડી ને ફૂલ્લીને 'નાની ભાત'–minor suits કહીશું.)

ઉપરની ત્રણેય વિગતોમાં, ઓછામાં ઓછો ½ મુખ્ય હાથ (½ honour trick) સર પાડવાની ભાત સિવાયનાં પાનાંમાં હોવો જોઇએ.

છ પાનાંવાળી ભાત માટે મુખ્ય આપણે ઓછામાં ઓછા ૨+ ગણ્યા, પરંતુ જેમ સર બોલવાની ભાતનાં પાનાં ઓછાં અથવા તો તે પાનાં હલકાં તેમ મુખ્ય હાથ વધુ હોવા જોઇએ.

૩½ થી ૪ મુખ્ય હાથવાળી બાજીમાં શરતી સર પાડવાની ભાતનાં પાનાંએ પણ બિડ તો આપવી જ. તેમાં પસાર (Pass) કદાપિ પણ ન બોલવું.

વધુ સમજણ માટે નીચેનાં દૃષ્ટાંત જુઓ.

1	♠ XX	—
	♥ KQXXXX	૧ મુખ્યહાથ
	♦ X	+
	♣ AXXX	૧ મુખ્યહાથ
		૨+મુખ્યહાથ

અને છ પાનાંવાળી મોટી ભાત. ૧ લાલથી (1 H)બિડ શરૂ કરો.

2	♠ AJXXX	1+
	♥ KXX	½
	♦ QX	+
	♣ KXX	½
		૨½મુખ્યહાથ

૧ કાળી (1 S)થી શરૂ કરો.

3	♠ KX	½
	♥ A XXX	1
	♦ KQX	1
	♣ K XXX	½
		૩ મુખ્ય હાથ

૧ લાલ(1 H)થી હાથ બોલવાના શરૂ કરો

4	♠ AXX	1
	♥ AKX	2
	♦ QXXX	+
	♣ KXX	½
		૩½+મુખ્ય હાથ

૧ ચોકડીથી (1 D) શરૂ કરો. અહીં ચોકડી શરતી બોલાય તેવી ભાત છે.

5	♠ AJX	1+
	♥ QJXXX	½ —
	♦ XX	—
	♣ QX	+
		૨ મુખ્ય હાથ

આમાં બોલવાની શરૂઆત થાય તેવાં પાનાં નથી માટે પસાર(Pass).

હાથ બોલવાની શરૂઆત કરી શકાય તેમ હોય તો ખચકાયા સિવાય બિડ ખોલવી. આમ કરવાથી સામાવાળાઓને આગળ બોલવાની જરા મુશ્કેલી પડશે. તમારા ભિલ્લુને તમારા હાથનાં પાનાંનો ચોક્કસ ચિતાર મળશે. તમારી બિડ, ઓછામાં ઓછા હાથે (સાત હાથે) બોલાએલી હોઈ, તેમાં તમને ઝાઝું નુકસાન થવાનું નથી. સામાવાળાઓને પોતાનાં પાનાંની વહેંચણીની, બિડ બોલીને આપલે કરવાની તક થોડી તો તમે ઝૂંટવી જ લો છો. અને કદાચ સામાવાળા કોન્ટ્રેક્ટ લઇ જાય અને તે બાજી રમે તો પણ તમારા ભિલ્લુને પ્રથમ પાનું કયું ઊતરવું

(opening the lead) તેની સમજ પડશે; યા તો સામાવાળાઓને 'ડબલ' ખવરાવવા જેવી હશે તો તમારો ભિલ્લુ તે નહિ જ ચૂકે.

આમ મુખ્ય હાથ (honour tricks) અને પ્રથમ બિડ શરૂ કરાય (opening the bid) તેવા પાનાંની ગણતરી આપણે જોઇ. આપણે બોલવાની શરૂઆત કરી હોય ત્યારે આપણો ભિલ્લુ શી રીતે બોલી શકે યા સામાવાળાઓ તેમાં વચ્ચે શી રીતે પડી શકે તે વિગતો હવે આગળ જોઈશું. જે વાચકોને આ લખાણમાં કાંઈ ખાસ સમજણ પડતી ન હોય તે વિના સંકોચે મને લખે. યોગ્ય લખાણનો ખુલાસો આગળના અંકોમાં આપવામાં આવશે.

ગયા અંકના પ્રશ્નનો ઉકેલ

દક્ષિણ પ્રથમ ♦ 4 રમી, ઉત્તરમાં ♥ **Kથી કાપી લે છે.** ઉત્તરમાંથી ♣ A અને K રમે છે. પછી ત્યાંથી ♥ 3 રમે છે ને પૂર્વના લાલના 8 અને 10 ઉપર, દક્ષિણના 9 અને J રમી તે બંને હાથ કરે છે. લાલના J ઉપર, ઉત્તર ♣ 3ની ફિરા નાખે છે. પછી દક્ષિણ ♦ K રમે છે અને તેમાં ઉત્તરનો ફુલ્લીનો ગુલામ નાખી દે છે. તે વખતે, પૂર્વ બિચારો લાચાર બની જાય છે. જો તે ♣ Q નાખે, તો દક્ષિણનો ♣ ૪ હાથ કરી જાય છે અને જો તે ♠ 9 નાખે તો, ઉત્તરના કાળીના A Qના બને હાથ થઈ જાય છે. આમ આઠેય હાથ થઈ જાય છે.

આ સિવાય પણ રમતમાં સહેજ ફેરફાર સાથે આઠેય હાથ થઇ શકે છે. મુખ્ય વાત, ચોકડીના પાનને, લાલના બાદશાહથી કાપી લેવાની છે. સાચો જવાબ મોકલનાર ભાઇઓને અભિનંદન.

એક નવો પ્રશ્ન

ઉ (ઉત્તર):
♠ K J 2
♥ A 3
♦ —
♣ 5 4

પ (પશ્ચિમ):
♠ —
♥ K 6 5
♦ K 10
♣ 10 8

પૂ (પૂર્વ):
♠ 3
♥ J 10 9
♦ —
♣ 9 7 2

દ (દક્ષિણ):
♠ 4
♥ Q 8 7
♦ A 8
♣ Q

સર કાળીના છે. દક્ષિણની પહેલી ઊતર છે. મજબૂત બચાવ સામે, ઉત્તર-દક્ષિણ ભિલ્લુઓએ, બધાય હાથ કરવાના છે. જવાબ આવતા અંકે. જે વાચકોના સાચા જવાબ મળશે તેમનાં નામ પણ આવતા અંકમાં છાપીશું. દરમ્યાન વાચકોએ જવાબ મોકલવાનું સરનામું: Sadhuram Dave, 33 Ritherdon Rd., Vepery, Madras-7.

અનુસંધાન] **આદમખોરનું અજ્ઞાન** [પૃ: ૨૬૫થી

વચ્ચેથી થોડાંક ઝાંખરાં કાપી નાખ્યા પછી ખૂની મહારાજાનું વિશાળ અને વિકરાળ મોં નજરે પડ્યું. તેના કાન બુઠ્ઠા છે; તેની આંખો ક્રોધથી તગતગે છે; તે દાંતિયાં કરે છે; તેના વિકરાળ પીળા દાંત જોઈ શકાય છે—જે દાંતો વડે તેણે કેટલા બધા નિર્દોષ માણસોને ફાડી ખાધા છે! જ્યારે શિકારી બંદૂક તાકીને ઝાડીમાં ડોકાયો ત્યારે પોતાના કાળને ઓળખીને વાઘ ભયંકર ગર્જના કરીને તેની સામે ઊછળ્યો. પરંતુ કમરની ઉપરનો જ ભાગ ઊછળી શક્યો, કમર તો ભાંગી ગઈ હતી. આખું શરીર ઊછળ્યું હોત તો પણ ગોળીની ઝડપ કરતાં તેની ઝડપ વધી ન શકત.


તે નિશ્ચેત બનીને પથ્થરની જેમ પડ્યો. જ્યારે શિકારીએ, બંદૂકના ધડાકાથી એક ક્ષણ માટે મીંચાઈ ગએલી આંખો ઉઘાડીને જોયું ત્યારે વાઘની બે આંખો વચ્ચે કપાળમાંથી તાજું ગરમ લોહી વહી રહ્યું હતું અને તેની આંખમાં થઇને તરસી ધરતીમાં શોષાઈ રહ્યું હતું. માનવીના લોહીની તરસી રહેલી આંખમાં વાઘનું પોતાનું લોહી વહ્યું ત્યારે તેની એ દુષ્ટ કારકિર્દીનો અંત આવ્યો.

કેવો રૂપાળો વાઘ! કેવું સુડોળ શરીર! કેવી વિસ્મયકારક તાકાત! કેવા લોખંડી સ્નાયુઓ! કેવી હૃષ્ટપુષ્ટ કાયા! એને મારવામાં નહિ, જંગલમાં મુક્ત વિહાર કરતો જોવામાં રોમાંચક આનંદ છે. પરંતુ આ વાઘના શરીરમાં શયતાન ભરાયો હતો. એને છેવટે ભાન થયું કે માણસ તેનો ખોરાક નથી, માણસ મગતરું નથી, માણસ આ સૃષ્ટિનો સર્વોપરિ છે.

પરંતુ એ જ્ઞાન તેને અતિશય મોડું આવ્યું અને, પોતાના એ અજ્ઞાનનો ભારે દંડ તેણે ભોગવવો પડ્યો.

આ યુગની એક વ્યાપક વિશિષ્ટતા

માનસિક રોગો



જેમાં વિષાદની નમ્રતાથી માંડી ઉન્માદનું તોફાન તથા વિભ્રમતાના આભાસોથી માંડી સાઇઝોફ્રેનિયાનું તૂટેલું મન હોય છે તે દર્શાવતો માંદગીનાં મૂળનો ૫૩મો હપતો

લેખક : **ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી**

મનની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે, છતાં આપણે એ વિષે કૈંક ને કૈંક જાણતા હોવાનું માનીએ છીએ. મન કોઈ દ્રવ્ય કે અવયવ રૂપે પિછાની શકાતું નથી તેમ એ કોઇ દેખી શકાય એવો પદાર્થ પણ નથી. એની વિશાળતા અમાપ છે.

મન એટલે પાંચેય જ્ઞાનશક્તિઓનો જથ્થો. મનને પોષક અને જીવંત રાખનાર ઇંદ્રિયો છે. જ્ઞાનેન્દ્રિઓના ઉપયોગ વિના પણ તે જોવું, સાંભળવું વગેરે ક્રિયાઓ કરી શકે છે. માટે ગીતામાં મનને છઠ્ઠી જ્ઞાનેન્દ્રિય જણાવી છે.

મનનું સ્વરૂપ વિચાર છે. એનું મુખ્ય કાર્ય 'વિચારવાનું' છે. વિચારશક્તિવાળું મન એકલા માનવીને જ છે. મનનું સ્થાન મગજમાં છે. મગજ એ ભૌતિક પદાર્થ છે. એના ટુકડા કરી ઝીણવટભરી રીતે અભ્યાસ થઈ શકે એમ છે; છતાંય અભ્યાસથી જેમ બીજા અવયવોની કામગીરી વિષે ઘણું જાણવા મળ્યું છે તેમ મગજની કામગીરી વિષે ઘણું થોડું જાણવા મળ્યું છે. મગજ અને હાડકાં સિવાય બીજા અવયવોની જીવનક્રિયા અને કાર્યનો અરસપરસનો સંબંધ જાણી શકાયો છે. બુદ્ધિશાળી અને સામાન્ય માનવીના મગજ વચ્ચે રચનાની દૃષ્ટિએ કંઇ ફેર નથી. બન્નેનાં મગજ સરખા જ પ્રમાણમાં પ્રાણવાયુ, ગ્લુકોઝ અને બીજાં રસાયણો વાપરે છે; છતાં શાંત ને સ્થિર મગજ ગજબનું કામ ઉપાડે છે.

આપણા અવયવોનાં હલનચલનનાં કેન્દ્રો મગજમાં આવેલાં છે. એના વિષે તો આપણને પૂરી જાણકારી છે; પણ મગજનો કપાળ પ્રદેશ હજી બાકી રહે છે, અને તેના વિષે આપણને ઘણી થોડી જાણકારી છે. અહીં સ્મૃતિ, તર્કશક્તિ, તુલનાશક્તિ, સંવેદનાઓ, ભાવનાઓ વગેરે વ્યક્તિના વ્યક્તિત્વના ગુણોનું સ્થાન હોવાનું માનવામાં આવે છે.

આ બધાં જ્ઞાનનાં કેન્દ્ર એ 'મન' છે. મગજના સંબંધમાં મન આવેલું છે. શરીર ઉપર મગજનો કાબૂ છે અને મગજ ઉપર મનનો છે. પરિસ્થિતિ અનુસાર શરીર વર્તે છે. તંદુરસ્ત (normal) માણસનાં કામ બુદ્ધિગમ્ય (rational) હોય છે. પણ બધા માણસો બુદ્ધિની દૃષ્ટિએ તંદુરસ્ત નથી હોતા. ઘણાના મગજની ઉચ્ચ શક્તિઓ વણસેલી હોય છે. એમના હલનચલનની ક્રિયાઓ સાબૂત રહે છે, પણ તે બુદ્ધિ વગરની હોય છે. કોઈકમાં તે બિલકુલે નથી હોતી. કદાચ જન્મ પહેલાં મગજનો જરૂરી ભાગ વિકાસ પામ્યા વગરનો રહેવાથી બાળક વિચાર ન કરી શકે એવું બુદ્ધિહીન-ઠોઠ (idiot) જન્મે છે. આનાથી ક્રમમાં ઊતરતી એવી જન્મગત ખોડોના કારણે જુદાજુદા ક્રમની માનસિક ખોડો આવી પડે છે. જન્મગત ખોડો ઉપરાંત બીજી ઘણી બાબતો જેવી કે શરીરનો રોગ, મગજનું ગડ, મગજમાં થએલા કોઈ ઘાની ઇજા, દવાઓની અસરો વગેરેને લીધે કામચલાઉ કે કાયમી માનસિક રોગ આવી પડે છે.

એ ખરું છે કે માનસિક વર્તન અને માનસિક રોગના પ્રકારમાં વારસાગત મળેલી લાક્ષણિકતાઓ અગત્યનો ભાગ ભજવે છે, પણ પરિસ્થિતિ—ખાસ કરીને બાળકની આસપાસનું વાતાવરણ ને યુવાન વિદ્યાર્થીના મિત્રો–પણ એટલો જ અગત્યનો ભાગ ભજવે છે. સ્ત્રીઓમાં યૌવન અને ઋતુસમાપ્તિકાળ એ જિંદગીના મહાન બોજના બે કાળ છે. આ સમયે પરિસ્થિતિનાં બળો સારી કે માઠી અસરો ઉપજાવે છે. ખરાબ અસરોના લીધે વ્યક્તિ મગજના બગાડાનો ભોગ થઈ પડે છે. વૃદ્ધાવસ્થાના માનસિક ફેરફારોને પણ આ હકીકત લાગુ પડે છે.

લાંબા ગાળાનું માનસિક દુ:ખ, ખાસ કરીને ચિંતા કે ભીંસ, શરીર ઉપર અસર પાડયા વિના નથી રહેતું. મનના અને શરીરના આરોગ્યને જુદું પાડી ન શકાય. મન અને શરીર બન્ને રોગનાં ભોગ બને એ દશાને મનોદૈહિક કહેવામાં આવે છે. આ જમાનામાં જિંદગી ઉપર પડતો બોજ કોઇથી અજાણ નથી. ઍરોપ્લેન મોટર કે રેલવે દ્વારા શરીરની અને ટેલિફોન ટેલિવિઝન અને રેડિયો દ્વારા વિચારની ઝડપ જ્ઞાનતંતુઓ ઉપર બોજો આણી હોજરીનું ચાંદું, કોરોનરી થ્રૉમ્બૉસિસ, ચામડીના થોડાક રોગો ને માનસિક રોગ આણવામાં અગત્યનો ભાગ ભજવે છે.

વ્યક્તિને વારસામાં મળેલી તાકાત ને નબળાઇઓની તથા પરિસ્થિતિની અસરો મુજબ માનસિક રોગની ભિન્નતાનો આધાર છે. આ બળોની એકબીજા ઉપર અસર થતાં શરીરના રોગ અને મનના રોગ વચ્ચે ખાસ મર્યાદા રહેતી નથી. બન્ને સાથે થઈ આવે છે. દાખલા તરીકે સખત તાવ વખતે બકવાટ કે શરદી જેવા ક્ષુદ્ર રોગ વેળા ઉદાસીનતા ક્યાં નથી આવી પડતાં? માંદગીમાંથી સાજા થતી વખતે ચીડિયાપણું નથી થઇ આવતું? મગજના એવા બહુ થોડા રોગો છે કે જેમાં શરીરના રોગો ભાગ ન ભજવતા હોય. વારસામાં મળેલું માનસિક અસ્થિરતાનું કોઈ છાનું વલણ ચેપી રોગ વખતે સમતુલા તૂટવાથી માનસિક રોગ રૂપે દેખા દે છે. હૃદયરોગ વખતે રુધિરાભિસરણની ક્રિયા બગડતાં રાતના રોગી બેચેન ને ભયભીત બને છે ને આભાસ તથા ભ્રમણાનો ભોગ બને છે, બકવાટ કરે છે. પાચનક્રિયાના બગાડા વખતે રોગી ભય ને ચિંતાથી ઘેરાય છે, તો ગુરદાના રોગ વખતે મન ગૂંચવાએલું બને છે.

બીજાં પ્રાણીઓની જેમ માનવીએ ખોરાક મેળવવાનું, આત્મરક્ષા કરવાનું અને પ્રજનનનું કામ ઉપાડવાનું છે. જીવતા રહેવા માટે આજુબાજુની હકીકતોના ફેરફારથી સતત જાગૃત રહેવું જોઇએ. તેના મહત્ત્વ વિષે પોતાની તુલનાશક્તિ વાપરવી જોઇએ. જો તેનો અનુભવ કે તુલના કે જ્ઞાનશક્તિ દોષિત હોય તો પરિસ્થિતિ અંગેની છાપો કે પ્રતિક્રિયા પણ ભૂલભરેલી હોય છે. આ ઉપરાંત જો તેને વારસાગત માનસિક અસ્થિરતા કે વિચિત્રતા મળ્યાં હોય તો એના મનમાં બહારની છાપો વિકૃત રીતે અંકાય છે. આ રીતે આભાસ (delusion) અને ભ્રમણા (hallucination) પેદા થાય છે. કશુંય જોવાનું કે સાંભળવાનું ન હોવા છતાં વ્યક્તિને જોવા કે સાંભળવાનો ભ્રમ થાય તે આભાસ ને ભ્રમણા છે.

માનસિક રોગોના ઘણા પ્રકાર છે. શોકોન્માદ કે વિષાદ(melancholia)ની નમ્રતાથી માંડી ઉન્માદ(mania)નું તોફાન હોય છે. મન વિભ્રમતાના આભાસો કે ભ્રાન્તિઓથી માંડી સાઇઝોફ્રેનિયાનું 'તૂટેલું મન' હોય છે. આની વચગાળાના ઘણા પ્રકારો છે. તો વળી કેટલાક આ વર્ગણીમાં આવે તેવા પણ છે. આમાંના કેટલાક રોગો 'માનસિક રોગો'ના વિશાળ મથાળા હેઠળ આવી શકે એમ છે. એ

ત્રાસજનક વ્યાધિઓનું ભયભરેલાં વર્ણનો આપવાનું આ સ્થાન નથી, પણ એમાંના થોડા રોગો અંગે આછો ખયાલ આપવાનો પ્રયત્ન છે.

મન અને લાગણીઓના બગાડામાંથી માનસિક રોગ થઇ આવે છે. એ બગાડો જીવન જીવી શકાય એવો હળવો યે હોઈ શકે યા જીવન કરુણતાભર્યું છિન્નભિન્ન થઇ જાય એવો ઉગ્ર પણ હોઇ શકે. માનસિક રોગોના બે મુખ્ય વિભાગો છે: (૧) ચિત્તરોગ–neurosis અને (૨) ચિત્તભ્રમ–psychosis. ચિત્તરોગ: લાગણીના બગાડાને લીધે માણસ જિંદગીના ખરા સંજોગોને સંબંધકર્તા ન હોય એ રીતે વિચારતો, સમજતો કે વર્તતો હોવા છતાં વાસ્તવિકતા સાથે સંબધ છોડતો નથી. તે ધંધો અને સામાજિક ફરજો અદા કર્યે જાય છે પણ અંતરમાં કોઈ ચિંતા, સંતાપ કે દ્વેષથી બળતો હોવાથી જીવનનું સુખ વેડફાય છે.

જ્યારે ચિત્તભ્રમથી પીડાતા માણસનો વાસ્તવિકતા સાથે સંબંધ છૂટે છે. તે પોતાની જાત કે આસપાસનું અસ્તિત્વ ભૂલી સ્વપ્નોમમાં જીવે છે. તે પોતાની વર્તણૂક ઉપર અંકુશ રાખી શકતો નથી. તેને તરેહતરેહના વિચારો આવે છે. જે વસ્તુ ન હોય તે જોવાની. સાંભળવાની, સ્વાદની, કે ગંધની તેને ભ્રમણાઓ થાય છે. સાઇઝોફ્રેનીઆ અને ઉન્માદ આના દાખલા રૂપ છે.

માનસિક ખામી

(૧) કેળવણી ન પામી શકે એવા સંજોગોને લીધે બાળકના મગજનો સામાન્ય વિકાસ થતો નથી; (૨) કોઈ શારીરિક ખોડ કે ખામીના લીધે મગજના વિકાસને જરૂરી જાગૃત અનુભવોના અંતરાય પડે છે; (૩) જન્મગત અંધાપા કે બહેરાશને લીધે બાળકના મનના વિકાસની પૂરતી તક મળતી નથી કે (૪) મગજની રચનાની ખોડના લીધે માનસિક ખામી (mental defect) આવી પડે છે. આના ક્રમ રહે છે. બાળક કાં તો ગાંડું (imbecile) હોય છે: પોતાની જરૂરિયાતો સંભાળી ન શકે, કશી કેળવણી ન લઈ શકે એવું ગાંડું હોય છે; અગર તો કેળવણી પામી શકે એવું હોવા છતાં પોતાની જાતને સંભાળી ન શકે એવું પણ હોય. ત્રીજું એવું હોય કે ખાસ શિક્ષણ આપવાથી પોતાનું પેટિયું રળવા જેટલું શક્તિમાન બને છે. આ કક્ષાઓની વચમાં ભણતરમાં પછાત, બુદ્ધિમાં મંદ, આળસુ વગેરે હોય છે, જેમને છૂટી પાડતી મર્યાદા આંકી ન શકાય.

માતાપિતાના સિફિલિસ રોગને લીધે અગર માતા ને બાળકના લોહીના વિરુદ્ધધર્મીપણાને લીધે બાળક માનસિક ખોડવાળુ જન્મે છે. ગળામાં આવેલી થાઇરૉઇડ ગ્રંથિનો વિકાસ ન થવાને લીધે પણ બાળકના મગજ મન ને શરીરનો વિકાસ થતો નથી. કોઈ વખત મગજનું કદ નાનું હોય છે. જોકે કદમાં અને દેખાવમાં મગજ સામાન્ય હોવા છતાંય જાતમાં સામાન્ય ન પણ હોઈ શકે.

સંભ્રમ–ગાંડપણ (confusional insanity): મગજના રાસાયણિક બંધારણમાં અચાનક ફેરફાર થવાથી ભૌતિક રાસાયણિક ક્રિયાઓ એકાએક બંધ પડતાં વિચાર કરવાની શક્તિ નાશ પામે છે. આ આફત વખતે રોગીને ખબર પડતી નથી કે પોતે ક્યાં અને શું કરે છે. અવનવાં સ્થળની તે ધારણા કરે છે. આસપાસની વિચિત્ર દેખાતી વસ્તુઓથી ગૂંચવાડો પામે છે. કાળ અને સ્થળનું એનું દિક્‌જ્ઞાન નાશ પામે છે. તે સમય, દિવસ કે મહિનો પણ કહી શકતો નથી. દિવસ અને રાત સંબંધી પણ એને ગૂંચવાડો થાય છે. યાદદાસ્ત ખેરવિખેર થાય છે. ઊંઘ આવતી નથી. ધંધો ભુલાય છે. મિત્રો ઓળખી શકાતા નથી. અરે, પોતાની જાતને પણ રોગી ભૂલી જાય છે. તેથી તે બેચેન, ઉશ્કેરાએલો અને ગૂંચવાએલો દેખાય છે. બુદ્ધિભ્રંશ થયો હોવાથી તેને આભાસ અને ભ્રમણાઓ સતાવે છે.

દરેક કિસ્સામાં ચિહ્નો એકસરખાં નથી હોતાં. વ્યક્તિની ઉમર, મનનું બંધારણ અને સંભ્રમના કારણ ઉપર તેનો આધાર છે.

મનોહ્રાસ (Dementia)

જીર્ણ રોગને લીધે મગજના બંધારણમાં ફેરફાર થતાં મનની અસ્વસ્થતા પેદા થાય છે. જો તે મટે તો અગાઉની જેમ મન સુધરી જાય; પણ રોગની અસર મગજ પર કાયમ રહેતાં તંદુરસ્ત મન કાયમનું ગાંડું (psychosis, insane) રહે છે, યા મનોહ્રાસ (dementia) થાય છે. રોગીની ઉમર, વ્યક્તિત્વ, સ્ત્રી કે બાળક, દશા આવી પડવાનું કારણ અને તેની અસરોની ઝડપ ઉપર માનસિક બગાડાનો આધાર રહે છે.

વિટામિન બી ન્યૂનના લાંબા કાળની ખામીને લીધે અનુક્રમે વધતી બુદ્ધિની ખામી આવી પડે છે. રોગી કાળ અને સ્થળનું ભાન ગુમાવે છે. દારૂ, મોર્ફિયા, હિરોઇન અને કોકેનના વ્યસનીઓ પણ એ [illegible] માનસિક વિકૃતિના ભોગ બને છે. આધુનિક દવાઓની શોધ અગાઉ સિફિલિસ રોગની પૂરતી દવા ન થવાથી પણ મગજનો ચેપ લાગતાં રોગી પ્રૌઢાવસ્થામાં માનસિક બગાડાનો ભોગ થઈ પડતો હતો. જન્મગત સિફિલિસના ચેપના લીધે બાળકની દસ વર્ષની ઉમરે માનસિક વિકાસ રૂંધાઈ જઈ મગજની દશા બગડવા માંડે છે.

મનોહ્રાસમાં રોગીની બૌદ્ધિક તુલનાશક્તિ બગડે છે. એને ભવ્ય પ્રકારના આભાસ થવા માંડે છે. દયાળુ માણસ વધારે દાનેશ્વરી બને છે; ત્રેવડવાળો વધારે કરકસરિયા બને છે. રોગી પહેરવેશમાં અને સમાજના નિયમો પરત્વે બેદરકાર બને છે.

મેનિન્જાઇટિસ, એન્સેફેલાઇટિસ ને મગજના ગડને લીધે મનોહ્રાસ થઈ આવે છે. કપાળ પ્રદેશના ગડ વખતે ક્રમશઃ બુદ્ધિ ઘટતી જાય છે જ્યારે બીજા ગડથી બોલવા, સાભળવાની કે જોવાની શક્તિ હણાય છે.

સાઇઝોફ્રેનીઆ (Schizophrenia)

સર્વસામાન્ય અને ઉપચારોને ન ગાંઠતા માનસિક રોગમાં રોગી દુનિયામાંથી સંકેલાઈ જઈ કલ્પના અને સત્ય વચ્ચેનો ભેદ પારખી શકતો નથી. રોગી પોતાની સંકુલિત દુનિયામાં વસે છે: એવી ભયાનક દુનિયા, કે જ્યાં જડ વસ્તુઓને જીવ આવે છે, જ્યાં લોકો અનુમાન પ્રમાણે દેખાવો ધારણ કરે છે, જ્યાં રોગીને વીંટળાઇ રહેલા ભયો તેને નુકસાન કરવા મસલતો ચલાવે છે કે તેને ભરખી જાય છે.

માનવી મુખ્યત્વે બે પ્રકારના હોય છે. અંતર્મુખ અને બહિર્મુખ. બહિર્મુખ માનવી શાળા અને કૉલેજમાં સારી રીતે નભે છે; સમાજમાં ભળી જવામાં મુશ્કેલી નથી અનુભવતા. એમને ઘણા મિત્રો હોય છે. જીવન જેવું સાંપડે તેવું સ્વીકારીને તે સુખી નીવડે છે.

અંતર્મુખ માનવી જુદો પડે છે. તે શરમાળ હોઇ તેને મિત્રો થોડા હોય છે. તે આત્મકેન્દ્રિત હોઈ બીજા પર પોતાના કેવી છાપ પડે છે તેનો વિચાર તે કર્યા કરે છે. વળી તે લાગણીપ્રધાન હોઈ જેવી મળે તેવી જિંદગી બળે બળે સ્વીકારે છે. તે અંગે ઘણા ઘણા વિચારો કરે છે. આવા બિચારા અંતર્મુખી પ્રકૃતિવાળાનું ભાવિ સુખી નથી હોતું.

પણ આપણે મોટા ભાગના તો દ્વિમુખી પ્રકૃતિવાળા (ambiverted) હોઇએ છીએ; કારણ કે લોકો સાથેના સંબંધમાં આપણે બહિર્મુખ હોઇએ છીએ અને વિચારો ને લાગણીઓના સંબધમાં અંતર્મુખ. પણ સાઇઝોફ્રેનીઆના ભોગ બનનારા ચોક્કસ અંતર્મુખ હોય છે. તેમને પોતાના વિચારો ને લાગણીઓની જ પડી હોય છે, લોકોની તમા નથી હોતી. એમને મળેલા ગાંડપણના સંસ્કાર અને જિંદગીના બોજના પ્રમાણની પરસ્પર ક્રિયાના આધારે ગાંડપણ આવી પડે છે. પણ આ બન્નેમાં ગાંડપણના સંસ્કાર મહત્ત્વના છે, કારણ કે રોગીના કુટુંબની આગલી પેઢીમાં ગાંડપણના કિસ્સા સાંભળવા મળે છે.

પંદરથી પચ્ચીસની ઉમરે લાગુ પડતા આ ગાંડપણમાં યુવાનીના

વિવિધ બોજ ભાગ્ય ભજવતા હોવાનું મનાય છે. આ કાળમાં જાતીયતા (sex)ના વિચારોને અંકુશમાં લાવવાના હોય છે. કુટુંબ અને ઘરથી છૂટા પડી સ્વતંત્ર રહેવાનું હોઈ પરાયાઓ સાથે ટકવાનું હોય છે. એટલે વિષયવાસનાનું તોફાન કે શરમાળપણું, ધંધા કે નોકરીની જવાબદારી, લગ્ન, કે બીજા કોઇ રોગથી અચાનક ગાંડપણ આવે છે.

આ ગાંડપણનો ભોગ બનનાર વ્યક્તિ આપણી અને એની વચ્ચે કાચનો પડદો હોય એવી રીતે વર્તે છે. કોઈ પ્રત્યેનાં પ્રેમ વહાલ કે લાગણી તેને સ્પર્શતાં નથી. તે ઠંડાગાર, અલિપ્ત કઠોર ને બિતમા રહે છે. તે લોકો સાથે ભળતો નહિ હોવાથી તેની જિંદગી મુશ્કેલ બને છે. પરિણામે તે અસ્થિર મનનો બને છે; ને છેવટે ભાંગી પડે છે ત્યારે સાઈઝોફ્રેનીઆ આવી પડે છે.

સાઇઝોઇડ પ્રકૃતિના ઠંડા અને કઠોર માણસો જો ભાગ્યવાન હોય તો ભાંગી પડતા નથી. આવી પ્રકૃતિના ઘણા તો વિખ્યાત ને વિશિષ્ટ પુરુષો પણ બન્યા છે. લેબોરેટરીમાં સશોધનમાં પડેલો વિજ્ઞાની, ગણિતી કે આંકડાશાસ્ત્રી, પ્રોફેસર, સર્જક કે કલાકારમાં સાઇઝોઈડ(schizoid) પ્રકૃતિના થોડા અંશો હોય છે, જ્યારે બીજા પક્ષે ભયાનક ખૂનીઓ ને ડિક્ટેટરો પણ આ પ્રકૃતિના હોય છે. નેપોલિયન, ન્યૂટન, કેન્ટ, સ્પાઈનોઝા, સંગીતશાસ્ત્રી વૅગ્નર ને માર્ટિન લ્યુથર વગેરે વિખ્યાત માણસો થોડાવત્તા અંશે સાઇઝોઈડ પ્રકૃતિના જ હતા.

રોગી મોટા ભાગે પુરુષ હોય છે. તેનાં વર્તન અને આચાર એકદમ વિચિત્ર બને છે. તેના વિચારો અને લાગણીઓમાં તડ પડે છે. માતાના મૃત્યુના સમાચાર સાંભળી તે હસશે તો અચાનક દ્રવ્યપ્રાપ્તિના સમાચાર તેને રડાવશે. તેની બુદ્ધિ સાબૂત રહે છે પણ તે તેને વાપરતો નથી. નિર્ણયો લેવાની તેની શક્તિ નાશ પામે છે. તે કાં તો ભટકવા માંડે છે અગર તો જડ જેવો બની એકાંત સેવે છે. ધીમેધીમે દુનિયામાંથી ખસી જઈ એકાંતમાં એકલો રહે છે. પોતાની આસપાસના બનાવોના સંબંધો છોડે છે. લોકો અને દુનિયામાં તેને રસ રહેતો નથી. તે કોઈ સાથે બોલતો નથી, ક્યાંયે જતો નથી, કહ્યા વગર ખાતો કે કપડાં પણ બદલતો નથી. આખો દિવસ કલ્પનાની દુનિયામાં રાચે છે. તેને દરેક વસ્તુ પોતાની વિરુદ્ધ જતી સમજાય છે. બારીમાંથી મોટર જુએ તો તે પોતાને આગલા પૈડા નીચે ચગદાઇ જતો કલ્પે છે. પથારીમાં સૂતેલા રોગીને હાલવુંચાલવું અશક્ય લાગે છે; ખરી રીતે તો તે પથારીમાં દબાઇને સૂતેલો હોય છે, કાં તો તેને ભીંતો ઓગળતી અને ધીમેથી તેના ઉપર ધસી આવી તેને ગૂંગળાવતી લાગે છે. તેને માટે દુનિયા ખરાબ સ્વપ્નોના મહાભયથી ભરેલી હોય છે.

આ વખતે મગજની બગડતી સ્થિતિ સુધારી શકાય એમ છે. આ માટે રોગીને ઈન્સ્યુલિનનાં ઇન્જેક્શન આપી એક કલાક કે વધુ વાર બેશુદ્ધ રાખવામાં આવે છે. થોડા દિવસના આંતરે આ સારવાર ફરી આપવામાં આવે છે. પણ જે કુટુંબમાં ગાંડપણના કિસ્સા હોય તેવા રોગીને આ સારવાર ખાસ ફાયદો કરતી નથી. મગજ વધારે બગડતાં રોગીનાં વાણી કે વાતચીત બાળક જેવાં બને છે. કોક રોગી ઉદાસ બની કલાકો સુધી શોકોન્માદમાં બેસી રહે છે. કોઇને વિચિત્ર ભ્રાન્તિઓ થાય છે. ઘણા તો એટલી નિષેધવૃત્તિ ધરાવતા બને છે કે તેમની પાસે જતાં તે પાછા ચાલવા માંડે છે, હાથ લંબાવતાં પોતાના હાથ સંકોરી લે છે, તો બીજા વળી થાક્યા વિના કલાકો સુધી અક્કડ ઊભા રહે છે!

આ માટે મગજના કપાળપ્રદેશના જ્ઞાનતંતુઓ–લ્યૂકોટોમીનું ઑપરેશન ફાયદો આપનારું નીવડે છે. ઑપરેશનમાં આ પછી રોગી જોકે કહ્યાગરો બને છે પણ તેની ભ્રમણાઓ કાયમ રહે છે. (ચાલુ)

અનુસંધાન] **બાલાસરસ્વતી** [પૃ. ૨૬૩થી

સ્વરૂપે મારી સમક્ષ છતું થયું. એ સ્થૂળકાય સ્ત્રી છે તેવી કલ્પના જ હું કરી શકી નહિ. વાદકોએ સંગીત શરૂ કર્યું ને કૃષ્ણની બાળલીલાનું પદ શરૂ થયું. બાલાસરસ્વતીએ ભાવ સહિત એ રજૂ કર્યું. એના નૃત્યમાં, હલનચલનમાં સંયમી તત્ત્વ હતું. મુખ પરના ભાવદર્શનની લાક્ષણિક રજૂઆત અત્યંત આકર્ષક હતી. પ્રત્યેક દૃષ્ટિ અર્થપૂર્ણ હતી. અને એનું સ્વત્વ જ દર્શકને મુગ્ધ કરી દેવા માટે સમર્થ હતું. દર્શક તરત જ અનુભવે કે પોતે એક મહાન કલાકારના સાન્નિધ્યમાં છે. એક ભાવ-સ્થિતિમાંથી અન્ય ભાવદશામાં સ્થિત્યંતર, એક મુદ્રાદર્શન પછી બીજી મુદ્રાઓનું જાણે કે સવાક્ ભાવાંતર (interpretation) વગેરે એટલાં તો આનંદપ્રદ ને કલ્પનોત્થ હતાં કે એનું આશ્ચર્ય કેમે ય શમે જ નહિ. આછા સ્મિતની લહેરખી-મઢ્યા ચહેરા પર ભાવની વાદળીઓ દોડતી હતી. એના સમગ્ર વ્યક્તિત્વને, એની બધી નૃત્ય-પ્રક્રિયાઓને અજવાળતું કાઈ અણકથ્યું કશુંક જીવંત તત્ત્વ આવરી રહ્યું હતું!”

આટલા અમસ્તા પરિચયમાં પણ શ્રીમતી બેરિલ ડીઝોટે બાલાસરસ્વતીની ઉચ્ચ કલાનું આબેહૂબ નિદર્શન કરાવ્યું છે. “સૌ કલારસિકો બાલાનાં નૃત્યો જોયા પછી, એનું ભાવસૌંદર્ય માણ્યા પછી એમના ભક્ત બની બેસે છે,” એ વિધાનમાં જરા યે અતિશયોક્તિ નથી. અસંખ્ય વિવેચકોએ એમની મુક્ત કંઠે સ્તુતિ કરી છે. હવે જોકે નૃત્તવિભાગ માટે શારીરિક મર્યાદાઓને અંગે બાલાસરસ્વતી યોગ્ય રહ્યાં નથી, પણ અભિનય-વિભાગમાં તો એમની સ્પર્ધા કોઇ કરી શકે એમ નથી! કશાં ઝાઝા ઉપસ્કર કે ઝાઝા ઠઠારા વિના, સાદી રંગીન સાડી, નકવેસર, કુંડળ, કંકણ અને પગે ઝાંઝર, એવા સાદગીભર્યા નૃત્ય-પોષાક ઉપરાંત કશી આળપંપાળમાં પડ્યા વિના, બાલાસરસ્વતી જ્યારે અભિનય સહ પદ રજૂ કરે છે ત્યારે એમની તન્મયતા, પાત્રના ભાવનિરૂપણની વિશિષ્ટતા અને નૃત્યની રજૂઆત એવાં તો મુગ્ધ કરી મૂકે છે કે નૃત્યાંગના સ્થૂળકાય છે કે બહુ રૂપસુંદર નથી એવી કોઈ વસ્તુ યાદ આવતી નથી. સ્વસ્થરીતે કમ્મરે હાથ ટેકવી ઊભાં રહી જ્યારે પદનાં ભાવાંતરોથી સંચારીભાવની રમણા એઓ મચાવે છે ત્યારે એમની એવી શક્તિથી દંગ થયા વિના રહી શકાતું નથી.


આજે બાલાસરસ્વતી ચાલીસ વર્ષની વયે પહોચ્યાં છે, છતાં એમનાં અભિનય વિભાગનાં નૃત્યોનું આકર્ષણ લવલેશ ઘટ્યું નથી. હાલ મદ્રાસમાં મ્યૂઝિક અકાદમીના આશ્રયે તેઓ નૃત્ય શિક્ષણ આપે છે. એમના એક ભાઈ રંગનાથન્ મૃદંગ વગાડવામાં અત્યંત કુશળ છે. બીજા, વિશ્વનાથન્ દક્ષિણના બંસરી-વાદકોમાંના ખ્યાતનામ કલાકાર છે. કલાક્ષેત્રે અપાએલી એમની વિશિષ્ટ સેવાઓના ઉપલક્ષમાં ભારત સરકારે એમને ‘પદ્મભૂષણ’ ખિતાબથી નવાજીને એમનું સન્માન કર્યું છે.

અનુસંધાન] **રામલીલા** [પૃ. ૨૬૯થી

ઘણું મળી ચૂક્યું છે. હવે વધારે શું માગું?’ રામરતનને નવાઇ લાગી. એણે પૂછ્યું, ‘પહેલાં?’ મેં તો તને પહેલા કદી જોયો જ નથી.’

‘હા; તમે મને નથી ઓળખી શક્યા; પણ મેં તમને ઓળખી લીધા છે. હું એ જ છોકરો છું જે નાનપણમાં તમારી મંડળીમાં રામનો પાઠ કરતો. જુઓને, પછી મારા મામા આવીને મને ઉપાડી ગયા. યાદ આવે છેને? હું એ જ માણસ છું. જે આપની મંડળીમાં રામ બનતો!’

રામરતનને બધું યાદ આવ્યું. રાવણના આ ભયાનક ચહેરામાં પણ એને રામની પેલી શામળી નમણી મુખાકૃતિ દેખાવા માંડી. તેણે આશ્ચર્યપૂર્વક કહ્યું, ‘હા, તું એ જ રામ છો. મને બરાબર યાદ આવે છે. તું એ જ રામ છો.’



હશે જ દુર્ભાગ્ય ઘણાં ય,-કોઈ
મોટાં વળી કોઈ હશે જ નાનાં;
પરંતુ હા, એક હયું મળ્યું છે
એ સર્વ હોવા ઉપરાંત એને!—રૉબર્ટ બર્ન્સ

રૉબર્ટ બર્ન્સ

He will hae misfortunes great and sma'
But aye a heart abuve them a'.


આ વળી કોની કવિતા છે? અંગ્રેજ ભાષાપંડિતોનાં મોટાંમોટાં થોથાં ફંફોળતાં યે 'hae', 'sma', 'abuve' જેવા શબ્દો તો ક્યાં યે ન જોયા! અને સાચે જ તળપદી આ સહજ ભાષાના વાતાવરણમાં ઊછરેલી દસેક લાખ વ્યક્તિઓ સિવાય, જગતના અંગ્રેજી જાણનારાને યે તે અઘરી પડે તેવી છે. એ છે સ્કૉટલૅંડની તળપદી ભાષામાં, સ્કૉટલૅંડના રાષ્ટ્રકવિ રૉબર્ટ બર્ન્સની લખેલી બે પંક્તિઓ. એ કવિની બીજી જન્મશતાબ્દી આ વર્ષની ૨૫મી જાન્યુઆરીએ ઊજવાઈ. અંગ્રેજી સાહિત્યના ચાહકોએ તેને ઢળકતે હૈયે અંજલિઓ આપી.

કવિતાનો કક્કો શીખતો એકેએક અંગ્રેજ કુમાર તો રૉબર્ટ બર્ન્સને ઓળખે છે. 'My luve is like a red red rose' એ કવિતાથી અંગ્રેજીનો કયો અભ્યાસી અજાણ હશે? તેની કવિતામાંની પારદર્શક સચ્ચાઈ અને સર્જક રણત્કૃતિએ તેને અંગ્રેજી વાઙ્મય-ક્ષેત્રે ઘણે ઊંચે સ્થાને વિરાજિત કર્યો છે, અને એક પ્રેમકવિ તરીકે તો વિશ્વસાહિત્યના સર્જકોમાં પણ પોતાના સર્જનની નિર્મળ સાહજિકતાને ગુણે સોહે છે.

તેનો જન્મ સ્કૉટલૅંડમાં આયર નજીક આવેલા ઍલોવે ગામમાં,આજથી બસો વર્ષ પહેલાં, ઈ. ૧૭૫૯ની ૨૫મી જાન્યુઆરીએ (આ તારીખ બર્ન્સના માનમાં સ્કૉટિશ લોકો હજી યે ઊજવે છે), મૂળ કિંકાર્ડિનશાયર પરગણાના પરંતુ પછી સ્થાનાંતર કરી ગએલા ખેડૂત પિતા વિલિયમને ત્યાં થયો હતો. ભાંડુઓમાં રૉબર્ટ સૌથી મોટો. તેણે નિયમિત શાળાશિક્ષણ તો નહોતું લીધું, પરંતુ સાહિત્યદૃષ્ટિમાન પિતા અને ગામડાના શાળાશિક્ષક જ્હૉન મર્ડોક કનેથી મળેલાં કાળજીભર્યાં સૂચન, તથા એ પોતે ખેતરે જતો ત્યારે તેની સાથે રહેતી 'એ કલેકશન ઑવ ઇંગ્લિશ સૉંગ્સ' જેવી ચોપડીઓના સંસ્કારથી તેના કૂળા માનસમાં સાહિત્ય-સર્જનનાં બી રોપાયાં. ઉપરાંત માતા ઍગ્નિસ બ્રાઉન પાસેથી તેને રૂઢિગત લોકરાસાઓ અને લોકકહાણીઓની મૂડીનો વારસો પણ મળ્યો. ગરીબ ખેડૂત કુટુંબમાં જન્મ્યો હોવાને કારણે નાના રૉબર્ટને શ્રમ એ બહુ સ્વાભાવિક વાત હતી. તે કામે પણ બહુ વહેલો લાગી ગએલો. બીજી બાજુએ કુટુંબની ગરીબ સ્થિતિ સુધારવા પિતા લાખ કોશિશો કરતો. ૧૭૬૬માં તેણે ઑલિફન્ટ ખાતે વાડી લીધી. પછી ૧૭૭૭માં ટાર્બોલ્ટનમાં જગ્યાફેર કરી. પરંતુ કોઈ સ્થળે તેને સફળતા ન મળી તે ન જ મળી. અને અહીં ગજા બહારનો પરિશ્રમ કરતો રૉબર્ટ તો ૧૫ વર્ષની કાચી વયે વર્ષે ૭ પાઉંડ રળતો પાકો હળખેડુ બની ગયો હતો!

પેલા શાળાશિક્ષક મર્ડોક આયર ખાતે સ્થિર થયાનું સાંભળીને રૉબર્ટ ફ્રેન્ચ ભાષાનું પ્રાથમિક જ્ઞાન લેવા સીધો તેમની પાસે પહોંચી ગયો. જ્ઞાનપ્રાપ્તિની તેને અદ્ભુત તાલાવેલી હતી, તે પરથી પિતા વિલિયમને ચોક્કસ ખાતરી થઈ ગઈ હતી કે રૉબર્ટ મોટો થઇને જરૂર નામ કાઢશે. જોકે માતાને રૉબર્ટમાં કંઈ અસાધારણ નહોતું જણાતું; ઊલટું, એના કરતાં નાનો ગિલ્બર્ટ એને વધુ પાવરધો લાગતો. રૉબર્ટે સૌપહેલું ગીત 'હૅન્ડસમ નેલ', લણણી વખતની પોતાની જુવાન જોડીદારની સગતથી પ્રેરાઈને ૧૬ વર્ષની વયે લખ્યું હતું. આ જ અરસામાં તે પિતાની ઇચ્છા વિરુદ્ધ જઇને ગામડાની એક નૃત્યશાળામાં દાખલ થઇ ગયો, ને પછી તેના જીવનના એકરીતે કરુણ પાસારૂપ પ્રેમકિસ્સાઓની પરંપરામાં પડી ગયો! તે પરથી પુત્રની કારકિર્દીને ઝંખતો પિતા હવે ઊલટું તેના વર્તમાન ને ભવિષ્યની ખુવારીની ચિંતામાં પડી ગયો.

આપણાં પ્રાણીઓ : ૨૮




છછુંદર

તેનાં કદ-દેખાવ ઉંદર જેવાં છતાં ભૂંડ જેવા લાંબા મોંની તેની લાક્ષણિકતાથી છછુંદર ઝટ ઓળખી શકાય; પણ નવાઈની વાત એ કે તે શેળાનું પિતરાઈ થાય. તેનું મોં અણીદાર, ને નીચેના હોઠની બાજુએ વંકાએલું. શરીરઆખું રુવાંટીવાળું. પગ અને પૂંછડી આછા વાળથી ઢંકાએલાં; પણ પગ ચડવા ઊતરવા કે ખોદવા ફરવાને કામ ન આવે. દાંત બહુ લાક્ષણિક. આગલા બે દાંત બીજા બધાથી જુદા તરી આવે એવા: ઉપલે જડબે વંકાએલા, નીચલે જડબે હાથની હથેળીની જેમ આડા પડેલા, ક્યારેક છેડેથી થોડા ઉપર વળેલા. આંખો ઝીણી, કાન નાના ને ગોળ. રંગ આસમાની ભૂખરો, પણ મોં, કાન અને પગની ઝાંખી ગુલાબી ચામડી આછા વાળ સોંસરી ચોખ્ખી જોઈ શકાય. માથા સાથે શરીરનું કદ લગભગ છ ઈંચનું થાય, પૂંછડી ત્રણેક ઈંચની,–ટૂંકી.

મકાન, ઝાડી, ટેકરીઓ વગેરે તેનાં નિવાસ-સ્થાન. સ્વભાવે પૂરું નિશાચર અને અલ્પદર્શી હોવાથી કોઈ એને આંધળું પણ ગણે છે. આહાર જીવડાં. વંદા, કંસારી ને તમરાં ખાઇને ઘર ચોખ્ખું રાખે એવું ઉપકારક નિરુપદ્રવી પ્રાણી. ભયમાં હોય ત્યારે મોટેથી તીણો અવાજ કાઢે. ઉંદર સાથે તેને બનતું નથી, અને જુએ તો એને કાઢયે જ છૂટકો કરે. આ ગુણને કારણે છછુંદર મરકી વખતે ઘણી ઉપકારક થઈ પડે. એ ગંધાય ભારે: એના શરીરમાં એક ગ્રંથિ છે, તેમાંથી નીકળતી ઉત્કટ ગંધને લીધે,– ખાસ કરીને તે 'આરે' આવે એ દિવસોમાં. અમુક જાતોની છછુંદરોને આવી ગ્રંથિ નથી હોતી.

માદા પુખ્ત વયની થતાં પહેલાં ઘાસ, સૂકાં પાંદડાં કે એવી વસ્તુઓના બનાવેલા માળામાં બેથી ત્રણ બચ્ચાં જણે છે. બચ્ચાં જન્મ વખતે આંધળાં હોય છે પણ જરા મોટાં થયે ઘણાં જ ચપળ બને છે. એકમેકની પૂંછડી પકડીને માની પાછળ જતી એ બચ્ચાંની લંગારનું રમૂજી દૃશ્ય જોઇને જ પેલી કહેવત પડી હશે કે 'છછુંદરનાં છ યે સરખાં.'



પરંતુ કુટુંબના નિભાવ માટે રૉબર્ટ જાગૃત તો હતો જ. કિર્કોસ્વાલ્ડ ગામની એક શાળાની ટૂંકી મુલાકાતે ગયો ત્યાં તેણે મોજણીકામનો પરિચય મેળવી લીધો. પિતાની માફક ખેતરકામ પાછળ ભારે મથામણ કરવા છતાં એમાં તે ફાવ્યો નહિ, એટલે થાકીને ૧૭૮૧માં શણના કાપડના વેપારનો ધંધો શીખવા માટે ઇર્વિન ગામે ગયો, પરંતુ નસીબ જ જાણે બે ડગલાં આગળ હોય તેમ, શણનાં કપડાંની એ દુકાન જ બળી જતાં તેને એ યોજના પડતી મૂકવી પડી. ૧૭૮૪માં પિતા ક્ષયમાં મૃત્યુ પામ્યો. કુટુંબની સ્થિતિ કપરી તો હતી જ. આથી કૈંક સાહસને ઇરાદે ઘરની બચેલી નાનીસરખી મિલકતને તેણે ભાઈ ગિલ્બર્ટ સાથે મૅચલિન ગામની નજીક મૅસજીલમાં વાડી પાછળ રોકી.

પણ આ સાહસ નિષ્ફળ નીવડ્યું. બર્ન્સે તે દરમ્યાન ફ્રીમૅસન પંથના એક અધિકારીની પુત્રી જીન આર્મર-સાથે મળીને એક મંડળ ઊભું કર્યું. ત્યાં જીનના કુટુંબ સાથે ઝગડો થયો અને મંડળમાંથી જ તેને છૂટા થવું પડ્યું! હવે જમૅકા ટાપુ પરની વાડીઓ ઉપર હિસાબનીશ તરીકે કામ કરવા જવાનો તેણે વિચાર કર્યો, એટલામાં તેનાં ભવિષ્યનાં કેટલાંક પ્રસિદ્ધ કાવ્યોની નાયિકા મૅરી કૅમ્પબેલનો તેને પરિચય થયો, જે પ્રેમમાં પરિણમ્યો. બર્ન્સે તેની પાસે લગ્નનો પ્રસ્તાવ પણ મૂકેલો, પરંતુ એ પછી તરત તાવના આજારમાં મેરીનું અવસાન થયું. નિર્વાહ-ની જવાબદારીની ચિંતા તો એને શિરે હજી યે ઝઝૂમતી જ હતી.

એવામાં એ હળવી થવાની શક્યતાની આશાનું એક કિરણ ઊગ્યું —તેના ભવિષ્યે એક જુદો જ પલટો લીધો, જેણે તેની બધી યોજના-ઓને પલટાવી દીધી. તેના સંગ્રહ 'પોએમ્સ ચીફ્લી ઇન ધ સ્કૉટિશ ડાયલેક્ટ' તથા 'કિલ્માર્નોક બર્ન્સ' પ્રસિદ્ધ થતાં પવનવેગે તેનું નામ એક ગણનાપાત્ર ઉત્તમ કવિ તરીકે લોકજીભે ચડી ગયું. 'ધ ટ્વા ડૉગ્ઝ', 'હૅલોવીન', 'જૉલી બેગર્સ', 'ટુ એ માઉસ', 'ટુ એ માઉન્ટન ડેઈઝી' અને 'ધ કૉટર્સ સૅટરડે નાઈટ' જેવી શ્રેષ્ઠ કૃતિઓનો એમાં સમાવેશ થતો હતો. સાહિત્યગુણવત્તાએ આવી સમૃદ્ધ કવિતાના રચયિતા બર્ન્સ-ને હવે રખડપાટો છોડી સાહિત્યસર્જન પર કેન્દ્રિત થવાનું ડૉ. બ્લૅકલૉકે સમજાવ્યું. તેના કાવ્યસંગ્રહની એડિનબર્ગ આવૃત્તિ માટે પણ ગોઠવણ થઈ, જેને પરિણામે તેને પાંચસોએક પાઉંડની કમાણી થઇ.

કીર્તિ હવે વણબોલાવી તેને ઉંબરે આવી ઊભી હતી. ઠેરઠેર તેને લોકો આવકારતા ને સત્કારતા. એડિનબર્ગમાં તત્ત્વજ્ઞ ડગ્લાસ સ્ટુઅર્ટ, ઇતિહાસલેખક વિલયમ રૉબર્ટસન, કવિ હ્યુજ બ્લેર તથા અર્લ ઑવ ગ્લેનકૅર્ન જેવા ભદ્ર સમાજના પ્રતિષ્ઠિત પુરુષોએ પણ તેને માન સાથે આવકાર્યો. વાતચીતની કળામાં તો બર્ન્સ નિષ્ણાત હતો. ઉપરાંત તેની બોલચાલ અને રીતભાત એટલી નિખાલસ અને નિર્દંશ હતી કે, તેના પ્રથમ પરિચયમાં આવનાર હરકોઈ તેનાથી પ્રભાવિત થતું. આ કારણે તેને જીવનભર અનેક મિત્રો પણ થએલાં, જેમાં મિસિસ મૅકલેહોસ-તેના સાહિત્યની ક્લૅરિન્ડા, મિસિસ ડનલૉપ વગેરેનાં નામ ગણાવી શકાય. પ્રસિદ્ધ અંગ્રેજ કવિ અને નવલકથાકાર વૉલ્ટર સ્કૉટ ત્યારે પંદર વર્ષની વયનો હતો. પોતાના પર પડેલી બર્ન્સના વ્યક્તિત્વની છાપ વિષે લખતાં તે કહે છે: 'રીતભાતે ગામડિયો, પણ બેહૂદો નહિ'... 'કેવળ આંખ પરથી જ તેના કવિ તરીકેનાં વ્યક્તિત્વ અને સ્વભાવનું સૂચન મળી જાય. આંખ મોટી ને કાળી હતી, અને જ્યારે તે લાગણીથી કે રસપૂર્વક કોઈ વાત કરતો ત્યારે તે અક્ષરશ: ઝગઝગી ઊઠતી. કોઇ પણ માનવમુખ પર આવી આંખ મેં જોઇ નથી.' ૧૭૮૮માં ફરી આયરશાયર જઇ જીન આર્મરને પોતાની પત્ની તરીકે સ્વીકારી, ડમ્ફ્રીઝ નજીક નાઇથ નદીને કાંઠે એલિસલૅન્ડ પર વાડી બનાવવા પાછળ પોતાની મૂડી રોકી, ને જકાતી અધિકારીની તાલીમ પણ મેળવી.

એલિસલૅન્ડમાં શિષ્ટ સમાજ વચ્ચે રહેતાં તેની વર્તણૂક ઘણી રીતે સભ્ય બની રહી. એડિનબર્ગ યુનિવર્સિટીના ખેતીવાડીના નવા ઊભા કરાએલા હોદ્દા માટે ઉમેદવારી નોંધાવવાનું પણ તેને કહેવામાં આવ્યું, પણ બર્ન્સે એ પ્રસ્તાવ નકારી કાઢ્યો. વાડીએ એને ફરી પણ યારી ન જ આપી. આથી ૧૭૯૧માં તે ડમ્ફ્રીઝ ખાતે ફેરબદલી કરી ગયો અને એક ચોખ્ખો સીધોસાદો જકાત-અધિકારી બની રહ્યો. તેનું એ કામ ઘણું સંતોષકારક હતું. પોતાના કામમાં તે પૂરતો દક્ષ અને ચુસ્ત હતો. પગારની એક સ્થિર આવક તો થઈ, પરંતુ દારૂ પીવાની તેની બૂરી ને બિનકાબૂલતને લીધે પૈસો તેની પાસે ટકતો જ નહિ, તેમ કદી ટક્યો પણ નહિ ને તેની આ નબળાઇ કાયમ રહી. દરમ્યાન તે એક અતિ મહત્ત્વ-ના સાહિત્યિક કાર્યમાં પડી ગયો. તે હતું જેમ્સ જ્હૉન્સન દ્વારા સંપાદિત થતા 'સ્કૉટ્સ મ્યૂઝિકલ મ્યૂઝિયમ' તેમજ જ્યૉર્જ ટૉમસનના 'સિલેક્ટ કલેકશન ઑવ ઑરિજિનલ સ્કૉટિશ આયર્સ' માટે ગીતોનો પુરવઠો તૈયાર કરી આપવાનું. બર્ન્સે ૨૦૦ ઉપરાંત ગીતો—ઘણાં તેનાં મૌલિક, ઘણાં જૂના પદ્ય પરથી મઠારેલાં અને તેની પ્રતિભાના ઓપથી દીપતાં—લખ્યાં. એ તેની સમસ્ત સ્કૉટલંડના તલપ્રદેશના પદ્યવાઙ્મયની એક અનુપમ સેવા છે અને તેના પ્રતિભાતંત્રની એક મહાન સિદ્ધિ છે. આ કામ તો માત્ર પ્રેમનો પરિશ્રમ જ હતું; કેમકે એમાંથી તેને કોઈ જાતનું વેતન મળેલું નહિ. આ વખતે તેણે તેની લાંબી કવિતાઓમાં સૌથી મહાન, વિરલ જોમવાળી રચના 'ટૅમ ઑ' શૅન્ટર' એક જ દિવસમાં લખી નાખી. 'ફ્લો જેન્ટ્લી સ્વીટ ઍફ્ટૅન', 'ય બૅન્કસ ઍન્ડ બ્રે ઑવ બૅાની ડૂન' જેવા ગીતસંગીતને કવિતામાં રેલાવનાર બર્ન્સ પોતે ગાઇ શકતો નહિ. પોતાની બૂરી લતોની સજા તેને બહુ વહેલી, ૩૭ વર્ષની આધેડ પણ ન ગણી શકાય એવી નાની વયે ઈ. ૧૭૯૬માં સંધિવાના વ્યાધિને રૂપે થઇ અને એ જ વર્ષે ૨૧મી જુલાઇએ સંધિવાના તાવની બીમારીમાં ડમ્ફ્રીઝ ખાતે તેનું અવસાન થયું.

બર્ન્સના મૃત્યુથી માંડી આજ સુધી તેની પ્રતિભાની મહત્તાને સ્પર્શ સરખો કર્યા વિના તેની વ્યક્તિગત નબળાઇઓને જ આગળ લાવી મૂકતા અતાર્કિક વિવેચકો તરફથી બહુ સોસવું પડ્યું છે. ગ્રેગરી સ્મિથ તો તેની કવિતાને 'શરમિંદી દશા ને શરાબીની સુનાવણી' તરીકે ગણાવી



સ્કૉટલંડમાં આયરમાંનું કવિ રૉબર્ટ બર્ન્સનું નિવાસસ્થાન

આગળ કહે છે કે 'એથી આપણે તો ગૂંચવાડામાં પડી જઇએ છીએ કે આ બધું અગડંબગડં છે શું?!' તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં જણાશે કે બર્ન્સ એ સ્કૉટલંડનો માત્ર સુંદરતમ કવિ જ નથી, પરંતુ પ્રેમકવિતાનો એક મહાન અને શ્રેષ્ઠ ગાયક છે. પ્રેમકવિ તરીકે તેને કોઇએ તળપદી બોલીમાં લખતા સૅફો સાથે સરખાવ્યો છે તે ખોટું નથી. કોઈ પણ મૌલિક કૃતિ હોય કે 'ઑલ્ડ લૅન્ગ સાઇન' જેવા અનેક સંસ્કરણોમાંથી પસાર થએલા ગીતને પુનઃ પ્રાણવાન બનાવવાનું હોય, પ્રત્યેક પ્રસંગે ઊર્મિકવિની પ્રતિભાનો ચોક્કસ સ્પર્શ તેનામાં મળે છે. હરઉરમાં રમતાં આનંદ અને આશાને, પ્રણય ને ઉલ્લાસને તે પોતાની કવિતામાં યથાતથ ગાઈ ગયો છે. ઉપરાંત એ ઊર્મિકવિતામાં બર્ન્સે તેજાબી કટાક્ષશક્તિ પણ ઉમેરી બતાવી છે, જેનું 'હૉલી વિલીઝ પ્રેયર' ઉત્તમ ઉદાહરણ છે. તેણે બીજો ઉમેરો કર્યો નખશિખ હૂબહૂ વર્ણનોનો, જે ટૅામ ઑ' શૅન્ટર અને જૉલી બૅગર્સમાં આપણને પૂર્ણપણે ખીલેલા જોવા મળે છે. વર્ડ્ઝવર્થ જેવા કવિઓ રંગદર્શી કવિતા લખીને તેનો યુગ હજી લાવવાના હતા ત્યારે બર્ન્સે એ રંગદર્શિતાને કેવળ સ્વાભાવિકતાથી રેલાવી.

કવિતાનો મોટેરો ભાગ તે સ્થાનિક બોલીમાં લખતો, જે કેવળ દસેક લાખ માણસો સિવાય ભાગ્યે જ બીજો કોઈ શબ્દસૂચિ વિના સમજી શકે! પણ તેથી જ સ્કૉટલંડને તેનો સાચો રાષ્ટ્રકવિ મળ્યો.

બર્ન્સના કાવ્યગુણોનું પૃથક્કરણ કરીને 'ધી આઉટલાઈન ઑવ લિટરેચર'ના સંપાદક જ્હૉન ડ્રિંકવૉટરે તેને સમુચિત અંજલિ આપી છે: 'સ્વભૂમિ માટેનો ભાવાતુર પ્રેમ; સચેતન ઘટકમાત્ર પરત્વેની સહૃદય સહાનુભૂતિ; પ્રત્યેક અવસ્થાએ પ્રત્યેક વિષય પરત્વે ઊર્મિભર્યો ટકો; કેવળ ચીલાચાલુ સ્વીકારાતાં આવેલાં ધાર્મિક, સામાજિક અને રાજકીય બંધનો સામે વિપ્લવ; નિર્ભય સ્વાતંત્ર્ય; વંશાનુગત ભાવસંસ્કારોમાં સૂચિત થતા પ્રત્યેક તત્ત્વની ઉચ્ચગ્રાહી સમજ; તળપદી બોલીનો અમોઘ અને અપ્રતિહત ઉપયોગ; અને તર્કની યથાર્થ ચમત્કારી શક્તિ ને હળવી રમૂજો સાથે ઉદાત્ત પ્રતિબિંબો સાંકળવાનું સામર્થ્ય—આ બધા ગુણો બર્ન્સમાં છે, અને તે સ્કૉટિશ લોકોનાં હૃદયમાં સ્થાન કરી બેઠેલા બધા સર્જક કલાકારોમાં તેને અગ્રસ્થાને બેસાડે છે.'

જીરું

જીરું રંગે કાળું, ભૂરું, લીલું, પીળું તથા સફેદ પણ થાય છે. તેનો છોડ વરિયાળીના છોડ કરતાં નાનો, પાંદડાં ગોળ અને છત્રી સૂવાના જેવી હોય છે. જીરાં છ જાતનાં છે: જીરું, શાહજીરું, વિલાયતી જીરું, કલૌંજી જીરું, ઓથમી જીરું અને શંખજીરું.

(૧) જીરું યા સફેદ જીરું મારવાડ તથા ગુજરાતમાં પુષ્કળ પાકે છે; (૨) શાહજીરું રંગે કાળું, ખુશબોદાર ને સ્વાદે સહેજ કડવું તથા તૂરું હોય છે; (૩) વિલાયતી જીરું શાહજીરા જેવું જ, પણ તેના જેટલું કડવું નહિ; (૪) કલૌંજી જીરાના દાણા ત્રિકોણાકાર હોય છે અને તેને હથેળીમાં ચોળતાં લીંબુ કે ગાજરના જેવી ખુશબો નીકળે છે. તે નેપાળ તરફથી આવે છે. (૫) ઓથમી જીરું એટલે તો ઈસબગુલ—જેને વિષે અગાઉ અંક ૩૮૮માં આવી ગયું; (૬) શંખજીરું તે ખનિજ પેદાશ છે.

આપણા રોજિંદા ખોરાકમા ધાણાની સાથે જીરાનું સંયોજન કરીને એક અકળ ગુણશક્તિનો લાભ આપણા આહારશાસ્ત્રીઓએ લીધો છે. કેટલાક એમ માને છે કે ખોરાકમાં મસાલાનું સ્થાન કેવળ સ્વાદ માટે જ છે, અને મસાલા દ્વારા મળતી ઉત્તેજનાથી પાચક રસો છોડનારી ગ્રંથિઓ વધુ ઉત્તેજાઇ તેની માઠી અસર થાય છે. પણ આ વિરોધ મસાલાની ગુણશક્તિ જાણ્યા વિનાનો છે; બાકી અતિ ઉપયોગ તો અમૃતનો પણ ઝેર સમાન નીવડે છે. મસાલા ત્રણ હેતુ સારે છે: (૧) શરીરમાં અજ્ઞાત રીતે દાખલ થતા ઝેરી જીવાણુઓનો નાશ; (૨) શરીરમાં જ ઉત્પન્ન થતાં ઝેરોને બહાર ફેંકી દેવાની શક્તિ; (૩) પાચનતંત્રને મદદકર્તા ગ્રંથિઓને ઉત્તેજી દીપન-પાચનમાં સહાય.

જીરું વાયુને હરનાર, દીપન, ભૂખને વધારનાર, રુચિ ઉત્પન્ન કરનાર, ખોરાકને જલદી પચાવનાર, પિત્તવર્ધક જ્ઞાનતંતુઓને બળ આપનાર, કફને શોષનાર, ગર્ભાશયના દોષોને દૂર કરનાર, જઠર આંતરડાં યકૃત મૂત્રપિંડ તથા પ્લીહાના વ્યાધિઓ ઉપર ગુણકારક, આંખોને હિતકર, શીતળ, અને દાહ શમાવનાર છે. ખોરાકનું સમ્યક પાચન કરીને તે મળને બાંધે છે; વાયુનું અનુલોમન કરી બહાર કાઢે છે. એમાં રહેલી સુગંધ ને ઊડી જનારું તૈલી તત્ત્વ આંતરડાંના કે લોહી સાથે ભળેલા ઝેરી જીવાણુઓનો નાશ કરે છે.

મરડો, અતિસાર, સંગ્રહણી ઉપર જીરું અતિ ઉપયોગી દ્રવ્ય મનાય છે. પેટના દુખાવા ને મરડા જેવા રોગમાં શૂળ આવીને થતા ઝાડામાં જીરું વાટીને દહીંમાં લેવાથી આરામ મળે છે. અજીર્ણ કે વાયુને કારણે વારંવાર ઝાડે જવું પડતું હોય, થોડોથોડો પેશાબ આવતો હોય, પેશાબ કે ઝાડા પછી બળતરા થતી હોય તેવા ઉપદ્રવમાં અઢી તોલા શેકેલું જીરું, અઢી તોલા મરી ને અઢી તોલા સિંધાલુણનું ચૂર્ણ કરી એમાંથી બેઆની ભાર બે વખત લેવાથી ફાયદો કરે છે.

વિશેષ ગળ્યું ખાનારા તથા મરચાં જેવા ઉત્તેજક ને પિત્તવૃદ્ધિ કરનારા ખોરાક લેનારાને પિત્તના અતિયોગથી થતા ખજવાળ તથા ચામડીના નાનામોટા રોગમાં ગરમ પાણી સાથે બે આનીથી પાવલી ભાર જીરાનું ચૂર્ણ લેવાથી ચળ શાંત થઈને રક્તદોષનું શમન થાય છે.

અમ્લપિત્ત એ આજનો—ખાસ કરીને શહેરી જીવનનો મહારોગ છે. પાચનશક્તિ ક્ષીણ થઇને થતા છાતી તથા ગળામાં દાહ, શરીરમાં ખોટી ગરમી, ઊલટી, માથાનો દુખાવો વગેરે ચિહ્નો ઉપર પાણીમાં જીરાને લઈ સાકર સાથે પીવાથી, અગર જીરા તથા સાકરની ભૂકી ઠંડા પાણી સાથે લેવાથી શાંતિ થાય છે. અરુચિ, અપચો, ગૅસ અને મંદાગ્નિ જેવા પાચનવિકૃતિના રોગોમાં મીઠાના પાણીમાં જીરાને પલાળી, સૂકવી થોડું શેકીને મુખવાસ પેઠે લેવાથી અરુચિ મટીને પાચન વધે છે.

સ્ત્રીઓ માટે જીરાના સેવનથી જનન-અવયવોની ગરમી દૂર થાય છે. ગર્ભાશયને સાફ કરવાનો ગુણ જીરા જેટલો બીજા કશામાં નથી. માટે તો સુવાવડી સ્ત્રીઓ માટે 'પંચજીરક' ક્વાથ તથા પાક યોજાયા છે. પ્રદર, કસુવાવડ કે સુવાવડ પછીના રોગોમાં જીરું ઉત્તમ ફાયદો કરે છે.

શરીરનાં બીજાં ઝેરોને બહાર કાઢવાની પણ જીરું સર્વસામાન્ય શક્તિ ધરાવે છે. લોહીની ઠંડક દ્વારા તે રોગપ્રતિકારની તાકાત આપે છે અને માનવીમાત્રને નીરોગી બનાવે છે.

ઘી-જીરાનો વઘાર કેવો સરસ લાગે છે! એની સુગંધ જ્ઞાનતંતુઓને ઉત્તેજિત કરી પાચક રસોને વહેવડાવે છે. જે પૂર્વજોએ અન્નસંસ્કાર માટે જીરું શોધી કાઢ્યું તેની બુદ્ધિ માટે માથું નમે છે.

(શ્રી બાપાલાલ વૈદ્ય, ચિકિત્સક, ઔષધાકર વગેરે ઉપરથી સંકલિત)

કંપની, કૉર્પોરેશન અને કો-ઑપરેટિવ

આજકાલ પ્લૅનિંગ ચાલે છે તેમાં ઉપરના ત્રણ કક્કા બહુ આવ્યા કરે છે. (લિમિટેડ) કંપની એટલે ખાનગી 'સેક્ટર'; કૉર્પોરેશન એટલે સરકારી—જાહેર 'સેક્ટર'; અને કો-ઑપરેટિવ એટલે આમ-પ્રજાનો સહકારી 'સેક્ટર'. આ ત્રણ રીતે ઉદ્યોગ-સંગઠન થઈ શકે છે. કયા ઉદ્યોગનું કઈ રીતે કરવું એ આજે મોટો પ્રશ્ન બન્યો છે.

લિમિટેડ કંપની 'એજન્સી' કે ખાનગી માલિકીની પ્રથા દ્વારા કામ કરે છે. તેથી તેનો નફો ખાનગી જતો રહે છે; સમાજ તેનો લાભ ખૂએ છે. પણ આમ ખાનગી નફો ખાટનાર વર્ગ એમ કહે છે કે અમે અમારી અક્કલ-હોશિયારીથી સાહસ કરીએ છીએ, તો લાભ મળે છે; અમે કાંઈ અનૂતનું નથી ખાતા. આવી સ્વતંત્રતા તે લોકશાહી રાજ્યમાં અમારો હક છે. તે જો ફેરવી કાઢો, તો સમાજવાદ, સામ્યવાદ કે બહુ-મતી–બળવાદ આવશે અને તેના આશરે સરકારી નોકરશાહી જ ખરું રાજ્ય ચલાવશે. આ વસ્તુ સ્વતંત્રતાની દૃષ્ટિએ ભારે અનિષ્ટ છે.

આપણે ત્યાં 'સમાજવાદી ઢબ' કહેવાતી અર્થનીતિ સરકારે હાથ ધરી છે. તેણે કેટલાક ઉદ્યોગો સરકાર હસ્તક શરૂ કર્યા છે. જેમકે લોખંડ, રસાયણી ખાતર, જિંદગીનો વીમો વગેરે. તે ચલાવવા માટે એ કાયદા દ્વારા સનંદી 'કૉર્પોરેશન' રચે છે અને એ કૉર્પોરેશનને સરકારી એ જાહેર ઉદ્યોગ સુપરત કરે છે. તેણે નીમેલા નોકરો એ કામ સંભાળે છે. જાહેર કે સરકારી 'સેક્ટર' આમ પેદા થવા લાગ્યું છે.

આ 'સેક્ટર' પર પેલા ખાનગી સાહસવાળાઓનું ખાસ શર-સંધાન ચાલે છે. તેમને એમ લાગે છે કે, આજે એક ઉદ્યોગની વારી તો કાલે બીજાની; એમ કરતાંકરતાં રાજ્યસત્તાને જોરે આ સરકારી 'મગર' બધા ઉદ્યોગોને ગળી જાય! આ આપત્તિ સામે એક બાણ એ ફેંકાય છે કે 'સરકારી કૉર્પોરેશન સારું જ અને કિફાયતથી જ ચાલશે એમ નથી. એના કરતાં અમે સારું કામ કરીએ છીએ.' આનો જવાબ સરકારી મોટા મોટા વહીવટદારો આપે છે કે ના, તે બાબતમાં સરકારી કૉર્પોરેશન ચડે છે. સામેથી 'મુંદડા પ્રકરણ' ટાંકી કેટલાક હસે છે.

આમ, આ બે 'સેક્ટરો' આજે આપણા આર્થિક આયોજન-ક્ષેત્રે આખડી રહ્યાં છે. સમાજવાદની દ્વૈતવાદી વિચારસરણી જ એવી છે કે, આમ બને. આથી કરીને દેશના રાજકારણમાં એ ધોરણે પક્ષાપક્ષી અને રાજ્યસત્તાના કબજાને માટે પડાપડી જાગે છે. કૉંગ્રેસ પણ તેથી ગાંધીજીનો સર્વોદય-વિચાર છોડી દઇને સમાજવાદી રવાડે ચડી છે.

પરંતુ હિંદ પશ્ચિમના યંત્રોદ્યોગ-પ્રધાન દેશ જેવો નથી; તે કૃષિ-પ્રધાન ગ્રામીણ દેશ છે. અને કૃષિ વગર ચાલે એમ નથી, કેમ કે ખાવા અન્ન તો જોઇએ જ. તેથી પશ્ચિમની સમાજવાદી દૃષ્ટિ માનતાં છતાં, સરકારી આગેવાનોને કહેવું પડે છે કે, હિંદમાં સૌપ્રથમ ધ્યાનપાત્ર વાત ખેતી છે; તેનું ઉત્પાદન વધારીને તેને સંગીન પાયા પર મૂક્યા વિના છૂટકો નથી. આથી હવે તેને માટે સહકારી પદ્ધતિનો રસ્તો પકડવો જોઇએ, એમ ઠરાવ થયો છે તેને માટે હવે સહકારી 'સેક્ટર' ખીલવાશે.

ખાનગી માલિકી કે સાહસના હિતધારીઓ આ સામે યે તાત્ત્વિક દલીલ કરે છે કે આમાં સ્વતંત્રતાનો લોપ થશે. શ્રી. રાજાજીએ એ અંગે એવું કહ્યું છે કે 'કુટુંબ અને ખેતરની રક્ષા માટે પ્રજા કટિબદ્ધ થાય.' આ આર્થિક ફેરફારથી તેમને એમ લાગે છે કે તેની અસર તળે હિંદનું કુટુંબજીવન છે તેવું નહિ રહે. જૂની આંખ તેમાં નરક નહિ તો ય ભય જુએ છે, અને નવી આંખ તો તેમાં સ્વર્ગ જ જોતી લાગે છે.

આજના રાષ્ટ્રવ્યાપી ઉદ્યોગ-વિકાસમાં ખાનગી સાહસવાળાએ ગાંધીજીની ટ્રસ્ટ-દૃષ્ટિ ધરાવવી જોઇએ; કેમકે ત્યાં કોઈ કૉર્પોરેશન સરકાર રચી શકવાની નથી, એટલે તેના ઉપર એણે ગિન્નાઈ બેસવાનું છે નહિ. અને સરકારે પણ તેની 'સમાજવાદી' નજર છોડીને પ્રજાકીય સર્વોદયની જરૂર સમજવી જોઇએ. સમાજવાદનું જોર વધારવા તાકતા 'જિંજર ગ્રૂપ' કે 'તીખી ટોળી'નું નવજવાન મંડળ શહેરી યંત્રોદ્યોગવાદ-વાળું વધારે છે; તે જો સરકારને ખેંચ્યા કરે તો ગ્રામીણ ખેડુપ્રજાનું ગ્રામજીવન-વિકાસ-ક્ષેત્ર રહી જાય. જેમ આદિવાસી જીવન પરત્વે અમુક નિરાગ્રહી સુધારદૃષ્ટિ રાખવી ઘટે એમ માનીએ છીએ, તેમ જ હિંદના ગ્રામજીવન પરત્વે પણ તેને માટે સન્માનદૃષ્ટિની જરૂર છે, કે જે અર્વાચીન સુધારાના પવનમાં ઊડનારા કદાચ ભૂલી જાય. (નવજીવન)

સમુદ્રની ભરતી વડે વીજળી

સમુદ્રમાં છોળો ભરતી આવતી ભરતીની પ્રચંડ શક્તિને વીજળીક શક્તિમાં ફેરવી નાખવાના પ્રયોગો હવે થાય છે. શ્વેત સમુદ્રના અખાતોને ભરતીની શક્તિથી ચાલતાં વીજળી મથકો બાંધવા માટે વધુ શકયતા ધરાવે છે. દાખલા તરીકે મેઝેનના અખાતમાં જો ૧૦૦ કિલોમીટર લાંબો અને ૨૦ કિલોમીટર ઊંચો બંધ બાંધવામાં આવે તો એના અંદરના ભાગમાં ૧,૫૦૦ જેટલાં ટર્બાઇનો ગોઠવી શકાય.

પ્રાચીનકાળમાં ગ્રીક વૈજ્ઞાનિકોએ એવું સિદ્ધ કર્યું હતું કે, અત્તરો અને સુગંધીઓનો પ્રભાવ મગજ તથા પાચનક્રિયા પર સ્વસ્થકર હોય છે. અને સુગંધ ફક્ત સ્વાસ્થ્ય માટે માત્ર આવશ્યક ચીજ જ નહિ પણ રોગઉપચાર પણ છે. લગભગ ૩૨૫ વર્ષ પહેલાં પ્રો. ગસ્ટન ગેગરે આ સંબંધમાં કેટલાક પ્રયોગો કરી સિદ્ધ કર્યું હતું કે, સુગંધીઓના ઉપયોગથી આંખ, નાક, કાન, મગજ અને પાચનક્રિયાના અવયવો પર ખૂબ પ્રભાવ પડે છે. કેટલીક સુગંધો અનેક પ્રકારના રોગના જંતુઓનો નાશ કરવાની શક્તિ ધરાવે છે. કૉલેરા, મરડો, પ્લેગ, ટાઇફૉઈડ આદિ રોગોના કીટાણુઓનો સુગંધ સહેલાઈથી નાશ કરે છે. (ગુ. સ.)

આ માસ (જુલાઇ) ઈતિહાસમાં: વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : છોટુભાઈ પુરાણી

બલ, તેજ ને વીર્યની ઉપાસના વડે ગુજરાતમાં શક્તિનું પ્રથમ આવાહન કરનાર અને



ક્રાંતિની ભાવનાથી રંગાએલા મૂક દેશસેવક છોટુભાઈ પુરાણીનો જન્મ મોસાળ ડાકોરમાં માતામહ રેવાશંકર જગન્નાથ જોશીને ત્યાં, ઈ. ૧૮૮૫ની ૧૩મી જુલાઇએ થએલો. પિતા બાલકૃષ્ણ નરભેરામે જામનગરની અંગ્રેજી શાળાના પહેલા આસિસ્ટંટ માસ્તર તરીકે લાગટ ૨૩ વર્ષ કામ કરેલું. એમનાં પહેલાં પત્ની પરસનબાથી છોટુભાઈ અને જગન્નાથ બે પુત્રો, અને બીજાં પત્નીથી અંબુભાઇ–અંબાલાલ. એમની પોણા બે વરસની વયે માતા ગુજરી જતાં માતામહીગંગામાની હૂંફમાંઊછરી૧૮૯૩માં પિતા પાસે જામનગર ગયા ને ત્યાં ૧૯૦૦માં જામ વિભાજી હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થઈ અમદાવાદની ગુજરાત કૉલેજમાં દાખલ થયા. ત્યાં પ્રીવિયસમાં હતા એવામાં જ પિતાનું અવસાન થયું. પણ એમની એકનિષ્ઠ ને દીર્ઘ સેવાને ધ્યાનમાં લઈ રાજ્યે છોટુભાઇને ૨૦ રૂપિયાની સ્કૉલર્શિપ બાંધી આપી. પણ પ્રથમથી જ રમતગમત અને ખેલકૂદના રસિયા, એટલે તેના અતિરેકને લીધે ઈન્ટરમાં નાપાસ થયા, પરંતુ બીજે વર્ષે કઠણ ખંત કેળવીને બીજા વર્ગ સાથે પાસ થઈ ગયા, અને પછી વડોદરા કૉલેજમાં ૧૯૦૩–'૪ વર્ષ દરમ્યાન દંડ, બેઠક, દોડ અને લાણું ફરવાના વ્યાયામથી શરીર ખડક જેવું દૃઢ બનાવ્યું. સાહસ અને હિંમતના પ્રસંગો પણ તેમણે ઘણા સેવ્યા હતા. સાથોસાથ બી.એ.ની પરીક્ષામાં બીજા વર્ગમાં પાસ થઈ વનસ્પતિશાસ્ત્રના વિષયમાં યુનિવર્સિટીમાં પ્રથમ આવી 'વાસુદેવ નારાયણ પ્રાઈઝ' મેળવ્યું. અને મુંબાઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી એમ.એ.ની પરીક્ષા પણ બીજા વર્ગમાં પસાર કરી. બાદ વડોદરા રાજ્યનાં રાજબાળકોની શાળામાં થોડા મહિના કામ કરીને કળાભવનમાં શિક્ષક તરીકે જોડાયા.

ઈ. ૧૯૦૪ થી '૧૦ના ગાળાની બંગભંગની ચળવળ દરમ્યાન હિંદભરમાં પ્રસરેલા રાષ્ટ્રમુક્તિના જુવાળના એક સંત્રી, વડોદરામાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે કામ કરતા શ્રી અરવિંદ ઘોષનાં વિશ્વાસુ સલાહ અને માર્ગદર્શન મેળવીને તેમના ભાઇ વારીન્દ્રકુમાર પાસે તેમણે દેશભક્તિની દીક્ષા લીધી : 'હું આ દેશની સેવા કરે, દેશને મુક્ત કરવા સર્વસ્વ આપે એવા ઓછામાં ઓછા દસ માણસો તૈયાર કરીશ.' એ વચનપાલનનું પ્રથમ સોપાન હતું તરુણ ગુજરાતનું દેહઘડતર. એમના એ 'પુરાણી–મંડળ'માંના કેટલાક હતા : સર્વશ્રી નાજુકલાલ ચોકસી, અંબાલાલ પુરાણી, કેસરલાલ દીક્ષિત, યશવંતરાવ જોષી, નટવરલાલ ભગવતી, ચંદ્રશંકર ભટ્ટ, દિનકર પંડયા, રાવજીભાઈ પટેલ, બાપાલાલ વૈદ્ય, દ્વારકાનાથ હરકારે, કાશીભાઈ પટેલ, હરિલાલ માસ્તર, ડૉ. ચંદુલાલ. ટેકરી–યુદ્ધ ને ગેરિલ્લા–યુદ્ધ જેવી લશ્કરી તાલીમની તદબીરોનો યે મંડળની પ્રવૃત્તિમાં સમાવેશ થતો.

૧૯૧૦ના નવેમ્બરમાં તેઓ લાહોર દયાનંદ ઍંગ્લો-વેદિક કૉલેજમાં વનસ્પતિ ને જીવવિજ્ઞાનના અધ્યાપક તરીકે ગયા, ત્યાં પણ જુવાનોમાં તેમણે ક્રાંતિનો જુસ્સો ફેલાવ્યો. ૧૯૧૬માં ફરી તેઓ વડોદરાની નોકરીએ ચડી ગયા, અને પછી ત્યાંથી યે રાજીનામું આપીને સ્વાશ્રયી નાગરિકો ઘડતી રાષ્ટ્રીય કેળવણીના અભિનવ પ્રયોગ સમા 'ભરૂચ કેળવણી મંડળ'નું કામ શરૂ કરવા ભરૂચ ગયા. ગુજરાત વિદ્યાપીઠ નીકળતાં તે મંડળ તેની સાથે જોડાઈ ગયું. મૉન્ટેસોરી શિક્ષણ પદ્ધતિનું ગુજરાતી ભાષામાં સૌપહેલું પુસ્તક તેમણે પ્રકટ કર્યું હતું.

'પુરાણી-મંડળ'ની નેમ શ્રી અરવિંદના પરામર્શ મુજબ હવે રચનાત્મક રાષ્ટ્રીય પ્રવૃત્તિની રહી. નાગપુર ધ્વજ સત્યાગ્રહ, '૩૦-'૩૧ની અને '૪૨-'૪૫ની ચળવળના કૉંગ્રેસના કાર્યક્રમોમાં તેમણે ઉજ્જવલ રાષ્ટ્રીય સેવા બજાવેલી. '૪૨ની લોકક્રાન્તિ વખતે તેમણે કરેલી જીવસટોસટની મુક્તિસેવા યુવાનોને પ્રેરક છે. ૧૯૪૫માં કૉંગ્રેસની કાર્યપદ્ધતિ સાથે મતભેદ થવાથી તે સમાજવાદી પક્ષમાં ભળ્યા ને તેના ગુજરાત વિભાગના મંત્રી બન્યા. ઈ.૧૯૫૦ની ૨૨મી ડિસેમ્બરે તેમનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૨ હોમિયોપથીનું વૈદકવિજ્ઞાન ઊભું કરનાર સૅમ્યુઅલ હાનેમાનનું અવસાન, ૧૮૮૩.
તા. ૩ હિંદના પ્રાંતોના પ્રજાકીય શાસનના નવા બંધારણનો ખરીતો બહાર પડયો, ૧૯૩૯.
તા. ૪ વિજ્ઞાનક્ષેત્રે રેડિયમની ક્રાંતિકારી શોધ કરનાર માદામ ક્યૂરીનું અવસાન, ૧૯૩૪.
તા. ૫ આફ્રિકામાં બ્રિટિશ રાજ્ય સ્થાપનાર રાજપુરુષ સેસિલ ર્‌હોડ્ઝ જન્મ્યો, ૧૮૫૩.
તા. ૮ ૧૯મી સદીના મહાન ને સુપ્રતિભ અંગ્રેજ કવિઓ પૈકીનો એક શેલી ડૂબી મૂઓ, ૧૮૨૨.
તા. ૧૩ ફ્રાન્સના રાજદ્વારી ગુનેગારોની ગોઝારી જેલ બાસ્તીલનો પ્રજાએ વિનાશ કર્યો, ૧૭૮૯.
તા. ૧૫ છાયાપ્રકાશના કીમિયાગર ગણાતા ડચ ચિત્રકાર રેમ્બ્રાંનો લી દાં સુકામે જન્મ, ૧૬૦૭.
તા. ૧૯ આવકવેરો—'ઇન્કમ ટૅક્સ' હિંદુસ્તાન ખાતે પહેલી વાર અમલમાં મુકાયો, ૧૮૬૦.
તા. ૨૦ બંગાળના ભાગલા પાડી લૉર્ડ કર્ઝને તેની રાષ્ટ્રીયતા પર કાપ મૂકવા પ્રયાસ કર્યો, ૧૯૦૫.
તા. ૨૧ તેજસ્વી અને પ્રતિભાવાન આઇરિશ નાટ્યકાર જ્યૉર્જ બર્નાર્ડ શૉનો જન્મ, ૧૮૫૬.
તા. ૩૧ ગિલ્વેલના સ્વ. રૉબર્ટ બેડન–પૉવેલે બૉય-સ્કાઉટની પદ્ધતિ અમલમાં મૂકી, ૧૯૦૮.

પ્રસંગવિશેષ : દારાનો વધ, ૨૮મી જુલાઇ ૧૬૫૯

ઔરંગઝેબની ઝનૂની રાજ્યલાલસાનો પ્રથમ કરુણ ભોગ—તેના પિતા શાહજહાંથી યે પહેલાં બન્યો હતો તેનો ઉદાર અને સમભાવી મોટો ભાઈ દારા શિકોહ. જીવ બચાવવા અને રહીસહી રાહત મેળવવા નિર્વાસિત બનીને નાસભાગ કરતો દારા ગુજરાત આવ્યો. ત્યાં સૂબો શાહનવાઝ તેને મળ્યો. એ બંનેએ મળીને દેવરાઈ ખાતે ઔરંગઝેબ સામે લડાઇ કરી (૧૨–૧૪ માર્ચ ૧૬૫૯), એમાં મારવાડનો રાજા જશવંતસિંહ પણ ભળ્યો હતો, પરંતુ એને ઔરંગઝેબે ફોડયો. આથી હાર પામીને ફરી નાસભાગ કરતો તે અમદાવાદ ને કચ્છ થઇને સિંધ ગયો. વાટમાં તેણે અસહ્ય કષ્ટ અને હાડમારી વેઠયાં. અંતે, કંદહાર થઇને ઈરાન જઈ શાંતિનો શ્વાસ લેવા માગતો દારા બોલનઘાટથી નવ માઈલ પૂર્વે આવેલા દાદર પ્રદેશના વડા, જીવનખાન પઠાણને ત્યાં ઊતર્યો. વિશ્વાસઘાતી જીવનખાને દગો કર્યો (૯મી જૂન), અને દારા, તેની બે પુત્રીઓ તથા પુત્ર શિપિર શિકોહને કેદ કરીને તેણે બહાદુરખાન પાસે મોકલાવ્યાં, જેણે તેમને ઔરંગઝેબને હવાલે કર્યાં. ઔરંગઝેબે દારાને ભિખારી જેવાં કપડાં પહેરાવીને એક નાની, ગંદી હાથણી પર સવાર કરાવી દિલ્હી શહેરની ગલીએગલીએ ફેરવ્યો. પછી તેનું નસીબ નક્કી કરવા દરબાર ભરવામાં આવ્યો, જેમાં તેને રાજદ્રોહી અને ધર્મદ્રોહી ગણાવીને દેહાંતદંડની સજા ફરમાવવામાં આવી. તે મુજબ ઈ. ૧૬૫૯ની ૨૮મી જુલાઇની રાતે તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો.

દન દન દોડે મોર્ચે, દોટું દે બળની બધી
(પણ) દહરાને દિ' ઓટ, એ ઘોડાં શા કામનાં!

બિહારના ધરતીકંપ વેળા એક ગરીબ વાંસ-ફોડિયણ માતા, પોતાનાં પાંચ નાનાં બાળકોને ઘરબહાર ધકેલી દઈ છેલ્લા થોડા માસના બચ્ચાને લેવા ઘરમાં પેઠી ત્યાં ભીંત પડતી દીઠી. બાળકને છોડી નાસવાને બદલે એ વીરમાતાએ વાંકા વળીને પોતાના શરીરનું છત્ર બાળક પર ધરી દીધું. એની પીઠ ભાંગીને ચૂરા થઇ ગઇ પણ બાળક બચી ગયું.

અનેકાર્થી શબ્દ : **રક્ત**=લોહી; લાલ, રાતું; રાતો રંગ, ખોરાકનો પરિપકવ લાલરસ; આસક્ત; કસુંબો; કેસૂડાનું ફૂલ; પતંગનાં થહો-કમાન; પરાગ; પ્રેમ; બપોરિયો; હિજ્જલવૃક્ષ; હિંગળો; કમળ; કેસર; જૂનાં પાકેલાં આમળાં; તાંબું; લાલ ચંદન; સિંદૂર; પ્રિય; રચ્યુંપચ્યું, તલ્લીન; રમતિયાળ; રંગેલું; સાફ કરેલું; સુંદર; એક જાતનો વીંછી; એક જાતનો દેડકો; એક જાતનું માછલું; એક છંદ.

કહેવતોના અર્થ : 'ગામ ભાંગીને ચોરાશી કરવી.'–અનીતિ-માર્ગે લખલૂટ દોલત કમાયા બાદ એ અધર્મના નિવારણ અર્થે કે જગતમાં જશ કમાવા માટે થોડું ઘણું ધર્મકૃત્ય કે દાન-ધર્મ કરવા નીકળનાર માટે વપરાતી આ કહેવતનો અર્થ તો સ્પષ્ટ છે. એને મળતી બીજી કહેવતો : 'ભેંશ ચોરીને ખીલાનું દાન કરવું'; 'એરણની ચોરી ને સોયનું દાન;'

રાંપની ચોરી કરે, કરે સોયનું દાન,
ઊંટ ચડી જોયા કરે, કેમ ના'વ્યું વિમાન.



દૂધ કાંઈ એકલી પ્રાણિજ પેદાશ જ નથી. વનસ્પતિનાં દૂધ (દાખલા તરીકે નાળિયેરી, તાડ, સોયાબીન વગેરે)માં પણ ગાયના દૂધ જેટલી જ ચરબી તથા આલ્બ્યુમેન હોયછે અને ગરમ પ્રદેશના વતનીઓ તે ભરપટ્ટે વાપરે છે.



કલાકણિકા : સાત ધ્યાની બુદ્ધના રચેલા મુકુટ-વાળી બોધિસત્ત્વની તિબેટી ધાતુમૂર્તિ

માણસને જે કંઈ મળે છે
તે વિચારોથી નહિ પણ
વિચારોના અમલથી.

આનંદમાં હો ત્યારે જમો અને જમો ત્યારે આનંદમાં રહો; નહિ તો ખાધું બરોબર પચશે નહિ.

સિગરેટને હવાઇ જતી અટકાવવી હોય તો સજ્જડ ઢાંકણાની પતરાની કે લાકડાની ડબ્બીમાં મૂકી તેની સાથે ચાલુ ચાની થોડી પાંદડીઓ મૂકી રાખશો તો એ ભેજ શોષી લેશે.



'તમારે ચાંકલેટનું કારખાનું છે તેથી કંઈ મારી મોટી બેન તમને પરણવા તૈયાર નહિ થાય, ...પણ હું તૈયાર છું!'

ચોમાસાના દિવસોમાં પારસલો પર કરેલાં શાહીનાં સરનામાં પર મીણ-બત્તી જરા જોરથી ને એકસરખી ઘસી લેવાથી અક્ષરો રેળાઇને બગડશે નહિ.



સૌથી વાંકીચૂંકી વહેનારી દુનિયાભરની નદીઓમાં પૅલેસ્ટાઇનની જૉર્ડન મોખરે છે. ગૅલીલીના સમુદ્રમાંથી નીકળી મૃત સરોવરને મળતાં, ઉપર દર્શાવેલી રીતે ૨૦૦ માઇલની સફર એ કરે છે, જ્યારે એ બંને વચ્ચેનું સીધું અંતર માત્ર સાઠ માઇલનું છે!